નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

હેપ્પી નવરાત્રિ

ગુરૂવાર 29 સપ્ટેમ્બર 2022 | આસો સુદ 04, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 21 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


## ખેલ-મહાઆરતી-લોકાર્પણ-ખાતમુહૂર્તોની સાથે ચૂંટણીઓની તૈયારીઓ

# મોદીમય ગુજરાત

# વડાપ્રધાનના આજથી બે દિવસ ગુજરાતમાં ધામા, મિશન 2022

## કોંગ્રેસના ગઢ બનાસકાંઠામાં 7 હજાર કરોડના કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્તો

ગુજરાત | વંદન

ગુજરાતની ચૂંટણીઓ જાહેર થાય તે પહેલા 18 ઓક્ટોબરના રોજ ગાંધીનગરમાં આયોજિત ડિફેન્સ એક્સપોનું છેલ્લું સરકારી ઉદ્ઘાટન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ 29 સપ્ટેમ્બરથી બે દિવસ માટે ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. બે દિવસના ભરચક કાર્યક્રમોમાં અમદાવાદ, ભાવનગર અને સુરત ઉપરાંત કોંગ્રેસના ગઢ ગણાતા બનાસકાંઠામાં પણ સંખ્યાબંધ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. એકલા બનાસકાંઠામાં જ 7.9 હજાર કરોડના કાર્યક્રમોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાની સાથે તેઓ નવલી નવરાત્રિમાં શક્તિપીઠ અંબાજીની પણ મુલાકાત લઈને મહાઆરતી કરશે. વડાપ્રધાનની આ મુલાકાતને એટલા માટે સૂચક માનવામાં આવી રહી છે કેમ કે, ડિફેન્સ એક્સપોના ઉદ્ઘાટન બાદ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખ જાહેર થવાની છે. ગુજરાતમાં કેટલા મતદાન મથકો, કેટલા મતદારો વગેરેની મહત્વની માહિતી દેશના મુખ્ય ચૂંટણી અધિકારી રાજીવ કુમાર દ્વારા ગાંધીનગરમાં જાહેર કરવામાં આવી છે. તેમણે માત્ર ચૂંટણીની તારીખ જાહેર કરવાનું બાકી રાખ્યું છે. તેમની આ મુલાકાતને પણ એજ રીતે જોવામાં આવી રહી છે કે, ચૂંટણીઓ ડિસેમ્બરને બદલે નવેમ્બર માસમાં પૂર્ણ થાય એવા આયોજન સાથે ચૂંટણી પંચ આગળ વધી રહ્યું છે.

ઉત્તરપ્રદેશના પરિણામો બાદ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત તરફ ધ્યાન કેન્દ્રિત કરીને ઉપરા-ઉપરી મુલાકાતો લઈને કાર્યક્રમો યોજ્યા છે કરોડો-કરોડો રૂપિયાની યોજનાઓનું લોકાર્પણ કરવાની સાથે નવી યોજનાઓના ખાતમુહૂર્તો પણ કર્યા છે. વડાપ્રધાન 29મીએ 36મા નેશનલ ગેમ્સનું રમોત્સવને પણ ખુલ્લુ મુકશે. ગુજરાતમાં નેશનલ ગેમ્સ પહેલીવાર યોજાઈ રહી છે. ડિફેન્સ એક્સપોને પણ એજ દ્રષ્ટિકોણથી જોવામાં આવી રહ્યું છે.

...અનુસંધાન પેજ નં. 6 પર




## આજે પીએમ નરેન્દ્ર મોદી 36મી નેશનલ ગેમ્સને ખુલ્લી મુકશે

આજે તા.29 સપ્ટેમ્બરથી 10 ઓક્ટોબર દરમિયાન 36મી નેશનલ ગેમ યોજાવાની છે. આ ગેમ્સમાં ગુજરાતના 7 મહાનાગરમાં 36 જેટલી રમત માટે 7000 વધુ ખેલાડીઓ ભાગ લેવાના છે. અમદાવાદમાં મોટેરા ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ નેશનલ ગેમ ભવ્યાતિ ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાશે. જે રંગારંગ સમારોહમાં દોઢ લાખ રમતપ્રેમીઓ અને ખ્યાતનામ ખેલાડીઓ ઉપસ્થિત રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ઉદઘાટન સમારોહમાં બોલીવુડના ટોચના કલાકારો ઉપરાંત અભિનેત્રીઓ ઉપસ્થિત રહે તેવી શકયતાઓ છે. આ સાથે જાણીતા ક્રિકેટરો અને જાણીતા ખેલાડીઓ પણ ખાસ હાજર રહેશે.

## મોંઘવારી ભથ્થામાં 4%નો વધારો, મફત અનાજ યોજનાનો કાર્યકાળ 3 મહિના લંબાવાયો



■ તહેવારોની સિઝનમાં સરકારની કેન્દ્રીય કર્મચારીઓ-પેન્શનરોને મોટી ભેટ

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે કર્મચારીઓને દિવાળીની મોટી ભેટ આપી છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કરાયો છે. તેમજ મફત અનાજ યોજનાનો કાર્યકાળ વધુ ત્રણ મહિના માટે લંબાવાયો છે. આ નિર્ણય કેબિનેટ બેઠકમાં લેવાયો છે. સરકારે એક કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સને દિવાળીની ભેટ આપી છે. પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં મોંઘવારી ભથ્થું વધારવાનો નિર્ણય લેવાયો છે. મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કરાયો છે. મોંઘવારી ભથ્થુ 34 ટકાથી વધારીને 38 ટકા કરાયું છે. આ વધારો જુલાઈથી લઈને ડિસેમ્બર 2022 સુધી લાગુ પડશે. આ વધારો 7માં કેન્દ્રીય પગાર પંચની ભલામણથી સ્વીકૃત ફોર્મુલા આધારે સ્વીકારાયો છે.

હાલમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને 34 ટકાના દરે મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે. પરંતુ બેકબ્રેક મોંઘવારીને જોતા સરકારે તેમાં 4 ટકાનો વધારો કરીને 38 ટકા કર્યો છે. કેન્દ્રીય કર્મચારીઓને ઓક્ટોબરના પગારની સાથે નવા મોંઘવારી ભથ્થાની

...અનુસંધાન પેજ નં. 6 પર


Open a Free Demat A/c* with mastertrust

બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 56,598.28 | 16,858.60 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| એશિયન પેઇન્ટ | 3,570.65 |
| સનફાર્મા | 917.85 |
| ડો. રેડ્ડી | 4,269.70 |

ટોપ લુઝર્સ

| | |
|---|---|
| હિન્ડાલ્કો | 360.75 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 616.50 |
| આઈટીસી | 324.95 |

mastertrust® BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 50,870 | 55000 |


## ખબરદાર, જો ભારતની તરફ આંખ ઉઠાવીને જોયું તો આંખ નોંચ ડાલેંગે....!



નારી તું નારાયણી અને એ જ નારી જ્યારે રણચંડી બનીને યુદ્ધના મેદાનમાં ઉતરે ત્યારે ભલભલા અસુરો થથરી જાય. ભારતીય એરફોર્સમાં હવે લડાકુ મહિલા પાયલટ પણ કદમ સે કદમ મિલા કે દુશ્મનનો દાંત ખાટા કરવા મેદાને ઉતરી છે. તસવીરમાં જે ત્રણ લડાકુ મહિલા પાયલટ જણાય છે, તેઓએ આધુનિક લડાકુ વિમાન સુખોઈ ચીનની સરહદે ઉડાડીને ડ્રેગનને ચેતવણી આપી છે, કે ખબરદાર જો ભારતની તરફ આંખ ઉઠાવીને જોયું તો આંખ નોંચ ડાલેંગે...એવા મિજાજમાં તેઓ આગવી અદામાં સુખોઈ વિમાન તરફ જતાં જણાય છે.

## ટ્રક અને બસ વચ્ચે ભીષણ ટક્કર, 8નાં મોત : 25 ઘાયલ

■ ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી જિલ્લામાં વહેલી સવારે ગમખ્વાર અકસ્માત



ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી જિલ્લામાં બુધવારે વહેલી સવારે માર્ગ અકસ્માતની ઘટના સામે આવી હતી. ઈસાનગર પોલીસ સ્ટેશન વિસ્તારની ખમરિયા પોલીસ ચોકી પાસે શારદા નદીના પુલ પર ડઝનેક મુસાફરોને લઈ જતી એક ખાનગી બસ અને ટ્રક સામસામે અથડાઈ હતી. આ અકસ્માતમાં બસમાં સવાર 8 લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં 25થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘણા લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખીમપુર ખેરી જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે. રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. ઘટનાની જાણકારી મળ્યા બાદ ભારે પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી ગયું છે અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. બીજી તરફ ડીએમ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓને વહેલી તકે ઘટનાસ્થળે પહોંચવા સૂચના સાથે યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય માટે આદેશ આપવામાં આવ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### દેશના નવા સીડીએસ તરીકે લે.જ. (રી.) અનિલ ચૌહાણની નિયુક્તિ



હેલીકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા દેશના પ્રથમ સીડીએસ બીપીન રાવત પછી ખાલી થયેલી સીડીએસની પોસ્ટ માટે પૂર્વ લેફ્ટીનેટ જનરલ અનિલ ચૌહાણની પસંદગી કરવામાં આવી છે.અનિલ ચૌહાણ દેશના બીજી સીડીએસ બન્યા છે. તેમણે ભારતીય સેનામાં 40 વર્ષ સુધી સેવા આપી છે. ઉલ્લેખનીય છે કે સીડીએસનો કાર્ય ત્રણેય સેનાના વડા તરીકે હોય છે.

### અયોધ્યામાં મુખ્યમંત્રી યોગીના હસ્તે સ્વ. લતા મંગેશકર ચોકનું અનાવરણ



દેશના મહાન ગાયિકા સ્વ.લતા મંગેશકરના નામ પર રાખવામાં આવેલ સ્મૃતિ ચોકનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી જી કિશન રેડ્ડી ચોકનું ઉદ્ઘાટન કર્યું. ચોકના ઉદઘાટન સમારોહમાં લતા મંગેશકરના ભત્રીજા અને પુત્રવધૂ પણ ઉપસ્થિત રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાનો વીડિયો સંદેશ આપ્યો.

## NIAના દરોડા બાદ ગૃહ મંત્રાલયની મોટી કાર્યવાહી

# વિવાદાસ્પદ સંગઠન પોપ્યુલર ફંડ ઓફ ઈન્ડિયા (PFI) પર પ્રતિબંધ

ગુજરાત | વંદન

ગૃહ મંત્રાલય દ્વારા વિવાદાસ્પદ સંગઠન પોપ્યુલર ફંડ ઓફ ઈન્ડિયા (PFI) પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દેશભરમાં છેલ્લા ઘણા દિવસોથી આ સંગઠન વિરુદ્ધ દરોડા પાડવામાં આવી રહ્યા હતા, ત્યારબાદ આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પીએફઆઈને ગેરકાયદેસર સંગઠન જાહેર કરીને તેને આગામી પાંચ વર્ષ માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ સાથે જ આ પ્રતિબંધ તેની સાથે જોડાયેલા અન્ય તમામ સંગઠનો પર પણ લાગુ થશે. અગાઉ NIA દ્વારા દેશભરના તમામ રાજ્યોમાં આ સંગઠન

...અનુસંધાન પેજ નં. 6 પર

### ઓપરેશન ઓક્ટોપસ હાથ ધરવામાં આવ્યું હતું



દેશભરમાં PFI વિરુદ્ધ શરૂ થયેલી કાર્યવાહીને ઓપરેશન ઓક્ટોપસ નામ આપવામાં આવ્યું હતું. આ અંતર્ગત પહેલા દેશના કેટલાક રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા, દિલ્હી, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને આસામમાં, સુરક્ષા એજન્સીઓ દ્વારા મહા દરોડામાં 170 થી વધુ PFI શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી હતી. આસામ અને મહારાષ્ટ્રમાં 25થી વધુ લોકોની, યુપીમાં 57, દિલ્હીમાં 30, મધ્યપ્રદેશમાં 21, ગુજરાતમાં 10 અને કર્ણાટકમાં 80 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## રેલવે કર્મચારીઓ આનંદો

## દશેરા પહેલા 78 દિવસના બોનસની આપી મંજૂરી

ગુજરાત | વંદન

કેન્દ્રીય કેબિનેટે બુધવારે રેલવે કર્મચારીઓ માટે 78 દિવસના પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ કહેતાં PLB ને મંજૂરી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આનાથી લગભગ 11 લાખ નોન-ગેઝેટેડ રેલવે કર્મચારીઓને ફાયદો થશે. આ જાહેરાતથી સરકારી તિજોરી પર રૂ. 2,000 કરોડનો વધારાનો બોજ પડશે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...



રાજ, મૈં ક્યા બોલતી હૂં, અબ બારિશ કી મોસમ ગઈ. ચુનાવ કા મોસમ હૈ છતરી રખ દો, કોઈ ભી પાર્ટી કા ઝંડા થામ લેંગે... કુછ તો મિલેગા...!

## સેન્સેક્સ 56600, નિફ્ટી 16900ની નીચે

# સતત છઠ્ઠા દિવસે શેરબજારમાં ધોવાણ, ડોલર સામે રેકોર્ડ સ્તરે ગબડ્યો રૂપિયો



ગુજરાત | વંદન

વિદેશી બજારોના નકારાત્મક વલણના દબાણ હેઠળ સ્થાનિક બજારમાં પણ ઘટાડો ચાલુ છે. છેલ્લા પાંચ દિવસમાં સેન્સેક્સમાં 3000 થી વધુ પોઈન્ટના ઘટાડા પછી, BSE સેન્સેક્સ અને NSE નિફ્ટી બુધવારે સતત છઠ્ઠા દિવસે નુકસાનના માર્ગ પર છે. લગભગ તમામ મોટી કંપનીઓના શેરમાં ઘટાડાને કારણે બંને મુખ્ય સૂચકાંકો બિઝનેસ શરૂ થતાંની સાથે જ મોટી ખોટમાં ગયા છે.

અંતમાં સેન્સેક્સ 509.24 અંક એટલે કે 0.89 ટકાના ઘટાડાની સાથે 56598.28 ના સ્તર પર બંધ રહ્યું હતું. જ્યારે નિફ્ટી 148.80 અંક એટલે કે 0.87 ટકા તૂટીને 16858.60 ના સ્તર પર બંધ રહ્યુ હતુ.વૈશ્વિક મંદીની ચેતવણી તથા ભારત પણ તેમાંથી બાકાત નહીં રહી શકવાની આશંકાનો ગભરાટ હતો. શુક્રવારે ભારતમાં વ્યાજદર વધારો જાહેર થવાનું અને ધારણ કરતા તે મોટો રહેવાની ભીતિ તથા વિદેશી નાણાં સંસ્થાઓની મોટી વેચવાલી જેવા કારણોથી પણ માનસ મંદીનું બની રહ્યું હતું.

...અનુસંધાન પેજ નં. 6 પર


KALPESH Astro SERVICES

KALPESH ASTRO SERVICES

M: +91 8866650725 +91 9998117416

WORLD FAMOUS ASTROLOGER

ONE CALL CAN CHANGE YOUR LIFE

KALPESH UPADHYAY (B.Sc)

Jyotir-Gyata , Jyotir Bhushan (HNGU)

✓ ASTROLOGER ✓ NUMEROLOGY

✓ MATCH MAKING ✓ VASTU CONSULTANT

✓ KUNDLI

"JUST CALL AND HEAR FROM OUR SIDE"
YOUR LIFE NEEDS POSITIVE CHANGES

kalpeshupadhyay41@yahoo.com
/kalpeshastroservices /AstrologerKalpeshUpadhyay
www.kalpeshastroservices.com www.kalpeshastro.com
321 Akshar Arcade, Opp. Memnagar Fire Station, Navrangpura, Ahmedabad. - 380009

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com




### વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે દર્દીઓની સેવાનો લાભ પણ મળશે

# અમિત શાહના હસ્તે ગાંધીનગરમાં 750 બેડ ધરાવતી આધુનિક હોસ્પિટલનો શિલાન્યાસ

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિત શાહે ગુજરાતની મુલાકાત લીધી હતી. આ દરમિયાન અમદાવાદમાં તેમણે ભાડજ સ્થિત ઓવરબ્રિજને ખુલ્લુ મુક્યુ હતું. ત્યારબાદ ઉમિયા માતા કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત 750 બેડની આદર્શ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું ભૂમિપૂજન તથા ગાંધીનગર જિલ્લાના કલોલમાં કામદાર વીમા યોજના અંતર્ગત સંચાલિત 150 બેડની આધુનિક હોસ્પિટલનો શિલાન્યાસ કર્યું હતું. ગાંધીનગરના નાગરિકોને મોટી ભેટ આપતા અમિત શાહે કહ્યું હતું કે, આગામી બે વર્ષમાં કલોલ અને આસપાસના નાગરિકો માટે આરોગ્યની આધુનિક સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ થશે. આદર્શ મલ્ટીસ્પેશાલિટી હોસ્પિટલની સાથે સાથે મેડિકલ કોલેજનું આયોજન પણ કરવા વ્યવસ્થાપકોને અનુરોધ કર્યો હતો. આવનારા સમયમાં કલોલને મેડિકલ કોલેજ મળશે તો ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓને મેડિકલ સાયન્સના અભ્યાસની સાથો સાથ દર્દીઓની સેવાનો લાભ પણ મળશે.

# બાયડ: કોંગી ધારાસભ્ય દ્વારા CMના સચિવની ઓફિસ બહાર ધરણાં

**■ વારંવાર CMને રજૂઆત કરવા છતાં રોડ-રસ્તાના જોબ નંબર ફાળવાતા નથી**

ગુજરાત | વંદન




ગુજરાત સરકાર પ્રજાના કામ કરે છે કે નહીં, તેનું ઉદાહરણ આજે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે જોવા મળ્યું હતું. ગ્રામ્ય વિસ્તારના કાચાં રસ્તા, તૂટેલા રસ્તાનું સમારકામ કરાવી પાકા રસ્તાઓ બનાવવા જોબ નંબર ના ફાળવાતા હોવાની માંગ સાથે બાયડના કોંગી ધારાસભ્ય જશુ પટેલ ધરણાં પર બેસી ગયા હતા.

ધારાસભ્ય જસુ પટેલે જણાવ્યું હતું કે, બે વર્ષમાં કુલ મળીને રૂપિયા 20 કરોડની રકમના રોડના જોબ નંબર સરકારે ફાળવ્યા નથી. મુખ્યમંત્રી અને અધિકારીઓને રજૂઆત કરી છતાં કોઈ સાંભળતું નથી. ટૂંક સમયમાં ચૂંટણી યોજાશે એવા સંજોગોમાં મારા મત વિસ્તારમાં કાચા રોડના જે કામ મંજૂર કર્યા છે, પણ જોબ નંબર ન ફળવતા કામ શરૂ થઈ શક્યા નથી. લોકોને હાલાકી પડી રહી છે જેથી જોબ નંબર મેળવવા માટે અંતે ધરણા પર બેસવું પડ્યું છે.

જશુ પટેલની માંગણી છે કે, તેમના મત વિસ્તાર બાયડમાં 20 કરોડના રોડ રસ્તાના જોબ નંબર ફાળવવામાં આવ્યા નથી. રોડ રસ્તાના જોબ નંબર ન ફળવતા કામ શરૂ થઈ શકતા નથી. ચોમાસા દરમિયાન બાયડ વિસ્તારમાં રસ્તાની ખરાબ સ્થિતિ છે. સ્થાનિકોની માંગણી આધારે ધારાસભ્યએ રસ્તા મંજૂર કરાવ્યા હતા છતાં બે વર્ષથી રોડના જોબ નંબર ના ફાળવતા ધારાસભ્યને સચિવની ઓફીસ સામે ધરણાં પર બેસવાની ફરજ પડી હતી.

બાયડના ધારાસભ્યના સમર્થનમાં ધારાસભ્ય બાબુભાઈ વાજા, ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, ધારાસભ્ય કાળુસિંહ ડાભી, ધારાસભ્ય ડો. કીરીટભાઈ પટેલ, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સમર્થનમાં જોડાયા છે.

# ગાંધીનગરમાં એસી બ્લાસ્ટ થતાં પિતા-પુત્રના મોત, પરિવારજનોમાં શોકનો માહોલ

**■ બપોરે રૂમમાં પિતા-પુત્ર સુઈ રહ્યા હતા ત્યારે એસીમાં થયો હતો બ્લાસ્ટ**

ગુજરાત | વંદન



ગાંધીનગરમાં એસી બ્લાસ્ટ થવાની ઘટના સામે આવી છે, જેમાં બે વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. ગાંધીનગરના પલિયડ ગામમાં રહેતા પરિવાર બંધ રૂમમાં હતા ત્યારે આ એસી બ્લાસ્ટ થવાની ઘટના બની છે. બપોરના સમયે આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ ઘટનામાં 42 વર્ષના યુવક અને તેમના દોઢ વર્ષના પુત્રનું મોત નિપજ્યું છે. બપોરે રૂમમાં પિતા-પુત્ર સુઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની છે. ગાંધીનગરના પલિયડ વિસ્તારમાં પિતા-પુત્ર બંધ રૂમમાં હતા ત્યારે અચાનક એસી બ્લાસ્ટ થયું હતું. આ દુર્ઘટનામાં પિતા-પુત્રનું મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફેલાયું છે. હાલ પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી રહી છે. હાલ એસીમાં કેમ બ્લાસ્ટ તે અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. આ ઘટના અંગે પોલીસ તપાસ કરી રહી છે. બંધ રૂમમાં એસી ફાટવાની દુર્ઘટના સામે આવતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

### ગાંધીનગરથી મુંબઈની વચ્ચે દોડશે સેમી હાઇસ્પીડ ટ્રેન




# ગાંધીનગર રેલવે સ્ટેશનેથી વડાપ્રધાન 'વંદે ભારત ટ્રેન'ને બતાવશે લીલી ઝંડી

**■ દેશમાં જ વિકસિત કરવામાં આવેલી 'KAVACH'ટેક્નીકથી સજ્જ પહેલી વંદે ભારત ટ્રેન**

ગુજરાત | વંદન

ગાંધીનગર, 27 સપ્ટેમ્બર, 2022: 29 અને 30 સપ્ટેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના હોમ સ્ટેટને વધુ એક મોટી ભેટ આપવા જઈ રહ્યા છે. વડાપ્રધાન 30 સપ્ટેમ્બરે રાજ્યની રાજધાની ગાંધીનગરથી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવીને તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, રેલવે રાજ્ય મંત્રી દર્શના જરદોશ પણ ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પરિવહન સુવિધાઓને સુદ્ઢ બનાવવા માટે નોંધપાત્ર કામગીરી કરી છે, ત્યારે આ વંદે ભારત ટ્રેન ગુજરાતના નાગરિકો માટેની પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધાઓમાં વધારો કરશે.

દિલ્હીના બે રૂટ્સ પર મોટી સફળતા પછી ભારતની પહેલી સ્વદેશી સેમી હાઈ સ્પીડ ટ્રેન હવે ગુજરાતના પાટા પર પણ દોડતી જોવા મળશે. ઉલ્લેખનીય છે કે થોડાક દિવસ પહેલા જ ગુજરાતમાં વંદે ભારત ટ્રેનનું સફળ ટ્રાયલ પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં શરૂ થનારી આ વંદે ભારત ટ્રેનને પહેલી વખત 'KAVACH' (ટ્રેન કોલાઈઝન અવોઈડન્સ સિસ્ટમ) ટેક્નીકથી લોન્ચ કરવામાં આવી રહી છે. આ ટેક્નીકની મદદથી બે ટ્રેનની સામસામે થનારી અથડામણ જેવી દુર્ઘટનાઓને હવે અટકાવી શકાશે. આ ટેક્નીકને દેશમાં જ વિકસિત કરવામાં આવી છે, જેના કારણે તેનો ખર્ચ ઘણો ઓછો છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા 2022ના બજેટમાં 2000 કિલોમીટર સુધીના રેલ નેટવર્કને 'કવચ' હેઠળ લાવવાની યોજના વિશે એલાન કરવામાં આવ્યું હતું અને માર્ચ 2022માં રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે તેનું સફળ પરીક્ષણ પણ કર્યું હતું.

## ઘણી વિશિષ્ટ છે વંદે ભારત ટ્રેન

■ સ્વદેશી સેમી-હાઈ સ્પીડના નામથી પ્રસિદ્ધ આ ટ્રેન 0 થી 100 કિમી પ્રતિ કલાક સુધીની ઝડપ માત્ર 52 સેકંડમાં પ્રાપ્ત કરી લે છે. આ ટ્રેનમાં મુસાફરોની સુવિધા માટે સ્લાઈડિંગ ફૂટસ્ટેપ્સ, ઉપરાંત ટચ ફ્રી સ્લાઈડિંગ ડોરની સાથે સ્વચાલિત પ્લગ દરવાજાઓ પણ લગાવવામાં આવ્યા છે. એસીના મોનિટરિંગ માટે કોચ કંટ્રોલ મેનેજમેન્ટ સિસ્ટમ, અને કંટ્રોલ સેન્ટર તેમજ મેઈન્ટેનન્સ સ્ટાફની સાથે કોમ્યુનિકેશન તેમજ ફીડબેક માટે GSM / GPRS જેવી આધુનિક ટેક્નીકનો ઉપયોગ કરવામાં આવે છે.

■ દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ પ્રકારના શૌચાલય અને સામાન્ય મુસાફરો માટે ટચ-ફ્રી એમેનિટિસવાળા બાયો વેક્યુમ ટોયલેટ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ રીતે, અંધ મુસાફરોની સુવિધા માટે સીટોમાં બ્રેલ લિપિની સાથે સીટની સંખ્યા પણ કોતરવામાં આવી છે, જેથી આવા મુસાફરો પોતાની સીટ્સ સુધી સરળતાથી પહોંચી શકે.

■ એટલું જ નહીં, આધુનિક ટેક્નિકની વાત કરીએ તો આ ટ્રેનમાં વધુ સારા ટ્રેન નિયંત્રણ વ્યવસ્થાપન માટે લેવલ-II સેફ્ટી ઈન્ટિગ્રેશન સર્ટિફિકેશન, કોચની બહાર રિયર વ્યૂ કેમેરા સહિત 4 પ્લેટફોર્મ સાઈડ કેમેરા, તમામ કોચમાં એસ્પિરેશન આધારિત ફાયર ડિટેક્શન અને સપ્રેશન સિસ્ટમ અને ઈલેક્ટ્રિકલ ક્યૂબિકલ્સ તેમજ શૌચાલયોમાં એરોસોલ આધારિત ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેસ સિસ્ટમ જેવા બહેતર અગ્નિશામક સુરક્ષા ઉપાયો કરવામાં આવ્યા છે.

### આયાતી ટ્રેનના અડધા ખર્ચમાં તૈયાર થઈ જાય છે વંદે ભારત ટ્રેન

વંદે ભારત એક્સપ્રેસે ભારતમાં મુસાફરીના એક નવા યુગની શરૂઆત કરી છે. માત્ર રૂ.100 કરોડના ખર્ચે બનનારી આ ટ્રેન સમાન સુવિધાઓ ધરાવતી આયાતી ટ્રેન કરતા લગભગ અડધા ખર્ચે બનીને તૈયાર થઈ જાય છે. માનનીય વડાપ્રધાનના 'મેક ઈન ઈન્ડિયા'દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને ટ્રેનની મુખ્ય સિસ્ટમ્સને ભારતમાં ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવી છે.

### ઓગસ્ટ 2023 સુધીમાં દેશભરમાં 75 વંદે ભારત ટ્રેન ચલાવવાનો છે લક્ષ્યાંક

ગુજરાતમાં ચાલનારી નવી વંદે ભારત એક્સપ્રેસ દેશની ત્રીજી વંદે ભારત ટ્રેન છે. અન્ય બે ટ્રેનો દિલ્હી-વારાણસી અને નવી દિલ્હી-શ્રી માતા વૈષ્ણોદેવી કટરાની વચ્ચે ચલાવવામાં આવી રહી છે. આઝાદી કા અમૃત મહોત્સવ સમારોહના એક ભાગરૂપે માનનીય વડાપ્રધાને ઓગસ્ટ 2023 સુધીમાં દેશભરમાં 75 વંદે ભારત ટ્રેન ચલાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.



# રૂપાલમાં વરદાયિની માતાજી મંદિરના સુવર્ણજડિત ગર્ભગૃહ, મુખ્યદ્વાર અમિત શાહના હસ્તે ખુલ્લા મૂકાયા



ગુજરાત | વંદન

બે દિવસ ગુજરાતની મુલાકાતે આવેલા અમિત શાહે ગાંધીનગર તાલુકાના રૂપાલ ખાતે નવરાત્રીના બીજા નોરતે વિશ્વ પ્રસિદ્ધ વરદાયિની માતાજીના મંદિરે શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા. બીજા નોરતે માતા બ્રહ્મચારીણીના આરાધનાના દિવસે માં વરદાયિનીના દર્શન અને સ્વર્ણ જડીત ગર્ભગૃહ દ્વાર ખુલ્લા મુકવાનો અવસર મળવા બદલ ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શાહે વરદાયિની માતાજીના મંદિરમાં નવનિર્મિત સ્વર્ણજડિત ગર્ભગૃહ અને મુખ્ય દ્વાર પણ લોકાર્થે ખુલ્લા મુક્યા હતા. આ સ્વર્ણજડિત ગર્ભગૃહ માટે રૂપાલના વતની બળદેવભાઈ જોઈતારામ પટેલે સોનાનું દાન કર્યું હતું. અત્રે સર્વવિદિત છે કે રૂપાલ ખાતેના વરદાયિની માતાજી મંદિર સાથે લાખો કરોડો લોકોની આસ્થા જોડાયેલી છે. નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે આરાધનાના દિવસે માં વરદાયિનીના દર્શન અને સ્વર્ણજડિત ગર્ભગૃહ દ્વાર ખુલ્લા મુકવાનો અવસર મળવા બદલ શાહે ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી.

### લાંચ લેતા રંગે હાથે ઝડપાયેલી નવી પેઢીની તલાટીના જીવનના પાને પાના રસદાર

# શિષ્ય-ગુરૂની જોડીનો લાંચ કાંડ : 1 લાખની લાંચ લેતા ઝડપાયેલી મહિલા તલાટી વૈભવી જીવન જીવે છે

**■ નોકરી તો હું શોખ ખાતર કરું છું અને 10 હજારથી ઓછી કિંમતના ચપ્પલ નથી પહેરતી**

ગુજરાત | વંદન

નર્મદા જિલ્લાના નરખડી ગ્રામપંચાયતની મહિલા તલાટી નીતા પટેલની 1 લાખની લાંચના કેસમાં સુરત એસીબી દ્વારા પકડી પાડવામાં આવી છે. આ સાથે જ લાંચની રકમ સ્વીકારનાર મહેશ આહજોલિયાને પણ ઝડપી પાડવામાં આવ્યો છે. આંગડિયા દ્વારા લાંચની રકમ સ્વીકારવાને લઈને આ કેસ હાલ ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જોકે ચોંકાવનારી બાબત એ છે કે તલાટી નીતા પટેલે ગાંધીનગરમાં જ્ઞાન એકેડમીનો સંચાલક મહેશ આહજોલિયાને લાંચની રકમ લેવા માટે ગોઠવ્યા હતા. નીતા પટેલ જ્ઞાન એકેડમીમાંથી જ પરીક્ષા આપીને તલાટી બની હોવાની ચર્ચા છે.

ઘટનાની વિગતો પ્રમાણે, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નરખડી ગામે પતરાના શેડવાળી ઓરડીઓમાં વીજ મીટર લેવાનું હતું. એ માટે નરખડી ગ્રામપંચાયતમાં ઘર નંબર ફાળવવા અને જરૂરી મંજૂરી મેળવવા ખેડૂતે અરજી કરી હતી. એ માટે તલાટી નીતાબેન મોકમભાઈ પટેલે 1 લાખની લાંચ માંગી હતી. જ્યારે તલાટી વતી મહેશભાઈ અમૃતભાઈ આહજોલિયાએ લાંચની રકમ આંગડિયા મારફત ગાંધીનગર ખાતે સ્વીકારી હતી. મહિલા તલાટીની લાંચ માગવાની સમગ્ર ચેઈનનો પર્દાફાશ કરીને સુરત એસીબીએ મહિલા સરકારી અધિકારી સહિત



ખાનગી વ્યક્તિ તરીકે મહેશ આહજોલિયાની ધરપકડ કરી હતી. જોકે નીતા પટેલે જણાવ્યું હતું કે હું નોકરી શોખ ખાતર કરું છું અને 10 હજારથી ઓછી કિંમતના ચપ્પલ નથી પહેરતી. આ રીતે ફરિયાદીને દમ મારી લાંચની રકમ ઓછી કરી ન હતી.

## Social Media























### દારૂ કટિંગનાં નેટવર્કનો પર્દાફાશ

# દહેગામનાં પાલૈયામાં સ્ટેટ મોનીટરીંગની ટીમનો દરોડો, 14.84 લાખનો દારૂનો જથ્થો જપ્ત

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં સ્ટેટ મોનીટરીંગની ટીમે પાલૈયા ગામની સીમમાં આવેલા બોર કૂવા પર રેડ કરી રૂ. 14 લાખ 84 હજારની કિંમતની 3 હજાર 484 વિદેશી દારૂની બોટલોનો જથ્થો ઝડપી પાડી દારૂના મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

ગાંધીનગરના દહેગામ પોલીસ મથકની હદમાં છેલ્લા ઘણા સમયથી વિદેશી દારૂનાં કટિંગની પ્રવૃતિ ફૂલીફાલી હોવા છતાં સ્થાનિક પોલીસ ઊંઘતી રહી હતી. એવામાં સ્ટેટ મોનીટરીંગ સેલના સુપ્રિટેન્ડન્ટ નિર્લિપ્ત રાયની



સૂચનાથી નાયબ પોલીસ અધિક્ષક કે ટી કામરીયાનાં સુપરવિઝન હેઠળ સ્ટેટ મોનીટરીંગની ટીમે પૂર્વ બાતમીના આધારે પાલૈયા ગામની સીમમાં જીતુભાઈ ઠાકોરના બોર કૂવા પાસેની ખુલ્લી જગ્યામાં એક ટ્રકમાંથી વિદેશી દારૂની 3 હજાર 484 નંગ બોટલોનો જથ્થો જપ્ત કરી મસમોટા દારૂ કટિંગનાં નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

## સરપ્રાઇઝ પાર્ટી રખાવી દીધી અને 50 તોલાથી વધુ સોનું ભેગું કરી લીધું હોવાની ચર્ચા

# રાજ્યના એક સિનિયર આઇપીએસની સરપ્રાઇઝ બર્થ ડે પાર્ટી ખાસ સાગરીતે યોજી, 50 તોલા સોનું ભેગુ કરી લીધું

ગુજરાત | વંદન

પાર્ટી હો તો ઐસી, એક આઈપીએસ ઓફિસરે તેના માણસ દ્વારા પોતાની જ જાણ સાથે સરપ્રાઇઝ પાર્ટી રખાવી દીધી અને 50 તોલાથી વધુ સોનું ભેગું કરી લીધું હોવાની ચર્ચા ચાલી રહી છે. ઓફિસેર પાર્ટીમાં એક પણ સરકારી કર્મચારીને બોલાવ્યા ન હતો. ટીકટોક સ્ટાર તરીકે ઓળખાતા ઓફિસરે પોતા સાગરીત દ્વારા તમામ કોન્ટ્રાકટરોને સુચના અપાઈ સોનું અને અલગથી મોઘીં ગીફ્ટ મેળવી લીધી હોવાનું ચર્ચાનો વિષય બન્યો છે. જોકે આ અંગે સરકારે પણ ગૃપ્ત રાહે તપાસ હાથ ધરી છે. જોકે સીધો ભ્રષ્ટાચાર નહી પણ અન્ય રીતે લીધેલા નાણાના ભ્રષ્ટાચાર જ કહેવાય હવે જોવાનું રહ્યું કે, સરકાર કોઈ કાર્યવાહી કરશે કે આ મુદ્દાને નજર અંદાજ કરશે.

સામાન્ય રીતે બર્થ ડે પાર્ટીમાં લોકો લાખો રૂપિયા ખર્ચ કરતા હોય છે પરંતુ તે પોતાની બર્થ ડે પાર્ટીમાં કરતા હોય છે ત્યારે ગુજરાતના એક સિનિયર આઈપીએસ ઓફિસર જે ટીક ટોક સ્ટાર તરીકે પ્રખ્યાત છે. તેઓએ થોડા સમય ઉપરાંત પોતાની જ સરપ્રાઇઝ બર્થ ડે પાર્ટી યોજાવવાનો પ્લાન બનાવ્યો હતો. આમ તો તેઓ સત્સંગની વાતો કરતા હોય છે પરંતુ તેઓ આનંદ માણનારા મીજાજના છે તે તમામ લોકો જાણે છે. જોકે તે સરકાર પણ જાણે છે. આ આઈપીએસ ઓફિસરના આમ તો વહિવટદાર એવા યો યો પાંડે નામના સાગરીત દ્વારા આ પાર્ટીનું આયોજન કરાયું હતું પાંડે તેમનો ખાસ માણસ છે અને તે આ આઈપીએસ ઓફિસરના કોણ પણ કામ પાર પાડે છે. તેમાં પાંડેએ આ આઈપીએસની કામગીરીના દાયરામાં આવતા તમામ કોન્ટ્રાકટરોને બોલાવ્યા હતા અને તેમને બોલાવીને પાંડે સુચના આપી હતી.જોકે સાહેબને સોનું મોઘું અને ગીફ્ટ નાની દેખાય તે રીતે પ્લાન કર્યો હતો અને પાંડેને સુચના આપી હતી કે, તમે તમામ જોડે બે તોલા સોનું મંગાવજો અને તેથી વધુ મંગાવી શકો તો તેમને હું કુશળ વહિવટદાર માની શકું તેમ છું. અને તમે બધાને કહેજો કે સાહેબને ખ્યાન નથી આ તો સરપ્રાઇઝ પાર્ટી છે. આમ કહી આઈપીએસએ પોતાની જ પાર્ટી સરપ્રાઇઝ યો યો પાંડે જોડે રખાવી હતી. આમ સાહેબની સુચના પ્રમાણે પાંડેએ તેમના નેજા હેઠળ બીલ પાસ કરાવવા આવતા તમામ કોન્ટ્રાકટરો અને વેપારીઓને બોલાવ્યા હતા. બાદમાં તમામને જાણ કરી હતી કે, સાહેબની બર્થ ડેની સરપ્રાઇઝ પાર્ટી છે પરંતુ તેમને બે તોલાનો સોનાનો દોરો આપવો જોઈએ તે ફરજીયાત છે જેથી સાહેબને સારુ લાગે અને સાહેબ તમાર સાથે આ જીવન સબંધો સારા રાખે. જેથી બે તોલા સોનાનો દોરો તો ખરો જ સાથે બીજી પણ કોઈ સારી મોંઘી ગીફ્ટ લેતા આવજો ખાલી સોનાનો દોરો એકલો લઈને ન આવતા.

જેથી મોટી માત્રામાં વેપારી અને કોન્ટ્રાક્ટરને બોલાવી આ પાર્ટીમાં જ આઈપીએસ ઓફિસરે 50 તોલા કરતા વધારે સોનું ભેગું કરી લીધું હોવાની ચર્ચા પોલીસ બેડામાં થઇ રહી છે. 50 તોલા અને અન્ય મોંઘીદાટ ગીફ્ટો તો ખરી જ આમ બે હાથે અધિકારીએ સાઇડમાં હોવા છતાં કમાણી કરી લીધી હતી. બીજી તરફ અમુક વેપારીઓ ફક્ત સોનું લઈને આવ્યા અને ગીફ્ટ સારી ન લાવ્યા તેમને પાંડેએ આડે હાથ લીધા હતા. જોકે તેમની પાસેથી બાદમાં ગીફ્ટ વસુલવામાં આવી હતી.

### પોલ ન ખુલે તે માટે પાર્ટીમાં આઈપીએસ કે સરકારી કર્મચારી નહિ

આ પાર્ટીમાં એક પણ આઈપીએસ ઓફિસર કે, સરકારી કર્મચારીને ઈન્વીટેશન આપવામાં આવ્યું ન હતું. કેમકે તેમ થાય તો આ આઈપીએસને કોણે કેટલી ગીફ્ટ આપી તેની પોલ ખુલી જાય એટલે આ અધિકારી ફક્ત કોન્ટ્રાકટરો અને વેપારીઓને જ બોલાવ્યા હતા.



# રોડ ચકાચક કરાશે
## વરસાદ બાદ ખાડા પૂરવા હવે 509 કરોડ ખર્ચાશે

### માર્ગોના રિસરફેસીંગ કામો માટે માર્ગ-મકાન વિભાગને સરકારે આપી લીલીઝંડી

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકો સુવિધાયુકત, સલામત અને સુરક્ષિત રીતે મુસાફરી કરી શકે તેવા સારા અભિગમથી રાજ્યના માર્ગોના રિસરફેસીંગ કામો માટે રૂ.508.64 કરોડ માર્ગ-મકાન વિભાગને ફાળવવાની લીલીઝંડી આપી દીધી છે.

રાજ્યમાં આ વર્ષે વરસાદને કારણે અસર થયેલા 98 રસ્તાઓના કુલ 756 કિ.મી. લંબાઈમાં રિસરફેસીંગ કામો મુખ્યમંત્રીએ માર્ગ અને મકાન વિભાગને મંજૂર કરેલી આ રકમમાંથી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારનો માર્ગ અને મકાન વિભાગ માર્ગોની



સુવિધા વધુ સુદ્રઢ બનાવી સરળ અને સલામત યાતાયાત માટે વિવિધ જિલ્લાઓમાં વ્યાપક સ્તરે કામગીરી હાથ ધરી રહ્યો છે.

રાજ્યમાં રોડ રસ્તાની હાલત મામલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાંજ રસ્તાના તાત્કાલિક સમારકામ માટે અધિકારીઓંને આદેશ કર્યા હતા. રિપેરિંગ, રિસર્ફેસિંગ અને માર્ગ નિર્માણના કામો યુદ્ધના ધોરણે શરૂ કરવા સુચન કરવામાં આવ્યું હતું. આ કામ માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓંને ડેડલાઈન પણ જાહેર કરી હતી. નવરાત્રી સુધી તમામ રસ્તાઓની કામગીરી પૂરી કરો તેવો નિર્દેશ કરવામાં આવ્યો હતો. પણ વરસાદી વિઘ્નને લીધે કામ સમયસર નહીં થાય તેવુ દેખાઈ રહ્યું છે.

**સમાજને સુશિક્ષિત, સ્વસ્થ અને સમૃદ્ધ બનાવવા માટેના પ્રયાસો**

## સંત સતરામદાસ મિશન લોકસેવા માટે સમર્પિતઃ ટ્રસ્ટના પ્રમુખ દિલીપ તલરેજા

ગુજરાત | વંદન

બાળકોને આધુનિક કોમ્પ્યુટર શિક્ષણ, કન્યાઓના લગ્ન, વિદ્યાર્થીઓની ફી, પુસ્તક સહાય, રાશન કીટનું વિતરણ, રામ રોટી, સંત સતરામદાસ મિશન, ગોડીવાલા ધામ દ્વારા દરરોજ 300 લોકોને ભોજનની વ્યવસ્થા - સંત કંવર રામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સમર્પિત કરવામાં આવે છે.

સમર્થનગરમાં આયોજિત નિ:શુલ્ક મેડિકલ કેમ્પ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ દિલીપ તલરેજાએ જણાવ્યું હતું કે, સમાજને સુશિક્ષિત, સ્વસ્થ અને સમૃદ્ધ બનાવવા ટ્રસ્ટ તમામ પ્રયાસો કરવામાં આવે છે. ગરીબ બાળકોના માટે પ્રાથમિક શાળા પણ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે દર મહિને અમે રાશન સામગ્રીનું વિતરણ કરીએ છીએ. બીજી તરફ, રામ રોટી પણ સદાવ્રત દ્વારા દરરોજ 300 લોકોને મફત ભોજનની સુવિધા પૂરી પાડે છે. આ સેવા સંત કંવર રામ મંદિર સરદારનગરમાં ઉપલબ્ધ છે. ટ્રસ્ટ



વતી 100 કન્યાઓને લગ્ન પ્રસંગે કપડાં, ભેટ અને અન્ય સામાન આપવામાં આવે છે. એટલું જ નહીં સામાજિક સમરસતાને ધ્યાનમાં રાખીને દર વર્ષે સાવન માસમાં ટ્રસ્ટ દ્વારા 300 લોકોની ધાર્મિક યાત્રાનું પણ આયોજન કરવામાં આવે છે.

દિલીપ તલરેજાએ જણાવ્યું હતું કે મહિલાઓ અને યુવાનો માટે સિલાઈ અને કોમ્પ્યુટરનું શિક્ષણ પણ આપવામાં આવે છે. શિક્ષણ પૂર્ણ થયા બાદ સિલાઈ મશીન આપવામાં આવે છે. તો સાથે સાથે કોમ્પ્યુટરની તાલીમ પામેલા યુવાનો માટે રોજગારીની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકો, બેગની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. તેમજ શાળા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની ફી પણ ચૂકવે છે.

# છોકરાઓરે આનંદો
## 20 ઓક્ટોબરથી દીવાળી વેકેશન, ચાલો મામાના ઘરે

ગુજરાત | વંદન

દિવાળી વેકેશનને લઈને વિદ્યાર્થીઓ માટે ખુશખબર સામે આવી છે. જેમાં વેકેશન અંગે શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે અને શાળાઓંમાં દિવાળી વેકેશન 20 ઑક્ટોબરથી 9 નવેમ્બર એટલે કે 21 દિવસનું જાહેર કરવામાં આવ્યું છે. જેમાં તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વેકેશનની તારીખો એક સરખી રહે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 21 દિવસનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે દિવાળી વેકેશનથી પ્રથમ સત્ર સંપન્ન થશે અને દિવાળી વેકેશન ખુલતાની સાઠે જ દ્વિતિય સેમેસ્ટરનો પ્રારંભ કરવામાં આવશે.

વેકેશનમાં દરમિયાન વિદ્યાર્થીઓ ધનતેરસ, કાળીચૌદશ,



બેસતુ વર્ષ, ભાઈબીજ અને લાભપાંચમના તહેવારોની મોજ માણી શકશે, ત્યારબાદ ફરી તા.10મી નવેમ્બરથી શાળાઓ ખુલશે. આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સંકલનમાં રહીને જણાવ્યા મુજબ વેકેશનની તારીખો જાહેર કરવા જણાવાયું છે. જેથી પ્રાથમિક અને માધ્યમિક બંને શાળાઓના બાળકોના વેકેશનની તારીખ એક જ સરખી રહી શકે, જિલ્લા શિક્ષણાધિકારીઓએ આ અંગેની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, પ્રાયોગિક શાળાઓ તેમજ આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવાની રહેશે.

## એસપી રિંગ રોડ પરના ગરબામાં વિધર્મી યુવકો ઘૂસતાં હિન્દુ સંગઠનો સાથે ઘર્ષણ

ગુજરાત | વંદન

ગુજરાતમાં બે વર્ષ બાદ ફરી નવરાત્રીની રમઝટ જામી છે. પાર્ટી પ્લોટ અને ક્લબમાં લોકો ગરબે રમવા જાય છે. ત્યારે કેટલાક લોકો ગેરકાયદેસર રીતે ગરબામાં ઘૂસતા હોવાની શંકાના આધારે બજરંગ દળના કાર્યકરો એસપી રીંગ રોડ પાસેના એક ગરબાના આયોજનમાં પહોંચ્યા હતા. જ્યાં બે વિધર્મી યુવક ઘૂસી ગયા હતા. વીએચપી અને બજરંગ દળે ચીમકી ઉચારી હતી કે કોઈ ધાર્મિક સ્થળે વિધર્મી લોકો પ્રવેશશે તો તેની સામે કાર્યવાહી કરશે અને ગઈકાલે પણ એવું જ બન્યું તેમણે બે યુવકોને ગરબામાંથી કાઢ્યા હતા. આ અંગે વિહીપના પ્રવક્તા હિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, દિવસોમાં પણ અમારું આ પ્રમાણે સરપ્રાઈઝ ચેકિંગ ચાલુ રહેશે.એસપી રીંગ રોડ પર ગઈકાલે રાતે એક ગરબા આયોજનના સ્થળ પર બજરંગ દળના કાર્યકરો સરપ્રાઈઝ પ્રવેશ કર્યો હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમદાવાદ મુલાકાતના પગલે આ માર્ગો રહેશે બંધ

**પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જાહેરનામું બહાર પાડ્યું**

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 29-30 સપ્ટેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. પીએમ મોદી સુરત, ભાવનગર અને અમદાવાદ ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. ત્યારે વડાપ્રધાન મોદીના કાર્યક્રમને લઈને અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જાહેરનામું બહાર પાડ્યું છે.

30મી સપ્ટેમ્બરે પીએમ મોદીની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી સવારના 8 વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી સુરધારા સર્કલથી NFD સર્કલ સુધીનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ રહેશે. સાથે થલતેજ ચાર રસ્તાથી હિમાલયા મોલ સામેના રોડ પર અવર-જવર બંધ રહેશે. સાથે ગુરૂદ્વારા ચાર રસ્તાથી NFD સર્કલ સુધીનો માર્ગ પણ કાર્યક્રમ સુધી બંધ રહેશે. આ રૂટ બંધ રહેશે અંધજન ચાર રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા સુધીનો માર્ગ (સાંજે 5 વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી) વૈકલ્પિક રૂટ અંધજન મંડળ ચાર રસ્તા, પાંજરાપોળ, વિજય ચાર રસ્તા થઈ એઈસી તરફ જઈ શકાશે.

આપને જણાવી દઈએ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના 2 દિવસના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમોને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. 29મીએ અમદાવાદમાં નેશનલ ગેમ્સની શરૂઆત કરાવશે. 29મી એ રાત્રે GMDC ગ્રાઉન્ડ ખાતે ગરબામાં હાજરી આપશે.

### AMTS-BRTSની 1200 બસ મુકાશે



**29 અને 30 સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી નેશનલ ગેમ્સના ઉદઘાટન તેમજ મેટ્રોના લોકાર્પણ માટે અમદાવાદ આવશે. મોટેરા મોદી સ્ટેડિયમ ખાતે યોજાનારા ગેમ્સના ઉદઘાટન કાર્યક્રમ તેમજ દૂરદર્શન ટાવર ખાતે યોજાનારી જાહેર સભા માટે લોકોને લઈ જવા એએમટીએસ અને બીઆરટીએસની 1200 બસ મૂકવાની હોવાથી શહેરની ટ્રાન્સપોર્ટ સેવાને અસર થશે. આ બે દિવસ સિટી બસ મળવી મુશ્કેલી રહેશે.**


## અમદાવાદની એલ.ડી આટ્ર્સ કોલેજમાં પ્રિન્સિપાલને મારવા છૂટી ખુરશી ફેંકી

ગુજરાત | વંદન

અમદાવાદમાં એલડી આટ્ર્સ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓની દાદાગીરીનો કિસ્સો સામે આવ્યો છે. વિદ્યાર્થીઓ કોલેજમાં કરતા તોફાન અંગે પ્રિન્સિપાલે તેમને મળવા બોલાવ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાઈને એક વિદ્યાર્થીએ કેબિનમાં રહેલો પોટ ફેંક્યો હતો અને પ્રિન્સિપાલને મારવાનો પ્રયત્ન કર્યો અને કેબિન બહાર જઈને તેમના પર છૂટી ખુરશી ફેંકીને કાચ તોડી નાખ્યો હતો.

સમગ્ર મામલે પ્રિન્સિપાલ દ્વારા ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી રહી છે. આ વિદ્યાર્થીઓ એનએસયુઆઈ સાથે જોડાયેલા છે.

## સૌથી લાંબો 21 કિલોમીટરની અંડરગ્રાઉન્ડ ટનલમાંથી 7 કિ.મી. દરિયાની નીચે હશે



# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન 7 કિલોમીટર દરિયામાં ટનલમાંથી પસાર થશે

ગુજરાત | વંદન

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી પ્રથમ બૂલેટ ટ્રેનના પ્રોજેક્ટનું કામ ગતિમાં જ છે ત્યારે આ પ્રોજેક્ટ હેઠળ 21 કિ.મી. લાંબી અંડરગ્રાઉન્ડ ટનલ પણ બનાવવામાં આવી છે. જે માટેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને આવતા વર્ષથી તેનું કામ શરુ થઈ જવાની સંભાવના છે.

ભારતની સૌથી લાંબી અંડર-સી ટનલ હશે. બુલેટ ટ્રેન 21 કિલોમીટર લાંબી અંડરગ્રાઉન્ડ ટનલમાંથી દોડશે. તેમાંથી સાત કિલોમીટર દરિયાની અંદર ટનલ હશે. આ અંડર ગ્રાઉન્ડ ટનલ મહારાષ્ટ્રમાં બાંદ્રા-કુર્લા કોમ્પલેક્ષ તથા શવફાટા વચ્ચે બનશે તેમાં એક જ સુરંગ હશે અને અપ-ડાઉન બન્ને ટ્રેક સમાવી લેવાશે. દરિયાની અંદર બનનારી આ ટનલ ગ્રાઉન્ડ લેવલથી 25 થી 65 મીટર નીચે હશે.

રેલવે મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે બુલેટ ટ્રેન માટે બનનારી 21 કિલોમીટર લાંબી અંડર ગ્રાઉન્ડ ટનલ એડવાન્સ મશીનના ઉપયોગથી બનાવવામાં આવશે તેમાં નવી ઓસ્ટ્રેલીયન ટનલીંગ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. ટનલ બોરીંગ મશીન દ્વારા 15 કિલોમીટરનો હિસ્સો બનાવવામાં આવશે જ્યારે ઓસ્ટ્રેલિયન પધ્ધતિથી પાંચ કિલોમીટરની ટનલ તૈયાર થશે.

નેશનલ હાઈસ્પીડ રેલવે કોર્પોરેશન દ્વારા 21 કિ.મી. લાંબી અંડર ગ્રાઉન્ડ ટનલ માટેનાં ટેન્ડર જારી કરવામાં આવ્યા છે. 3.5 વર્ષમાં કાર્ય પૂર્ણ કરવાની મહેતલ આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે નવેમ્બરમાં પણ અંડર ગ્રાઉન્ડ ટનલ નિર્માણનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું તે પછી રદ કરી દેવાયું હતું. વહીવટી કારણોસર રદ થયાનું જાહેર કરાયું હતું. 2019માં પણ ટેન્ડર પ્રક્રિયા થઈ હતી પરંતુ કોઈ કંપનીઓએ રસ દાખવ્યો ન હતો.

## દેશ વિરોધી પ્રવૃત્તિ કરનાર જાસૂસની ધરપકડ, અમદાવાદથી સિમકાર્ડ પાકિસ્તાન મોકલતો હતો

ગુજરાત | વંદન

દેશ વિરોધી પ્રવૃત્તિ કરનાર સિનિયર સિટીઝન જાસૂસની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. પાકિસ્તાની જાસૂસ બની 72 વર્ષના વૃદ્ધએ આંતરિક સુરક્ષાને લગતી માહિતી પહોંચાડી હતી. આરોપી સીમકાર્ડ અને વોટ્સએપ ઓટીપી દ્વારા પાકિસ્તાનીઓને મદદ કરતો હતો.

ક્રાઈમ બ્રાંચની કસ્ટડીમાં આવેલા કાળા બુરખામાં રહેલો અબ્દુલ વહાબ પઠાણ પાકિસ્તાનનો જાસૂસ છે. 72 વર્ષનો અબ્દુલ વહાબ પહેલી નજરે વૃદ્ધ અને લાચાર વ્યક્તિ લાગે પણ તે દેશ વિરોધી માહિતી પાકિસ્તાની ઈન્ટેલિજન્સને મોકલવામાં મદદ કરતો હતો. આરોપીએ સરકારી વેબસાઈટ ક્લોન વેબસાઈટ બનાવી લશ્કરીદળોમાં નિવૃત જવાનો અને સિનિયર અધિકારીઓની માહિતી એકત્રિત કરીને પાકિસ્તાન મોકલાવતો હતો. જેના માટે આરોપી અબ્દુલ વહાબ અમદાવાદમાંથી સીમકાર્ડ ખરીદતો હતો. જે સીમકાર્ડ નંબર ન્યૂ દિલ્હી ખાતેના પાકિસ્તાન ઈન્ટેલિજન્સ ઓફિસર શફાકત જતોઈને પહોંચાડતો હતો. તે નંબરનું પાકિસ્તાન ઈન્ટેલિજન્સ ઓફિસર શફાકત વોટ્સએપ એપ્લિકેશન ડાઉનલોડ કરતો હતો. તેને એક્ટિવ કરવા અબ્દુલ વહાબએ ખરીદેલા સીમકાર્ડનું ઓટીપી શફાકત આપતો હતો. જેનાથી વોટ્સએપ એક્ટિવ કરીને તમામ માહિતી પાકિસ્તાન પહોંચાડતો હતો.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



નવતર પ્રયોગ : અમદાવાદના સરદાર બ્રિજ પરથી પૂજા સામગ્રી નદીમાં ફેંકીને અશુદ્ધી ન ફેલાવે તે માટે ગ્રીન રંગના પડદા લગાવવામાં આવ્યા છે.



સ્પર્ધા : અમદાવાદ નેશનલ ગેમ્સને આવકારવા તૈયાર છે, શહેરની સાબરમતી નદીમાં પહેલીવાર નૌકાસ્પર્ધા યૌજાશે, જેની પ્રેક્ટિસ ચાલી રહી છે.



વીર ભગતસિંહની ૧૧૫મી જન્મ જયંતી નિમિત્તે પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર જ્યોર્જ ડાયસ ની આગેવાની હેઠળ ખોખરામાં આવેલ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કે કાપી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.



જય અંબે : નવલી નવરાત્રીમાં શહેરની ભંડેરી પોળમાં 150 કિલો ઘીમાંથી ચામુંડા માતાની મૂર્તિ બનાવવામાં આવી છે, જેને નિહાળવા માટે મોટી સંખ્યામાં ભક્તજનો આવે છે.

## સાબરમતી આશ્રમ, અડાલજની વાવ સહિત અન્ય સ્થળોની પણ મુલાકાત લીધી

# હું સીધો અમદાવાદની ફૂડ સ્ટ્રીટ માણેકચોક પહોંચી ગયો ફાફડા-જલેબી, પાણીપુરી ખાધી: US કોન્સ્યુલ જનરલ

ગુજરાત | વંદન

અમદાવાદ, મુંબઈમાં વેસ્ટર્ન ઈન્ડિયા માટે યુએસ કોન્સ્યુલેટમાં નવનિયુક્ત કોન્સ્યુલ જનરલ માઈક હેન્કીએ જણાવ્યું હતું કે યુ.એસ.નો હેતુ શિક્ષણ, ક્લાઈમેટ ચેન્જ અને ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

અમદાવાદની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે આવેલા યુએસ કોન્સ્યુલેટમાં નવનિયુક્ત કોન્સ્યુલ જનરલ માઈક હેન્કીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સરકારી અધિકારીઓ, રાજકીય પક્ષોના નેતાઓ, વેપારી આગેવાનો, SEWA સભ્યો અને IIMAના વિદ્યાર્થીઓ અને અન્યોને મળ્યા હતા. હેન્કીએ જણાવ્યું હતું કે, "શિક્ષણ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત



કરવું, પર્યાવરણીય લક્ષ્યો હાંસલ કરવા, સંશોધનમાં સંયુક્ત ભાગીદારી કરવી અને વ્યવસાયો માટે સંયુક્ત સાહસો એ યુએસ અને ભારત માટે ફોકસ ક્ષેત્રો છે.

યુએસ કોન્સ્યુલ જનરલ માઈક હેન્કીને દેખીતી રીતે ગુજરાતી ફૂડ પસંદ છે. તેમણે કહ્યું, "અમદાવાદ ઉતર્યા પછી, હું સીધો માણેક ચોક ફૂડ સ્ટ્રીટ ગયો અને ફાફડા અને જલેબી, પાણીપુરી ખાધી."

82,000 ભારતીય વિદ્યાર્થીઓએ યુએસ વિઝા જારી કર્યા - વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતી વિઝા સમસ્યાઓ વિશે વાત કરતાં તેમણે કહ્યું, "આ વર્ષે 82,000 થી વધુ ભારતીય વિદ્યાર્થીઓને યુએસ માટે વિઝા મળ્યા છે. આ વર્ષે તમામ વિદ્યાર્થીઓને ક્લિયરન્સ મળે તેની ખાતરી કરવા અમે અમારા સંસાધનો લાગુ કર્યા છે."

પ્રવાસી અને વ્યવસાયિક વિઝા વિશે, તેમણે કહ્યું કે સામાન્ય શ્રેણી માટે રાહ જોવાનો સમય થોડો લાંબો છે અને તેને પ્રી-કોવિડ સ્તરે સ્ટાફિંગ વધારીને ઘટાડવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે જે લોકો બિઝનેસ વિઝાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેઓ મદદ માટે CG રોડ પરની તેમની અમેરિકન કોર્નર ઑફિસ અથવા CG રોડ પરની રેડિસન હોટેલનો સંપર્ક કરી શકે છે.

તેમણે અમદાવાદની 3 દિવસની મુલાકાતમાં સાબરમતી આશ્રમ, અડાલજની વાવ સહિત અન્ય સ્થળોની પણ મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું. "અમે યુએસ અને ભારત વચ્ચે મજબૂત ભાગીદારી વિકસાવવા માંગીએ છીએ. વળી, જ્યારે મેં ગાંધીજીના આશ્રમની મુલાકાત લીધી ત્યારે મને ઘણું સારું લાગ્યું. તેમના પાઠ આજે પણ ખૂબ જ સુસંગત છે"


સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

# સુનિલ, તમારી સાથે જે થયું તે બદલ ભારત દિલગીર છે. અપમાનનો ઘૂંટડો પી જજે...!

**ગુજરાતમાં** 36મા નેશનલ ગેમ્સનો પ્રારંભ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં રમતગમતને પ્રોત્સાહન આપવા ખેલો ભારતના કાર્યક્રમો આપે છે. દેશ-વિદેશમાં મેડલ જીતનાર ખેલાડીઓને વડાપ્રધાન રૂબરૂ બોલાવીને અભિનંદન આપે છે, પ્રેરણા આપે છે, દેશમાં રમતગમતને પ્રોત્સાહન કઇ રીતે વધે તે માટે પ્રયત્નશીલ છે ત્યારે બીજી તરફ પ.બંગાળના રાજ્યપાલ લા ગણેશન દ્વારા ફૂટબોલમાં વિજેતા ટીમના કેપ્ટન સુનિલ છેત્રીની સાથે જે ગેરવર્ન કર્યુ છે તે બદલ વડાપ્રધાને તેમને ટકોર કરવી જોઇએ અથવા યોગ્ય ચેનલ દ્વારા પીએમઓમાંથી બંગાળ રાજભવનમાં મેસેજ પણ પહોંચી ગયો હશે કે આ બરાબર નથી.

કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમમાં સુનિલ છેત્રી કે ફૂટબોલની રમતમાં લીજેન્ડરી રોનાલ્ડો બાદ જેનુ નામ લેવાય છે એવા ભારતના મહાન ખેલાડીની ટીમ વિજેતા બની અને તેમને ટ્રોફી આપવામાં આવી ત્યારે મંચ પર રાજ્યપાલ પણ ઉપસ્થિત હતા. રાજ્યપાલના હસ્તે જ ટ્રોફી આપવામાં આવી પણ સામે ફોટા પાડી રહેલા કેમેરામાં રાજ્યપાલ સુનિલ છેત્રીની સહેજ પાછળ જણાયા. સરકારી ફોટોગ્રાફરે કે અન્ કેમેરામેનોએ રાજ્યપાલને ઈશારો કર્યો કે તમે આગળ આવો. અને રાજ્યપાલે જે કર્યું તે વખોડવાને પાત્ર છે. જે વિડિયો વાઈરલ થયો છે તેમાં સ્પષ્ટ જણાય છે કે રાજ્યપાલ ભારતની ફૂટબોલ ટીમના મહાન ખેલાડી સુનિલ છેત્રીનો ખભો પકડીને તેને એક તરફ ખસી જવા કહે છે અને છેત્રી રાજ્યપાલનું માન સન્માન રાખવા એક તરફ ખસી જાય છે અને ટ્રોફી સ્વીકારે છે....!



કોણ મહાન છે...એક રાજકારણી કે એક રમતવીર...? રાજ્યપાલ ચાહે તો પણ ફૂટબોલનો ખેલાડી ના બની શકે જ્યારે સુનિલ રાજકારણમાં આવી શકે. આવા દંતકથા સમાન ખેલાડીની મહાનતાને સલામ છે અને રાજકારણીમાંથી રાજ્યપાલ બનેલા લા ગણેશનના વલણને કોણ સલામ કરશે...? એક સરકારી ફોટા માટેમાં પોતે બરાબર દેખાય તે માટે રમતવીરને હડસેલવુ શરમજનક કહી શકાય. જો રાજ્યપાલમાં ઉદારતા અને સજ્જનતા હોત તો ફોટા પાડનારાઓને એમ કહેત કે નો..નો..ઈટ્સ ઓકે..એમ કહીને કેપ્ટનને પોતાની આગળ રાખી શક્યા હોત પણ કમનશીબે એવુ ના થયું.

આ ઘટનાને લઈને ભારતના કોઈ જાણીતા ખેલાડીઓએ પણ રાજ્યપાલના ગેરવર્તનની ટીકા કરી નથી.ના, કોઈ બોલ્યા નથી. અને જો આવુ ગેરવર્તન વિરાટ કોહલી સાથે થયુ હોત તો...? ઓહોહો...કેટલાય તૂટી પડ્યા હોત. પણ રમત ફૂટબોલની અને સુનિલ છેત્રીને બિચારાને કોણ ઓળખે એટલે કોઈએ રાજ્યપાલની ટીકા ના કરી. રાજ્યપાલનું પદ એક ગરીમામય પદ છે. તેના પર બિરાજમાન કેવા ઉદાર મનના હોય છે. પણ ઘણાંને એમ લાગ્યુ હશે આ રાજ્યપાલ પણ તેમના પુરોગામી જગદીપ ધનખડની જેમ તો વર્તી રહ્યાં નથી ને..? સુનિલ, તમારી સાથે જે થયું તે બદલ ભારત દિલગીર છે. અપમાનનો ઘૂંટડો પી જજે અને આગામી મેચમાં ફરી ભારતને જિતાડજે. સોરી છેત્રીજી...!

## ધર્મ

# દિવાળીના બીજા દિવસે વર્ષનું છેલ્લું સૂર્યગ્રહણ, તહેવારો પર શું પડશે અસર?



**સૂર્ય ગ્રહણ 25 ઓક્ટોબરે બપોરે 2 કલાક 19 મિનિટે શરૂ થશે**

દર વર્ષે આસો વદ અમાસના દિવસે દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે અને આ વખતે દિવાણી 24 ઓક્ટોબરે છે. સૌથી ખાસ વાત છે કે આ વખતે દિવાળીના બીજા દિવસે એટલે કે 25 ઓક્ટોબરે વર્ષનું છેલ્લું સૂર્યગ્રહણ પણ છે. આ સાથે 25 ઓક્ટોબરે ગોવર્ધન પૂજા પણ છે. તેવામાં આવો જાણીએ દિવાળી અને ગોવર્ધન પૂજા પર સૂર્ય ગ્રહણની શું અસર પડશે.

### આ દિવસે છે સૂર્ય ગ્રહણ

હિન્દુ પંચાગ પ્રમાણે વર્ષનું છેલ્લું સૂર્ય ગ્રહણ દિવાળીના એક દિવસ બાદ એટલે કે 25 ઓક્ટોબરે છે. સૂર્ય ગ્રહણ 25 ઓક્ટોબરે બપોરે 2 કલાક 19 મિનિટે શરૂ થશે અને રાત્રે 2 કલાક 30 મિનિટ પર સમાપ્ત થશે. તેવામાં 12 કલાકનો સૂતક કાળ રહેશે.

### દિવાળી તથા ગોવર્ધન પૂજા પર પ્રભાવ

માન્યતા છે કે સૂર્ય ગ્રહણ લાગ્યા બાદ તેના સમાપ્ત થવા સુધી સૂતક લાગે છે અને આ દરમિયાન પૂજા-પાઠ કરી શકાય નહીં. તેવામાં આ વખતે દિવાળીના દિવસે સૂર્યગ્રહણ લાગી રહ્યું છે અને ગોવર્ધનના દિવસે સમાપ્ત થશે. સૌથી સારી વાત છે કે દિવાળી અને ગોવર્ધન પૂજા પર સૂર્ય ગ્રહણનો કોઈ પ્રભાવ પડશે નહીં. કારણ કે આ સૂર્યગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં. તેવામાં તમે કોઈ ચિંતા વગર તહેવારની મજા માણી શકો છો.

### સૂતક કાળમાં ન કરો આ કામ

- વર્ષનું છેલ્લું સૂર્ય ગ્રહણ 25 ઓક્ટોબર 2022ના લાગશે. આમ તો તે ભારતમાં જોવા મળશે નહીં. - સામાન્ય રીતે સૂર્ય ગ્રહણ શરૂ થવાથી લઈને પૂર્ણ થવા સુધીના સમયને સૂતક કાળ કહેવામાં આવે છે અને આ દિવસે ઘણા કામ કરવાની મનાઈ હોય છે. કહેવામાં આવે છે કે સૂર્ય ગ્રહણ લાગતા પહેલા ઘરમાં રહેતા બધા પ્રકારના ભોજનમાં તુલસીના પાન મુકવા જોઈએ.

- ગ્રહણ દરમિયાન મંદિરમાં પૂજા કરવામાં આવતી નથી, પરંતુ આ દરમિયાન પોતાના ઈષ્ટ દેવતાને મંત્રોના જાપ કરવા જોઈએ. - સૂર્ય ગ્રહણ સમયે કોઈ ગર્ભવતી સ્ત્રીએ ઘરની બહાર ન નિકળવું જોઈએ. સાથે ગર્ભવતી સ્ત્રીએ ભૂલથી કોઈ ધારવાળી વસ્તુ કે ઓજારનો ઉપયોગ ન કરવો જોઈએ.

**એ વખતે હીટ ફિલ્મ કલેકશનથી નહીં પણ સિનેમા હોલમાં સીટીઓ વાગી, તાળીઓ પડી અને સિક્કા ઉછળ્યાથી નક્કી થતી હતી....**

# જ્યારે ટિકિટના બદલે પ્રેક્ષકના હાથ ઉપર સિક્કો મારીને પ્રવેશ અપાતો...!

## વાઈસરોય માઉન્ટબેટન, નેહરુ, રાજેન્દ્ર પ્રસાદ અને ઝાકિર હુસૈન પણ રિગલમાં ફિલ્મ જોવા જતાં હતા..



**ભારતમાં** મનોરંજનના શ્રેષ્ઠ માધ્યમ તરીકેની કોઇ ઓળખ હોય તો તે છે સિનેમાહાઉસ અને ફિલ્મો.આજે એક થીયેટરમાં બે-ત્રણ સ્ક્રિન પર અલગ અલગ ફિલ્મો દર્શાવવામાં આવે તેવા મલ્ટીપ્લેક્સ સિનેમા મોજૂદ છે. પણ એ હકીકતને વિસરાય તેમ નથી કે લાંબા સમયથી, ભારતમાં સિંગલ સ્ક્રીન સિનેમા સમાજના વિવિધ વર્ગો માટે મનોરંજનનો મુખ્ય સ્ત્રોત રહ્યો છે. કેબલ ટીવી આવ્યા, ઈન્ટરનેટ આવ્યા, મલ્ટીપ્લેક્સ આવ્યા પણ સિંગલ સ્ક્રીન સિનેમા હોલ હજુપણ ચાલુ રહ્યા છે.

જો કે સમય જતાં મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ જોવાની ઘેલછા અને વધી રહેલા વલણ અને ચલણને કારણે સિંગલ સ્ક્રીન સિનેમા હોલની કમાણી કંઈક અંશે ઘટી, કેટલીક જગ્યાએ કેટલાક સિનેમા હોલ પણ બંધ થઈ ગયા. પરંતુ તેમના યુગના અંતની જાહેરાત કરવામાં આવી ન હતી. 2016 સુધીમાં, યશ રાજ ફિલ્મ્સના એસોસિયેટ વાઈસ-પ્રેસિડેન્ટ રોહન મલ્હોત્રા કહે છે કે, સિંગલ-સ્ક્રીન થિયેટર ફિલ્મોની કુલ આવકમાં 10 થી 15 ટકા હિસ્સો ધરાવે છે.

જ્યારે વિશ્વમાં કોરોના મહામારીએ દસ્તક આપી હતી. ભારત પણ તેનો ભોગ બન્યું હતું. લાંબા લોકડાઉનની અસર અન્ય ક્ષેત્રોની જેમ તેના પર પણ પડી. સિંગલ સ્ક્રીન સિનેમા બિઝનેસ, પહેલેથી જ ઓછી મૂડી સાથે ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો, તે તૂટી ગયો. પળવારમાં થિયેટર, ટોકીઝ જેવા નામો ઈતિહાસ બની ગયા. મલ્ટીપ્લેક્સ સિનેમાહાઉસને પણ આર્થિક રીતે સહન કરવુ પડ્યું. અને સરકાર પાસેથી સહાય માંગી હતી.

એક સિનિયર ફિલ્મ ફોટોગ્રાફર હેમંત ચતુર્વેદીના રિસર્ચ અનુસાર, ભારતમાં વર્ષ 1990માં 24,000 સિંગલ સ્ક્રીન થિયેટર હતા, જે 2022માં માત્ર 6000 જ બચ્યા છે. દિલ્હીમાં લગભગ 80 સિંગલ સ્ક્રીન થિયેટરો હતા, હવે માત્ર ત્રણ જ બચ્યા છે, જે કોઈપણ દિવસે બંધ થઈ શકે છે.

એવા દેશમાં જ્યાં લોકો દાયકાઓ સુધી મનોરંજન માટે સિનેમાઘરો પર આધાર રાખતા હતા, આ આંકડાઓ એક યુગના અંતની ઘોષણા કરે છે. ભારતમાં ફિલ્મ જોવી એ નિષ્ક્રિય પ્રવૃત્તિ ન હતી. સિનેમાગૃહમાં ફિલ્મ દરમિયાન હૂટિંગ, સીટી મારવી, તાળીઓ પાડવી અને સિક્કો ઉછાળવો એ સાવ સામાન્ય બાબત હતી. તે વખતે હીટ ફિલ્મની ઔપચારિક વ્યાખ્યા કંઇક આવી હતી કે જ્યારે પ્રેક્ષકો થિયેટરની ક્ષમતા કરતાં વધી ગયા, ફિલ્મને ઉભા રહીને જોઈ અને કોરિડોરમાં સીટ મળ્યા વિના ડાન્સ કર્યો ત્યારે જ આ ફિલ્મ હિટ માનવામાં આવતી હતી...! ઈતિહાસ પર નજર નાંખથીએ તો ભારતનું પ્રથમ સિંગલ-સ્ક્રીન થિયેટર 1907 માં તે વખતના મેટ્રો સીટી કોલકાતામાં ખોલવામાં આવ્યું હતું. હવે તેનો છેલ્લો સમય આવી રહ્યો છે. જ્યારે સિંગલ-સ્ક્રીન થિયેટર ચરમસીમા પર હતું ત્યારે મોટા નેતાઓ માટે તે એકમાત્ર મનોરંજન સ્થળ હતું.

દિલ્હીનો રીગલ સિનેમા હોલઃ તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટે રીગલ સિનેમાની માળખાકીય અખંડિતતાને જાળવી રાખવા માટે સમારકામ કરવાનો આદેશ આપ્યો હતો. દિલ્હીનું ઐતિહાસિક રીગલ સિનેમા 31 માર્ચ 2017ના રોજ બંધ થઈ ગયું હતું. રાજ કપૂરની ફિલ્મ 'મેરા નામ જોકર' ત્યાં સાઈન ઑફ તરીકે બતાવવામાં આવી હતી. રીગલની શરૂઆત 1932માં થઈ હતી. પૃથ્વીરાજ કપૂર પણ ત્યાં પોતાનો શો કરતા હતા.

જ્યારે રાજ કપૂર એક અભિનેતા અને દિગ્દર્શક તરીકે મોટા થયા, ત્યારે તેમણે ખાતરી કરી કે તેમની તમામ ફિલ્મો રીગલ પર પ્રદર્શિત થાય. લુઈસ માઉન્ટબેટન, જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, રાજેન્દ્ર પ્રસાદ અને ઝાકિર હુસૈન પણ આ સિંગલ સ્ક્રીન સિનેમા હોલની મુલાકાત લેતા હતા. નોંધનીય બાબત એ પણ છે કે આ નહેરુનું પ્રિય થિયેટર હતું. "ધ હિંદુ"માં છપાયેલ એક લેખ જણાવે છે કે ઈન્દિરા ગાંધીને પહાડગંજમાં શીલા સિનેમા પસંદ હતા. તે જ સમયે, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ડિલાઈટ થિયેટરમાં જતા હતા..તેઓ લખે છે કે, "દિલ્હીના સબઝી મંડી વિસ્તારમાં રોબિન સિનેમા નામનો સિંગલ સ્ક્રીન સિનેમા હાઉસ ટલે કે થીયેટર હતું. મેઈન રોડ પરથી જોતાં એ એટલો નાનો લાગતો હતો કે કોઈ ઝડપથી બહાર નીકળે તો તેની નજર પણ ન પડે. આ સિનેમા હોલમાં ફિલ્મ જોવા માટે કોઈ ટિકિટ આપવામાં આવતી નહોતી . તેમજ એડવાન્સ બુકિંગનો કો કોઈ સવાલ જ નહોતો.

ફિલ્મ શરૂ થવાની થોડી મિનિટો પહેલા ટિકિટ બારી પર લોકોની કતારો જોવા મળતી હતી. ફિલ્મ જોવા આવનાર ટિકિટબારી પર ફિલ્મ માટે ટિકિટની રકમ ચૂકવવામાં આવતી, પરંતુ તેને ટિકિટ મળી ન હતી. તેના બદલે એક માણસ તેના કાંડા પર સ્ટેમ્પ લગાવતો....! આ સિનેમા હોલમાં એન્ટ્રી પાસ હતો. પ્રેક્ષકોમાં મોટાભાગના લોકો પરપ્રાંતિય કામદારો હતા."




લોકોને 'પાકીઝા', 'મુગલ-એ-આઝમ' વગેરેની ગઝલો એટલી પસંદ હતી કે તેઓ ફિલ્મ જોવા માટે પેન અને કાગળ લઈને આવતા હતા, જેથી તેઓ જોતી વખતે ગઝલો લખી શકે. પછી મનગમતી ગઝલો કે ગીતો જોવા અને સાંભળવા માટે 'યુ ટ્યુબ' કે 'કારવાં'નો યુગ નહોતો. આજે, તાળાબંધ હોલની ગ્રીલની અંદર ડોકિયું કરવાથી વીતેલા યુગની સ્મૃતિનો વિચિત્ર અહેસાસ થાય છે. ઘણા સિનેમેટોગ્રાફરો આજે પણ ખંડેર દિવાલો અને દરવાજાને અડીને ફોટોગ્રાફ લેવાનું ચૂકતા નથી.

નવી દિલ્હીની રચના પહેલા અંગ્રેજો અને શ્રીમંત ભારતીયો કાશ્મીરી ગેટના કોરિડોરમાં ફરતા હતા, ખરીદી કરતા હતા અને મજા કરતા હતા. આ દિવસોમાં 1923માં કાશ્મીરી ગેટની ભવ્યતામાં એક સિનેમા ઘર શરૂ થયું હતું. તેની વિશેષતા એ હતી કે અહીં મહિલાઓ માટે વિશેષ બેઠકો અનામત રાખવામાં આવી હતી. 1960ના દાયકામાં, સ્ત્રીઓ દરિયાગંજ અને ચાંદની ચોકની પરડબેગમાં મળતી અને ત્યાંથી તેઓ ટોંગા(ઘોડાગાડી) પર સવારી કરતી. તે સમયે, મહિલાઓને દસ આના (લગભગ 62 પૈસા)ની ટિકિટ માટે દોઢો ચાર્જ લેવામાં આવતો હતો, કારણ કે મહિલાઓ અન્ય સિનેમા હોલની તુલનામાં સમાન સ્થિતિમાં પોતાને વધુ સુરક્ષિત માનતી હતી.

## પુસ્તક પરિચય

■ રિપલકુમાર પરીખ

# ભાષા મારી ગુજરાતી છે!

'માતા છે ગુજરાતની ધરતી , વતનની એ માટી છે,
એ માટીમાં મૂળ છે મારાં, ભાષા મારી ગુજરાતી છે.'

કવિ : તુષાર શુક્લ.

'**વર્ષ** ૨૦૫૦ ચાલી રહ્યું છે. આપણા ભારત દેશમાં હવે ફક્ત અંગ્રેજી ભાષાનું જ ચલણ થઈ ગયું છે. આપણી માતૃભાષા અને રાષ્ટ્રભાષા લગભગ મૃત:પ્રાય થઈ ગઈ છે. આ બધું આપણી ભારતીયોની અંગ્રેજી ભાષા પ્રત્યેની ઘેલછાનું પરિણામ છે. આપણી માતૃભાષા અને રાષ્ટ્રભાષા લુપ્ત થવાના આરે હોવાથી આપણી ભારતીય સંસ્કૃતિ પણ લગભગ ખોવાઈ ગઈ છે. દરેક ભારતીયો અંગ્રેજોની પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ જ કરી રહ્યાં છે. આવા સમયે અમુક ભારતીયો સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વિગેરે જેવી ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક ભારતીય ભાષાઓ શીખવા માટે વિદેશમાં જઈ રહ્યાં છે. કેમ્બ્રિજ અને ઓક્સફર્ડ જેવી વિદેશી યુનિવર્સિટીમાં આ ભારતીય ભાષાઓ શીખવવામાં આવે છે.'

આ ભયાવહ કાલ્પનિક વાર્તા વાંચીને તમને કેવું લાગ્યું? શું આપણે ઉપરની કલ્પનાને સાચી પાડવા માંગીએ છીએ? શું આપણે આપણી અમૂલ્ય ધરોહર ભારતીય સંસ્કૃતિને વિસરી જવા દેવી છે? જો ના તો તે માટે આપણે શું કરવું જોઈએ? બસ, ફક્ત એક જ સરળ ઉપાય એ છે કે આપણે આપણા બાળકોને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપણી માતૃભાષામાં અપાવીએ. હવે ઘણા બધાં લોકોને પ્રશ્ન થશે કે જો અમે અમારા બાળકોને માતૃભાષામાં ભણાવીશું તો તેઓનું ભવિષ્ય કેવું હશે? તો તેમને મારે એક ખાસ પુસ્તક વાંચવા માટે કહેવું છે અને તે પુસ્તકનું નામ છે ' ભાષા મારી ગુજરાતી છે!'

'ભાષા મારી ગુજરાતી છે! ' પુસ્તકનાં લેખક છે શિક્ષણજગતનાં સારસ્વત શ્રી હર્ષદ પ્ર. શાહ કે જેઓ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનનાં ઉપાધ્યક્ષ છે, તે ઉપરાંત તેઓ હાલમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરનાં કાર્યકારી કુલપતિ છે. તેમણે સરફરોશી પુસ્તક શ્રેણીનાં અધ્યક્ષ ઉપરાંત ઘણી બધી સમિતીઓમાં સદસ્ય તરીકે સેવાઓ આપી છે. તેમણે બારડોલી ખાતે ' શ્રી સરસ્વતી શિશુમંદિર 'ની સ્થાપના પણ કરી છે. શ્રી હર્ષદભાઈ શાહ વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશનાં અધ્યક્ષ અને ગુજરાતનાં સુવર્ણ જયંતિ વર્ષમાં ' વાંચે ગુજરાત ' અભિયાનનાં રાજ્યનાં સહ- ઉપાધ્યક્ષ પણ રહી ચૂક્યાં છે. શ્રી હર્ષદભાઈ મા. શિ. બોર્ડમાં ' ગુજરાતી ભાષા સંવર્ધન અભિયાન ' નાં સંયોજક પણ રહી ચૂક્યાં છે. શિક્ષણજગત ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે શ્રી હર્ષદભાઈ શાહની કલમે ઘણાં અમૂલ્ય પુસ્તકો આપ્યાં છે. અત્યારસુધી તેમનાં લગભગ ૧૭ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં ચિંતનાત્મક, શૈક્ષણિક, માતૃભાષા ગૌરવ , ઐતિહાસિક અને ચરિત્રલેખનનાં પુસ્તકો સામેલ છે.

આ પુસ્તકની પ્રસ્તાવના કવિ શ્રી તુષાર શુક્લએ લખી છે. તેઓશ્રી પ્રસ્તાવનામાં લખે છે, ' આપણે ત્યાં હાલ આપણે પોતે જ એવા સંજોગો ઊભા કર્યા છે જેમાં આ માતૃભાષાના અસ્તિત્વ સામે જ ભય સરજાયો છે. આવું કેમ થયું એ સહુ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ અને કેટલાક વિચારકો આ ચિંતા બાબતે ચિંતન કરે છે ને એમાં સમાન દ્રષ્ટિકોણ ધરાવતા લોકો જોડાઈ રહ્યા છે એ આશાસ્પદ છે. આવા પ્રયાસનું જ એક પરિણામ આ પુસ્તક છે. માતૃભાષા એ કેવળ એક ભાષા નથી. એ જે તે સમાજની સાંસ્કૃતિક ઓળખ છે. એ મરી જાય તો સાથે એ સમાજની જીવનરીતિ, ઉત્સવો, સંસ્કાર, સાહિત્ય સઘળું મરી જાય. હું તો માનું છું કે તમે મને ભાષા સંભળવો ને હું તમને એ બોલતાં સમાજ વિશે કહી શકીશ ને બહુધા હું ખોટો નહીં પડું. ફળ એના વૃક્ષનું સ્વાસ્થ્ય જણાવી જ દે. આ મહત્વના મુદ્દે ગંભીરતા અને ચીવટપૂર્વક આવું સંભવતઃ સર્વગ્રાહી ચિંતન એક પુસ્તકરૂપે મૂકવા બદલ લેખકને અભિનંદન.'

નિવૃત્ત સંસ્કૃતિ સચિવ, અગ્રણી સાહિત્યકાર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનનાં અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા લખે છે, ' શ્રી હર્ષદભાઈ એક કર્મનિષ્ઠ માતૃભાષાનાં ઉપાસક છે. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ તરીકે તેમણે સતત ગાંધીનગર સમાચારમાં એક કટારલેખનનો આરંભ કર્યો. આ બધાં લેખોનો એક સંપુટ પુસ્તકરૂપે આપણને પ્રાપ્ત થયો છે તે ખૂબ જ આનંદનો વિષય છે. આ પુસ્તક માતૃભાષાપ્રેમીઓ માટે ખૂબ જ ઉપયોગી પુસ્તક સાબિત થવાનું છે. ગુજરાતી ભાષાના વિકાસ અને તાજેતરમાં ઊભા થયેલા સંકટની આ ઘડીએ આ પુસ્તકનું પ્રગટ થવું એ એક આવકારદાયક ઘટના છે.'

આપણું મૂળ અને કુળ રૂપી આપણી ગુજરાતી ભાષાને કેવી રીતે આપણે જીવંત રાખી શકીશું, તે સરળ શબ્દોમાં સમજાવતું આ ગુજરાતની અસ્મિતા રૂપી પુસ્તકનું પ્રકાશન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરે કર્યું છે. ગુજરાતી ભાષાની અભિવંદના અને આરાધના કરતાં સૌ કોઈ ભાષાસાધકોએ પચીસ મણકામાં પરોવાયેલાં આ ગ્રંથને ચોક્કસ વાંચવો જોઈએ. દરેક મણકાનાં અંતે આપેલાં અમુક ' અર્ક 'ને માણીએ.




* જગની સૌ કડીઓમાં સ્નેહથી સર્વથી વડી આ છે આપણી માતૃભાષાની શક્તિ. - સુન્દરમ્

* આપણે તો સિંહશાવક છીએ. આપણને કોઈનું દાસત્વ ખપે શી રીતે? ચાલો, ' અંગ્રેજિયત'નું દાસત્વ છોડીએ.

* આપણે ન કરવાનું કરી બેઠા. આખેઆખું શિક્ષણ અંગ્રેજી ભાષામાં આપવા લાગ્યા. જાણે આખા ભારતને ' ઈંગ્લેન્ડ ' ન બનાવી દેવાનું હોય!

* માતૃભાષા તો માતા અને માતૃભૂમિ વચ્ચે સેતુરૂપ છે. માતા સંસ્કાર આપે છે અને માતૃભૂમિ સંસ્કૃતિ સાથે જોડે છે.

# જય વિજયાદશમી : રામે રામ રમાડ્યા.... રાવણ રોળ્યો મા...!

સાપ્તાહિક ગુજરાત વંદન

## દશેરા પર ફાફડા-જલેબી ખાવાની શરૂઆત કોણે અને કઈ રીતે રીતે થઈ?

## દશેરાએ અમદાવાદીઓ કરોડો રૂપિયાના ફાફડા જલેબી ઝાપટી જશે



**આસો** માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે તેને દશેરા કહેવામાં આવે છે. દશેરાનો મતલબ માઠી દશા હરનાર એવો થાય છે. હકીકતમાં દશાહરા શબ્દનો અપભ્રંશ થઈને દશેરા શબ્દ તરી આવ્યો છે. નવરાત્રિના નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજ્યા દસમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં રામ રાવણનું યુદ્ધ સતત નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દસમા દિવસે રામે રાવણના રામ રમાડી દીધાં હતાં, તેથી આ પર્વને વિજ્યાદસમી તરીકે ઉજવવામાં આવે છે. વિજ્યાદસમી એ અસત્ય ઉપર સત્યનો વિજયનું પ્રતીક છે.


અહંકારી દુષ્ટ રાવણનો શ્રીરામે વધ કર્યા પછી લંકા ઉપર જે વિજય મેળવ્યો તેથી સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજ્યાદસમી કહેવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદ્ઘાટન કે શુભ મુહુર્ત કરે છે. અમુક લોકો પોતાના વાહનોની પૂજા કરી ફૂલ હાર ચઢાવે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔદ્યોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનરીની સાફસફાઈ તથા પૂજા અર્ચના કરે



છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલ થી પૂજા કરવાનું અનેરું મહત્વ છે. દશેરાના દિવસે ખાસ કરીને સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે. એવું કહેવાય છે કે પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે અજ્ઞાત વાસ વિતાવતાં પહેલા, પોતાના દિવ્ય અસ્ત્રશસ્ત્ર આ સમી વૃક્ષ પર છુપાવ્યા હતા અને અજ્ઞાત વાસમાંથી પાછા ફર્યા બાદ દશેરાના દિવસે સમી વૃક્ષની વિધિવત પૂજા કરી, પોતાના અસ્ત્રશસ્ત્ર પરત મેળવ્યા હતા, તેથી સમી વૃક્ષનું મહાત્મય ઈતિહાસમાં વણાયી ગયું છે. રાજા રજવાડાના વખતમાં પણ દશેરાના દિવસે જાત જાતની હરિફાઈ, કલા કરતબ તથા નાચગાનના રંગારંગ કાર્યક્રમો થતાં હતાં અને રાજાઓની શાહી સવારી આખા નગરમાં ફરતી હતી. રાજાઓ તરફથી ગરીબ, દુઃખી તથા જરૂરતમંદ વ્યક્તિઓને દાન દક્ષિણા તથા મિઠાઇ વહેંચવામાં આવતી હતી. ટૂંકમાં દશેરાએ ખુશી મનાવવાનું પર્વ છે.

દશેરા પર ફાફડા-જલેબી ખાવાની શરૂઆત કેવી રીતે થઈ?

રાવણનો રામ સેના દ્વારા સંહાર થતાં, રાવણના સદગુણી ભાઈ વિભીષણે દશેરાના દિવસે ફાફડા-જલેબી ખવડાવેલાં, એવી લોકમાન્યતા છે. વિભીષણ તો રામનો પરમ ભક્ત હતો. તેથી જ રામના વિજયને વધાવવા એણે ફાફડા-જલેબી મિષ્ટાન વગેરે રામસેનાને ખવડાવ્યાં, આનંદ-પ્રમોદ કર્યો. દશેરાના શુભ દિવસે ફાફડા અને જલેબીની જ્યાફત ન માણીએ તો દશેરાની ઉજવણી કંઈક અધૂરી ગણાય છે. દશેરાએ અબાલ-વૃદ્ધ સૌ કોઈ ફાફડા-જલેબી ખાઈને જ વિજયાદશમી ઉજવે છે. અમદાવાદમાં જ્યાં મોટા પાયે ફાફડા જલેબી તો બને જ છે. આ ઉપરાંત મંડપ બાંધીને પણ સ્ટોલ ઉભા કરવામાં આવે છે. એક અંદાજ મુજબ અમદાવાદીઓ એક જ દિવસમાં અંદાજે કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ઝાપટી જાય છે.



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી પોર્ટ સ્થપાશે, વડાપ્રધાન દ્વારા આજે ખાતમુહૂર્ત

## ▪ સૌરાષ્ટ્રના શહેરોના વિકાસના નવા દ્વાર ખુલશે


ગુજરાત | વંદન

ગુજરાતને વધુ એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ મળ્યો છે. વિશ્વનું સૌપ્રથમ સીએનજી ઈમ્પોર્ટ ટર્મીનલ ભાવનગરમાં સ્થપાશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે 29મીએ તેનુ ખાતમુર્હુત કરશે. દેશમાં કલીન એનર્જીની વધતી ડીમાંડ વચ્ચે 400 કરોડના ખર્ચે સ્થપાનારા આ પ્રોજેકટથી ઉર્જા ક્ષેત્રે વૈકલ્પિક સ્ત્રોત ઉભો થશે. સીએનજી ટર્મીનલ સ્થાપવા માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડે ખાનગી કંપની સાથે વાયબ્રન્ટ સમીટ 2019માં કરાર કર્યા હતા. પોર્ટનુ બાંધકામ આવતા વર્ષે શરૂ થવાની શકયતા છે અને 2026માં કાર્યરત થઈ શકે છે.

સીએનજી ટર્મીનલ પોર્ટમાં વિશ્વની ચોથા નંબરની સૌથી મોટી લોક ગેઈટ સીસ્ટમ હશે. આ લોકગેટ બંધ થયા બાદ દરિયાઈ મોજાની થપાટથી લાંગરેલી શીપને કોઈ નુકશાન થતુ નથી. આ પ્રોજેકટથી વ્હીકલ સ્ક્રેપીંગ, કન્ટેનર પ્રોડકશન જેવા પ્રોજેકટોને પણ લાભ થશે. સીએનજી પોર્ટમાં અત્યાધુનિક કન્ટેનર ટર્મીનલ, બહુહેતુક ટર્મીનલ તથા રસ્તાને જોડતા લીકવીડ ટર્મીનલ પણ હશે. ગુજરાત મેરીટાઈમ બોર્ડના જનરલ મેનેજર જીતેન છગાણીએ કહ્યું કે આ પોર્ટની ક્ષમતા 5થી6 મીલીયન મેટ્રીક ટનની હશે. બ્રિટન સ્થિત ફોરસાઈટ ગ્રુપ તથા પદ્મનાભ મફતલાલ ગ્રુપની ખાનગી માલીકી હતી. ભાવનગર બંદર માટે વ્યુહાત્મક છે અને આ પ્રોજેકટ થકી વિકાસના નવા દ્વાર ખુલશે.

આગામી દાયકો ભાવનગરનો હશે તેમ કહી શકાય. ભાવનગરના જીલ્લા કલેકટર યોગેશ નિર્ગુડેએ કહ્યું કે શહેરથી આઠ કીમી દુરના વર્તમાન પોર્ટનું જ નવુ ટર્મીનલ એકસટેન્શન હશે. ભાવનગર બંદરે એક લોકગેટ છે. હવે બે નવા લોકગેટ થશે. ગેટલોક થયા બાદ દરિયાઈ મોજાથી શીટને કોઈ નુકશાન નહીં થાય. દરમ્યાન 29મી સપ્ટેમ્બરના ગુજરાત પ્રવાસ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજયના અન્ય 3472.54 કરોડના વિકાસકામોનું ખાતમુર્હુત-લોકાર્પણ કરશે તેમાં પાણી પુરવઠા, ડ્રેનેજ, ડ્રીમસીટી જેવા પ્રોજેકટોનો સમાવેશ થાય છે.





# ભાવેણાની ધરતી પર આજે પીએમ મોદીનું આગમન

## 11 કરોડના ખર્ચે એરપોર્ટ જેવી આધુનિક સુવિધા સાથે બસ સ્ટેન્ડનું લોકાર્પણ

ગુજરાત | વંદન

ભાવનગરમાં એરપોર્ટ જેવી આધુનિક સુવિધા સાથે નિર્માણ પામેલા ભાવનગર બસપોર્ટનું આગામી ૨૯મીના રોજ પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. નવીનતમ બસ સ્ટેન્ડમાં અગાઉની તુલનાએ પ્લેટફોર્મની સંખ્યા વધારીને ૧૮ કરવામાં આવી છે. આ ઉપરાંત મુસાફરો માટે અન્ય સુવિધાઓ પણ જોડવામાં આવી છે.

એસ. ટી. નિગમને નવીન બસ સ્ટેશનના બાંધકામ માટે ફાળવેલ સહાય થકી ભાવનગર એસ.ટી. વિભાગના ભાવનગર સેન્ટ્રલ બસ સ્ટેન્ડને રૂા.૧૧.૧૦ કરોડના ખર્ચે આર.સી..સી. ફ્રેમ સ્ટ્રક્ચરવાળા સુવિધાયુક્ત નવીન બનાવવામાં આવ્યું છે. તત્કાલિક મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ૨૨જૂન ૨૦૧૯માં બસપોર્ટનું ખાતમુહૂર્ત થયું હતુ. ત્યારબાદ કામમાં સતત વિલંબ અને પછી નેતાઓની રિબીન કાપવાની વાટે બસ સ્ટેન્ડનું લોકાર્પણ બે-ત્રણ માસથી ટલ્લે ચડયું હતું. હવે ૨૯મીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવનગર આવી રહ્યા છે, ત્યારે તેમના હસ્તે આધુનિક સુવિધાથી સજ્જ બસપોર્ટનું લોકાર્પણ કરાશે. આ માટે એસ.ટી. તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. નવીનતમ બસ સ્ટેશનમાં કુલ ૨૭,૪૦૪ ચોરસ મીટરનું બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ પ્લેટફોર્મ, ૪ સ્ટોલ, ૧૭ દુકાન, મુસાફરો માટે ૧૨ યુશિનલ, ૦૭ શૌચાલય, ૦૫ બાથરૂમ અને દિવ્યાંગો માટે અલગ પ્રકારના શૌચાલય, સ્લોપીંગ રેમ્પ તોજ ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરાઈ છે. ભાવનગરના સિનિયર ડેપો મેનેજર કે.જે. મહેતાએ જણાવ્યું કે, આ બસ સ્ટેશનમાં અગાઉના સ્ટેશન જેવી સુવિધાઓ તો છે જ. ઉપરાંત નવીન પ્રકારની આકટેક્ચરલ ડિઝાઈન સાથેનો બસ સ્ટેશનને લુક અપાયો છે. બસ સ્ટેશનમાં નિષ્કલંક મહાદેવ, અલંગ, કાળિયાળ અભિયારણ, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના વિવિધ સ્થળોના ભાવનગરથી અંતર અને તેને દર્શાવતા ચિત્રો મુસાફરો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે તેમ ઉમેર્યું હતું.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આનંદમાં અભિવૃદ્ધિ અને પરિવાર સાથેનું બંધન વધુ મજબૂત થાય. તમે પરિવારને આગળ લઈજવા માટે જરૂરી દરેક બાબતે લાગણીભરી નિસ્બત દાખવો છો, તેની અસર રૂપે તમને બધી દિશાઓમાંથી સહકાર મળી રહેશે. આ સમયગાળામાં કુટુંબ માટે, વિદેશ ગમનના પણ યોગો રહેલા છે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ સમયગાળામાં તમારે ધૈર્ય જાળવવાની અને બિનજરૂરી વિવાદોમાં ન પડવાની સલાહ છે. સામાજિક બાબતે, વર્તમાન સંજોગોને આધીન રહીને ફેરફાર સર્જાશે, તમારે આર્થિક સંકટમાંથી નિકળવામાં થોડો સમય લાગશે. પરંતુ હવે તમારી ગાડી પાટા પર આવી જશે.

**મિથુન** (ક.છ.ઘ)
તમે નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળશો. કૌટુંબિક અને અંગતપણે એમ બંને રીતે ખર્ચ ઉપર કાપ મૂકશો, તો સરલતા રહેશે. અત્યારના સમયમાં કરકસર લાભદાયક સાબિત થાય. સોમવારે વાહનો અને ઈલેક્ટ્રોનિક સાધનો દ્વારા લાભ થાય. બુધવારે સંતાનોની પ્રગતિના સમાચાર મળે.

**કર્ક** (ડ.હ)
આ સમયગાળામાં નોકરી કે વ્યવસાયમાં સંતોષકારક સફળતાનો સમયગાળો છે. તમારો દ્દષ્ટિકોણ, ભવિષ્ય અંગેના વિચારો અને બુલંદ આત્મવિશ્વાસ એ તમારાં જમા પાસાં રહેશે અને તમારી પાસે પ્રાપ્ત છે તેવાં સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરશો.

**સિંહ** (મ.ટ)
તમારામાં માણસાઈના ગુણો વિકસે અને તેની અસર તમારાં કાર્યો ઉપર પડે. પોતાની સામાજિક અને આર્થિક રીતે પ્રગતિ થતી જોઈ શકાય. માત - પિતા થી લાભ મળી શકે. જરૂર કરતાં વધારે પૈસા મળવાની શક્યતા છે. પરંતુ ખર્ચ કરવામાં સાવધાની રાખવી જરૂરી છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આ અઠવાડિયે તમો પરિવાર અને પારિવારિક બાબતોમાં વ્યસ્ત રહેશો, નોકરી ધંધાના સાથે તમને સહકાર, આરામ અને આનંદ મળી રહે તેવા સંજોગોનું સ્વયં નિર્માણ થતું રહે તેવા સંજોગો ઉભા થાય . કોઈના કહેવાથી નિર્ણય ન લેવો, કે ન બદલવો. સોમવારે સફળતા મળી રહેશે.

**તુલા** (ર.ત)
શાંતિ રાખશો તો સમૃદ્ધિ અને પુરસ્કાર મેળવશો, ખાસ કરીને આધ્યાત્મિક અને માનસિક વૃદ્ધિ તથા વિકાસ થશે. લોકો પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થશે. તમારી યોજનાઓ, ઉદેશ્યો, ભવિષ્યમાં તમારું સ્થાન.. વગેરે બધું ઉપર કહેલી નજરે જ પરખવામાં આવશે. નાના પ્રવાસની પણ સંભાવના છે.

**વૃશ્ચિક** (ન.ય)
આ વખતે આપ અધૂરાં પગલાં નહીં ભરો, કારણ કે આપ આત્મસંતોષની શોધમાં છો. લોકો ઊંડાણપૂર્વક વાત કરશે , કારણ કે જીવન તેનાં ઘણાં પાસાં રજૂ કરતું હોય છે. આપ જેને પોતાના ગણતા હતા તે વ્યક્તિ સાથે શાંતિથી કામ લેવું. આપને અચાનક જ સાચી વાસ્તવિકતાનો ખ્યાલ આવશે.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહ દરમિયાન તમારી કામ કરવાની , સરળ અને આગવી શૈલીઓ ઘણી લોકપ્રિય બનશે. લોકો સાથેનો વ્યવહાર વધુ સક્રિય બનશે, તમે તમારા વ્યવહારોમાં અંગત ફાયદો કરતાં સામાજિક મૂલ્યોનું વધારો ધ્યાન રાખશો. જે તમને સહાયકારક નીવડશે.

**મકર** (ખ.જ)
નોકરી ધંધામાં સ્થિતિ મજબૂત બનતી જણાય. નવી તક મળી શકે. બાળકો માટે, પરીક્ષા જેવી બાબતોમાં સારી સફળતા મળી શકે છે. સ્થાવર મિલકતનાં પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે વધારે પ્રયાસ જરૂરી છે . મંગળવારે વડીલોના સ્વાસ્થ્ય અંગેની ચિંતા હળવી બને.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ સપ્તાહમાં પરિવારની અને તમારી તબિયત અંગે સાવધાની રાખવી પડશે. આધ્યાત્મિક બાબતોમાં આપનો વિશ્વાસ અને સ્વજનો માટેનો પ્રેમ, તમારામાં નવા જુસ્સાનો સંચાર કરશે. મુશ્કેલી લાગે તો પણ લાગ્યા રહેવું. જોકે, બાળકો, માતા-પિતા અને સંબંધીઓ.

**મીન** (દ.ચ.ઝ)
જો આપ બીજાને મદદ કરશો, તો લોકો આપની ચિંતાઓ અને મુશ્કેલીઓ દૂર કરશે. પારિવારિક પ્રશ્નોમાં આપ કેવી ભૂમિકા ભજવશો તે અંગેનો સ્પષ્ટ ખ્યાલ આપ મેળવી શકશો. જૂના મિત્રો અથવા પહેલાં કરેલા રોકાણ થી લાભ થાય. આ સમયગાળામાં આપ આધ્યાત્મિક બાબતો તરફ પણ ઢળશો. હકારાત્મક વલણેના કારણે તમે વધુ લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકો છો.

# માધાપરમાં દરોડા, ઉત્પાદકોને ફટકારી નોટીસ

# રાજકોટમાં વાસી મીઠાઈને 'રીફ્રેશ' કરી તહેવારોમાં વેચવાનું કારસ્તાન ઝડપાયું

ગુજરાત | વંદન

નવરાત્રી અને દશેરાના તહેવાર પર પ્રસાદીમાં અને ભોજનમાં મીઠાઈનો ખુબ ઉપયોગ થતો હોય છે ત્યારે અગાઉના તહેવાર પર વધેલી અને બગડી ગયેલી મીઠાઈને રીફ્રેશ (રીસાયકલ) કરીને વેંચવાનું મોટુ કારસ્તાન મનપાના ફુડ વિભાગે પકડી પાડયું હતું. જામનગર રોડ પર માધાપરમાં આવેલ બે ડેરીમાંથી આવી મીઠાઈ વેંચાતી હોવાની બાતમી પરથી દરોડો પાડી ફૂડ વિભાગે 180 કિલો મીઠાઇ, 3 કિલો ફૂડ કલરનો નાશ કર્યો હતો.

હાલના તહેવારો ધ્યાને લઇ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા મીઠાઈના ઉત્પાદન કરાતા સ્થળોનું ચેકિંગ શરૂ કરાયું છે. તંત્ર દ્વારા 'જય ખોડિયાર ડેરી ફાર્મ', (ઉત્પાદન યુનિટ -જે. કે. સ્વીટ) નંદનવન સોસાયટી માધાપર, જામનગર રોડ પર તપાસ કરવામાં આવતા કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરાયેલી જૂની અને વણવપરાયેલી મીઠાઈનો જથ્થો રિફ્રેશ કરી ફરીથી માર્કેટમાં વેચાણ માટે રાખવામાં આવ્યાનું દેખાયું હતું. સ્થળ પરથી વાસી અખાદ્ય અંજીર બરફી, ચોકલેટ બરફી તેમજ અન્ય 110 કિલો મીઠાઇ અનહાયજિનિક રીતે સ્ટોરેજ કર્યાનું દેખાતા તે જથ્થો ફરીથી ઉપયોગમાં ન લેવાય તે હેતુથી સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત 'શ્રી જલારામ જાંબુવાળા'ને ત્યાં પણ ફૂડ વિભાગની ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવતા ફ્રીઝમાં સંગ્રહ કરેલ મીઠાઇનો જથ્થો રિફ્રેશ કરી ફરીથી માર્કેટમાં વેચવા રાખ્યાનું પકડાયું હતું જેથી વાસી અખાદ્ય પેંડા, કેસર પેંડા, થાબડી, બરફી,



અંગુરી પનીર તેમજ અન્ય મીઠાઇ બિનઆરોગ્યપ્રદ સ્થિતિમાં સ્ટોરેજ કર્યો હતો તે 70 કિલો મીઠાઇ અને 3 કિલો એક્સપાયરી થયેલ ફૂડ કલરનો સ્થળ પર જ નાશ કરી દેવામાં આવ્યો હતો.

# રાજકોટની મનદિપ ઈન્ડસ્ટ્રીઝની 16 કરોડની મિલકત જપ્ત કરાઈ

ગુજરાત | વંદન

રાજકોટ જિલ્લાના ઉપલેટાની ખાદ્યતેલનો વેપાર કરતી મનદિપ ઈન્ડસ્ટ્રીઝ વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ કાર્યવાહી કરી છે. ઈડીએ આ ઈન્ડસ્ટ્રીઝની મની લોન્ડરીંગ એક્ટ હેઠળ 16 કરોડની મિલકત જપ્ત કરી છે. આ ઈન્ડસ્ટ્રીઝે 2014થી 2020 દરમિયાન યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાંથી 47.30 કરોડની ક્રેડિટ લોન લીધી હતી. બાદમાં 44.64 કરોડની છેતરપિંડી કરી હતી. તેમજ સ્ટોક પણ પૂર્વ મંજૂરી વગર વેચી નાખવામાં આવ્યો હતો. આથી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ)ને ફરિયાદ કરી હતી. આથી ઈડીએ મનદિપ ઈન્ડસ્ટ્રીઝ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

2014 અને 2020 વચ્ચે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા પાસેથી લેવામાં આવેલી રોકડ ક્રેડિટ અને ટર્મ લોનમાં ડિફોલ્ટ કરવા બદલ મનદિપ ઈન્ડસ્ટ્રીઝ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સીબીઆઈએ ઉપલેટા સ્થિત મનદિપ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટરો સામે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા સાથે રૂ. 44.64 કરોડની છેતરપિંડી કરવા બદલ છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે. સીબીઆઈના અધિકારીઓના જણાવ્યા અનુસાર 2014 અને 2020 વચ્ચે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા પાસેથી લેવામાં આવેલી રોકડ ક્રેડિટ અને ટર્મ લોનમાં ડિફોલ્ટ કરવા બદલ ખાદ્યતેલના નિષ્કર્ષણ સાથે સંકળાયેલી કંપની મનદિપ ઈન્ડસ્ટ્રીઝ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

## હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

# વડોદરામાં ધક્કામુક્કીથી મોતના કેસમાં બોલિવૂડના બાદશાહ શાહરુખને 'સુપ્રીમ' રાહત

ગુજરાત | વંદન

વડોદરામાં ૨૦૧૭માં 'રઈસ' ફિલ્મનાં પ્રમોશન વખતે થયેલી



ધક્કામુક્કીમાં એક વ્યક્તિનાં મોત માટે શાહરુખને જવાબદાર ગણી પુનઃ કેસ ચલાવવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. અગાઉ, ગુજરાત હાઈકોર્ટે શાહરુખ સામેનો કેસ રદ કરી દીધો હતો. તેને પડકારતી અરજી સુપ્રીમમાં કરવામાં આવી હતી. પરંતુ, સુપ્રીમે ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ફેરફાર કરવાનો ઈનકાર કર્યો છે.

સુપ્રીમે આ ચુકાદો આપતી વખતે જણાવ્યું હતું કે સેલિબ્રિટીઓને પણ સામાન્ય માણસ જેવા જ એકસમાન હક્ક મળે છે. કોઈ એક વ્યક્તિનાં કૃત્ય માટે અન્ય વ્યક્તિને જવાબદાર ના ઠેરવી શકાય અને તે જ વાત સેલિબ્રિટી માટે પણ લાગુ પડે છે.

ગુજરાત હાઈકોર્ટે ગત એપ્રિલ માસમાં શાહરુખ સામે ફોજદારી કાર્યવાહી રદબાતલ ઠેરવી હતી. તેને પડકારતી અરજી કોંગ્રેસના એક નેતા જિતેન્દ્ર સોલંકીએ કરી હતી. આ અરજી ફગાવતાં જસ્ટિસ અજય રસ્તોગી અને જસ્ટિસ સી.ટી. રવિકુમારની બેન્ચે પૂછ્યું હતું કે શાહરુખ ખાનનો દોષ શું છે ? એ એક સેલિબ્રિટી છે તેનો મતલબ એ નથી કે તેને સામાન્ય માણસ જેવા અધિકારો ન મળે.

અદાલતે કહ્યું હતું કે શાહરુખ ખાન ટ્રેન દ્વારા પ્રવાસ કરતી વખતે દરેક વ્યક્તિની સલામતીની જવાબદારી લઈ શકે નહીં કે કોઈની સલામતી માટે વ્યક્તિગત ખાતરી આપી શકે નહીં. જો કોઈ ટ્રેન દ્વારા પ્રવાસ કરતું હોય તો તે અન્ય માટે વ્યક્તિગત ગેરન્ટી ન આપી શકે. આ દેશમાં સેલિબ્રિટીને પણ સામાન્ય માણસની સમાન જ અધિકારો મળે છે એમ બેન્ચે ભારપૂર્વક કહ્યું હતું. બેન્ચે કહ્યું હતુ કે એ સેલિબ્રિટી છે તેનો મતલબ એવો નથી કે તે બાકીની તમામ બાબતો પર અંકુશ ધરાવે છે. આપણે બીજા મહત્વના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરીએ સારું રહેશે.



# ગીરના જંગલોમાં ચંદનના વૃક્ષોની તસ્કરીનો પર્દાફાશ, ચાર આરોપીઓને ઝડપી પાડ્યા

ગુજરાત | વંદન

અમરેલી જિલ્લાના ગીરના જંગલોમાં ચંદનના વૃક્ષોની થતી તસ્કરીનો પર્દાફાશ વનવિભાગ દ્વારા કરવામાં આવ્યો હતોને અગાઉ રાજસ્થાનની ચંદન ચોર ગેંગને ઝડપી પાડીને રિમાન્ડ દરમ્યાન ગીરના જંગલો આસપાસ રહેતા સ્થાનિકો આ ચંદનના વૃક્ષોની તસ્કરીમાં સહભાગી હોવાનું ખૂલ્યું હતું.વનવિભાગ દ્વારા 200 કિલોગ્રામ ચંદનના વૃક્ષો તેમજ ચંદનની છાલ સાથે વધુ 4 શખ્સોની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે. છેક રાજસ્થાનથી આવીને ગીરના જંગલોમાં રહીને ચંદનના વૃક્ષો કાપીને લઈ જવાની ઘટના વનવિભાગ માટે પડકારરૂપ હતી. જંગલોની બોર્ડર પર સતત ચોકી પહેરો રહેતો હોવા છતાં જંગલો માંથી તસ્કરો ચંદનના વૃક્ષો કઈ રીતે લઈ જઈ શક્યા તે મોટો સવાલ ઉભો થયો હતો. ધારી અને ખાંભા ગીરના જંગલોમાંથી અનેક ચંદનના વૃક્ષોની ચોરીની ખાનગીમાં તપાસ કરતા વનવિભાગને સફળતા મળી હતી.

અગાઉ 19 સપ્ટેમ્બરે રાજસ્થાની ગેંગના ચાર શખ્સોને રંગેહાથ ગીરના જંગલોની બોર્ડર પરથી ઝડપાઇ ગયા બાદ વનવિભાગના અધિકારી દ્વારા ચંદન ચોરીના મૂળ સુધી પહોંચવા કમરકસી હતી જેમાં સફળતા મળી અને અને વધુ ચાર શખ્સોને વનવિભાગે 200 કિલોગ્રામ ચંદનના વૃક્ષોના કટિંગ સાથે ઝડપી પાડ્યા હતા. સાથે મદદગારી કરતા શખ્સો પણ વનવિભાગે સાણસામાં લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

ભાણીયા ગામ નજીક ગીર અભ્યારણ વિસ્તારમાંથી ૧)શાહરૂખ ફિરોદઅલી. રાજસ્થાન,૨) મહંમદ શેખ મુબારક શેખ. રે.રાજસ્થાન.૩) આમિર ખાન ઈશાખ ખાન પઠાણ. રે રાજસ્થાન.૪) પવન આત્મારામ વર્મા, રે.રાજસ્થાનને ઝડપી લેવાયા બાદ પૂછપરછમાં કબુલાત કરી હતી કે અગાઉ તેઓ ત્રણ વખત ધારી અને ખાંભાના જંગલ અને રેવન્યુ વિસ્તારમાં ચંદન ચોરી ગેરકાયદે ચંદનનો મુદ્દામાલ ખરીદી ચૂક્યા છે. બાદ વન વિભાગે આરોપીની પૂછપરછ માં મદદગારી અને મુખ્ય સૂત્રધાર જય કિરણ ભીખુ મહેતા.રે સરસિયા, લાલજી વિઠ્ઠલ માનપરા. રે સરસિયા, કિશોર મકન મહેતા. રે સરસિયા અને સાગર વીરજી પાટડીયાના નામ ખોલતા તેની અટક કરી કોર્ટમાં રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

## શબ્દોની સંતાકૂકડી 29 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | ■ | 2 | 3 | | ■ |
| | ■ | 4 | ■ | | ■ | 5 |
| ■ | 10 | | 7 | ■ | 8 | |
| 9 | ■ | 10 | | 11 | ■ | |
| 12 | | ■ | 13 | | | ■ |
| | ■ | 14 | ■ | | ■ | 15 |
| ■ | 16 | | | ■ | 17 | |

**ઊભી ચાવી**

(1) કાગળ; ચિઠ્ઠી, કોઈને લખાતો કાગળ [2]
(3) બહું થોડું; જરા, અલ્પ પ્રમાણમાં [2]
(4) ....... મારો દેશ છે, બધા ભારતીયો મારા ભાઈ બહેન છે [3]
(5) વડવો; પિતૃ [3]
(7) તલવાર [3]
(9) બારણે ટકોરો, સુસ્મિતા સેનની પહેલી હિન્દી ફિલ્મ [3]
(11) સમૂહગાન; વૃંદગાન [3]
(14) બ્રાહ્મણોની એક અટક [2]
(15) રખોપું કરવું; ... કરવી [2]

**આડી ચાવી**

(1) તરફેણ; બાજુ [2]
(2) મખ્ખીચૂસ [3]
(6) સોના કે ચાંદીને ટીપીટીપીને બનાવેલું પાતળું પતરું [3]
(8) તહેવાર [2]
(10) સૂર્યનો ગરમ પ્રકાશ, ઉનાળામાં આકરો લાગે [3]
(12) આશ્ચર્યચકિત, દિગ્મૂઢ [2]
(13) જય જય ...... ગુજરાત [3]
(16) મહેલ; પુષ્ટિમાર્ગીય મંદિર [3]
(17) ધોરણ; ઓરડો [2]

શબ્દોની સંતાકૂકડી-29 નો ઉકેલ આવતા અંકે

શબ્દોની સંતાકૂકડી-28નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ટી | 2 ખ | ળ | ■ | 3 પ્ર | 4 કા | 5 શ |
| 6 ચ | લ | ■ | 7 વિ | ■ | 8 ગ | ર |
| ર | ■ | 9 ન | ગ | 10 દ | ■ | દ |
| ■ | 11 અ | વ | ત | ર | ણ | ■ |
| 12 ખે | ■ | 13 લ | વા | દ | ■ | 14 ચા |
| 15 ત | 16 દા | ■ | ર | ■ | 17 અ | ર્જ |
| 18 ર | સ | જ્ઞ | ■ | 19 ખ | મી | ર |

## કોયડો નં. 31 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | | | 2 | | | 6 |
| 5 | | | 6 | | | 1 | | |
| | 6 | | | 8 | | | 2 | |
| | | | 7 | 6 | 1 | | | |
| 6 | | 1 | | | | 5 | | 7 |
| | 2 | | 3 | | 9 | | 8 | |
| 3 | | 5 | | | | | | |
| 2 | | | | 7 | 5 | 4 | | |
| | 1 | | | | | | | 5 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-31નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 8 | 1 | 9 | 2 | 7 | 5 | 6 |
| 5 | 7 | 2 | 6 | 3 | 4 | 1 | 9 | 8 |
| 1 | 6 | 9 | 5 | 8 | 7 | 3 | 2 | 4 |
| 8 | 5 | 3 | 7 | 6 | 1 | 2 | 4 | 9 |
| 6 | 9 | 1 | 2 | 4 | 8 | 5 | 3 | 7 |
| 7 | 2 | 4 | 3 | 5 | 9 | 6 | 8 | 1 |
| 3 | 4 | 5 | 8 | 1 | 6 | 9 | 7 | 2 |
| 2 | 8 | 6 | 9 | 7 | 5 | 4 | 1 | 3 |
| 9 | 1 | 7 | 4 | 2 | 3 | 8 | 6 | 5 |

## બિહારના સીએમ નિતિશકુમાર યુપીમાં ભાજપને હરાવવા લોકસભા ચૂંટણી લડશે...!

# યુપી+બિહાર= ગઈ ભાજપ સરકાર.. કહેતા ભી દિવાના ઔર...!

**• બિહારની 40, બંગાળની 42, તેલંગાણાની 17 અને પંજાબની 13 મળીને 100 કરતાં વધારે બેઠકો પર જીતવુ કઠીન..**

ગુજરાત | વંદન

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીઓ એપ્રિલ-મે,2024માં યોજાવાની છે. પરંતુ કોંગ્રેસ સહિત લગભગ તમામ પાર્ટીઓએ તેની તૈયારીઓ અત્યારથી જ આરંભી દીધી છે. રાહુલની હાજરીમાં કોંગ્રેસની કન્યાકુમારીથી કાશ્મિરની પદયાત્રા લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ જ છે. બીજી તરફ જ્યાં લોકસભાની 40 બેઠકો છે એ બિહારમાં ભાજપ હવે સત્તામાં નથી. નિતિશકુમારે ભાજપથી અલગ પડીને ફરીથી લાલુની પાર્ટી સાથે સરકાર બનાવી અને તેમનું વલણ એકાએક ભાજપ વિરોધી બન્યુ એટલુ જ નહીં પણ તેમની પાર્ટીએ તો રાજકીય સૂત્ર પણ આપી દીધુ કે યુપી-બિહાર મિલ ગયે તો ગઈ ભાજપા સરકાર...!

રાજકીય બાબતોનો અભ્યાસ કરનારાને એ નવાઈ લાગે છે કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉત્તર પ્રદેશમાં મજબૂત ભાજપને હરાવવા માટે અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી સાથે જોડાણ કરવાની તમામ તૈયારીઓ કરી છે એટલુ જ નહીં પણ પોતે બિહારના સીએમ હોવા છતાં લોકસભાની ચૂંટણીમાં યુપીમાંથી ઉમેદવારી કરવાના રાજકીય સમીકરણો ગોઠવી રહ્યાં છે...! એક રાજ્યના મુખ્યમંત્રી પડોશી રાજ્યમાંથી ચૂંટણી લડશે..!

નિતિશકુમારની પાર્ટી જેડી(યુ)ના પ્રમુખ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલને દાવો કર્યો કે યુપીમાં પાર્ટીના કાર્યકર્તાઓ ઈચ્છે છે કે નીતીશ કુમાર, નજીકના રાજ્યમાં એટલે કે યુપીમાંથી આગામી લોકસભા ચૂંટણી લડે. લલનનું માનવુ છે કે, જો નીતિશ અને સપાના નેતા અખિલેશ યાદવ સાથે આવે છે, તો 2019માં યુપીમાં લોકસભાની 80માંથી 65 બેઠકો જીતનાર ભાજપને 20થી ઓછી બેઠકો મળી શકે તેમ છે....! યુપીમાં કઇ બેઠક પરથી



નિતિશકુમાર ચૂટણી લડશે.. તો તેના જવાબમાં જેડી(યુ)ના વડાએ કહ્યું, “લોકસભા ચૂંટણીના ઉમેદવાર તરીકે અમારા મુખ્યમંત્રીની સૌથી ઉત્સાહી માંગ ફુલપુર મતવિસ્તારમાંથી આવી છે. આવી જ બીજી માંગ આંબેડકર નગર અને મિર્ઝાપુરમાં પણ પાર્ટીના કાર્યકરો દ્વારા કરવામાં આવી છે.

પાર્ટીના પ્રદેશ પ્રમુખ બોલે એટલે એ સીએમને વિશ્વાસમાં લઈને કહેતા હોય છે તેથી એમ માની શકાય કે ખુદ નિતિશકુમાર પણ ઈચ્છતા હશે કે યુપીમાં ભાજપમાં ગાબડુ પાડવુ. લલને પૂરતા સંકેતો આપ્યા કે મુલાયમસિંહ યાદવ દ્વારા સ્થાપિત સપા સાથે જોડાણ કરવા જેડી-યુ તૈયાર છે. નોંધનીય છે કે નિતિશકુમારે તાજેતરમાં દિલ્હી મુલાકાત દરમિયાન મુલાયમસિંહ સાથે બેઠક યોજી હતી.

જેડી(યુ) કહે, “વિપક્ષી એકતા માટે અમારા નેતાનું અભિયાન વધી રહ્યું છે. જો કે તે બિહારની 40 લોકસભા બેઠકોમાંથી કોઈપણમાંથી ચૂંટણી લડવાનું પસંદ કરી શકે છે, પરંતુ યુપીમાંથી વધતી માંગ તેમની રાષ્ટ્રીય પહેલને કારણે છે.” એક મહિના પહેલા અચાનક જ ભાજપથી અલગ થયા બાદ બિહારના સૌથી લાંબા સમય સુધી સેવા આપતા મુખ્યમંત્રી રાષ્ટ્રીય રાજકારણમાં ભૂમિકા ભજવવા માટેનો ઝોક દર્શાવે છે.



રાષ્ટ્રીય ફલક પર જોઈએ તો .લોકસભાની બિહારમાં 40 અને યુપી 80 બેઠકો મળીને 120 થાય છે.. યુપીમાં ભાજપની સાથે લગભગ કોઈ સહયોગી પક્ષ નથી. બિહારમાં નિતિશ હવે તેમના કટ્ટર વિરોધી બનીને બંગાળના સીએમ મમતાદીદીની જેમ દાંત કચકચાવીને ભાજપને હરાવવા માંગે છે. બંગાળની 42 બેઠકો 120માં ઉમેરીએ તો 162 બેઠકો થાય.

પંજાબમાં હવે ભાજપની બી ટીમ મનાતી આપ પાર્ટીની સરકાર છે પણ જે રીતે દિલ્હીમાં આપ પાર્ટીની સરકાર અને તેના નેતાઓની સામે એક પછી એક દરોડા, ધરપકડ,કેસો નોંધવા વગેરે.ને કારણે કેજરીવાલ પંજાબની લોકસભાની 13 બેઠકોમાંથી કેટલી જીતવા દેશે..? કેજરવાલને પોતાને હવે બીજાના ખીલે કૂદીને ભારતના વડાપ્રધાન થવાના અભરખા જાગ્યા છે.

તેલંગાણામાં લોકસભાની 17 બેઠકો છે. તેલંગાણાના સીએમ કેસીઆર પણ ભાજપ અને મોદીના ભારે વિરોધી બન્યા છે. નિતિશકુમાર સાથે હાથ મિલાવવા તેમણે તાજેતરમાં પટણાની મુલાકાત લીધી હતી. આ તમામ રાજકીય પરિબળો અને આકાર લેતી સ્થિતિને જોતા ભાજપ માટે ચોક્કસપણે પડકારરૂપ છે યુપીમાં ભાજપ 80માંથી ફરીથી 65 બેઠક જાળવી રાખે તો પણ બિહારની 40, બંગાળની 42, તેલંગાણાની 17 અને પંજાબની 13 મળીને 100 કરતાં વધારે બેઠકો પર



જીતવુ સીધા ચઢાણ સમાન કહી શકાય.

ભાજપને મુખ્ય જનાધાર ઉત્તર ભારત અને ખાસ કરીને યુપી અને બિહાર છે. બંગાળમાં ગઇ વખતે 42માંથી ભાજડપને 18 બેઠકો મળી પણ વિધાનસભાની ચૂંટણીમાં દીદીએ આપેલી હાર અને તે પછી ભાજપ દ્વારા તેમની સરકાર સામે એક પછી એક આંદોલનો, તપાસ એજન્સીઓની કાર્યવાહીને જોતાં દીદી આ વખતે લોકસભામાં ભાજપને ફરીથી 18 બેઠકો જીતવા દે એમ અભ્યાસુઓને લાગતુ નથી.

દક્ષિણ ભારતમાં તામિલનાડુ, કેરળમાં ભાજપને ઈચ્છિત બેઠકો ક્યારેય પણ મળી શકી નથી. આંધ્રમાં જગન મોહન કદાજ ભાજપ સાથે ગઠબંધન નહીં કરે તો ઔવૈસી ભાજપને મદદ કરી શકે. જો કે ભાજપ પણ નિતિશકુમારની ચાલ, દીદીની બબાલ અને પદયાત્રા દ્વારા રાહુલના કમાલ પર સુક્ષ્મતાઈથી નજર રાખી રહ્યું છે. તું ડાલ..ડાલ..મૈં પાંત.. પાંત..ની જેમ ભાજપ વળતા પ્રહાર માટે તૈયાર છે. બની શકે કે બિહારમાં નિતિશના કેટલાક ધારાસભ્યો જ તેમની સામે બળવો પોકારે તો...? ભાજપ શિવસેના જેવી હિન્દુ પાર્ટીમાં ભાગલા પડાવી શકે તો નિતિશ કે લાલુની પાર્ટીમાં ભાગલા ડાબા હાથનો ખેલ છે. તેથી એમ કહી શકાય કે યુપી વત્તા બિહાર=ભાજપ સરકાર ગઇ..નું સૂત્ર કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના...!

અનુસંધાન પેજ 1 પરથી...

### વડાપ્રધાનના.. ...

રાજકીય સૂત્રોએ જણાવ્યું કે, ભાજપ અને મોદી-શાહ ગઈ વખતની જેમ અતિઆત્મ વિશ્વાસમાં રહેવાને બદલે જ્યાં જ્યાં કોંગ્રેસ મજબૂત છે ત્યાં ત્યાં એક પછી એક ધારાસભ્યોને ખેરવવાની સાથે જાહેર સભાના કાર્યક્રમો પણ આયોજિત કર્યા છે. બે દિવસના પ્રવાસ દરમિયાન કાર્યક્રમોના લોકાર્પણની સાથે તેઓ ભાજપ સંગઠન સાથે પણ સમીક્ષા બેઠકો યોજે તેવી શક્યતાઓ છે. જોકે, તેઓ ગુજરાતની મુલાકાત વખતે જ સમીક્ષા બેઠકો યોજતા હોય એવું નથી પોતાની રીતે પણ પોતાના માધ્યમથી ગુજરાતની રાજકીય પરિસ્થિતિ પર બાજ નજર રાખીને તમામ 182 બેઠકોનું માઈક્રો પ્લાનિંગ તૈયાર કર્યું છે. આ વખતે 99 કરતા વધુ અને 150 બેઠકોના લક્ષ્યાંક સાથે ભાજપ આગળ વધી રહ્યું છે. ભાજપ 182માંથી 150 બેઠકો મેળવીને કોંગ્રેસનું 149 બેઠકો જીતવાનો રેકોર્ડ તોડવા માંગે છે. આટલી બેઠકો તેમને મળશે કેમ એતો નવેમ્બરના અંતમાં જાહેર થનાર પરિણામો કહેશે પણ કમસે કમ 130 બેઠકો કોઈ પણ રીતં હાંસલ કરવી તેઓ એક રાજકીય લક્ષ્ય ભાજપે રાખ્યો છે અને તેને પ્રાપ્ત કરવા ભાજપે આ વખતે ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો પણ સામનો કરવાની સાથે મુસ્લિમ નેતા ઔવેસી અને આદિવાસી નેતા છોટુ વસાવાની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે.

અમદાવાદમાં મેટ્રો રેલનું ઉદ્ઘાટન અને મોદી સ્ટેડિયમમાં 36મી નેશનલ ગેમ્સનું ઉદ્ઘાટન, ઉત્તર ગુજરાતમાં 8633 આવાસોનું ખાતમુહૂર્તની સાથે 1967 કરોડના ખર્ચે બંધાયેલ 53172 મકાનોનું લોકાર્પણ કરશે. આ મકાનો વિવિધ સમુદાય માટે બનાવવવામાં આવે છે. આ ઉપરાંત નવી વંદેભારત હાઈસ્પીડ ટ્રેનને લીલીઝંડી ગાંધીનગરથી દર્શાવી પ્રસ્થાન કરવવાની સાથે એજ ટ્રેનમાં બેસીને અમદાવાદ આવશે. નવી તારંગાહિલ આબુ રોડ રેલવે લાઈનનું પણ શિલાન્યાસ કરશે. અંબાજીમાં સાંજની આરતી કરશે ત્યાર બાદ 30મીએ મેટ્રો સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે.

આ ઉપરાંત ડિસા ખાતે એરફોર્સ સ્ટેશન અને અન્ય આંતરમાળખાકીય સુવિધાઓના અંદાજે રૂપિયા 1 હજાર કરોડના કામોનું ખાતમુહૂર્ત કરશે. પાલનપુર -મહેસાણા વચ્ચે 1881 કરોડના ખર્ચે નવી બનેલી રેલ્વે લાઈનનું પણ ઉદ્ઘાટન કરશે. રૂપિયા 124 કરોડના ખર્ચે અંબાજી બાયપાસ રોડના કામનું શિલાન્યાસ ઉપરાંત મીઠા-થરાદ-ડીસા-લખની રોડનું લોકાર્પણ કરશે. અંબાજી ખાતે 53 કરોડના કામોનું શિલાન્યાસ કરશે.

સૂત્રો કહ્યું કે, વડપ્રધાન અને ભાજપે સરકારી કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની સાથે સંગઠનને પણ ઈશારો કર્યો કે, આ વખતની ચૂંટણીઓ વહેલી છે તેથી દિવાળીઓનો રજાઓ આળસ કરવાને બદલે પેજ પ્રમુખ સહિત સૌએ લક્ષિતત બેઠકો પ્રાપ્ત કરવા દોડવાનું છે. અને તેની તડામાર તૈયારીઓ થઈ રહી છે. દરમિયાન વડાપ્રધાનની સૂચાથી જ રાજ્ય સરકારે એક પછી એક આંદોલનનો નિવેડો લાવવાનું કામ પણ હાથ ધર્યું છે.

વડાપ્રધાનની હાજરીમાંમ કોંગ્રેસ અને ખાસ કરીને આપ આદમી પાર્ટી દ્વારા કાંકરી ચાળો ન થાય તેની ખાસ તકેદરી લેવા સંગઠન ઉપરાંત પોલીસ તંત્રને પણ સંતર્ક રહેવા જણાવવામાં આવ્યું છે. ભાજપને એવો ડર છે કે, કેજરીવાલની પાર્ટી મોદીના ક્રાયક્રમમાં કોઈ અટકચાળો કરે તેવી શક્યાતા છે કેમ કે, વડોદરા એરપોર્ટ પર કેજરીવાલની સામે ભાજપના કાર્યકરોએ મોદી મોદીના નારા લગાવીને તેમની ધક્કે ચડાવ્યા હોવાની ઘટના પણ બની છે શક્ય છે કે, આપ પાર્ટી તેનો બદલો લેવા મોદીના કોઈ જાહેર કાર્યક્રમમાં સૂત્રોચ્ચાર અને કાળા વાવટા ફરકાવવા એવી કોઈ ઘટના બની શકે.

### મોંઘવારી ભથ્થામાં..

સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવશે. ઓકટોબર માસમાં કર્મચારીઓને છેલ્લા 3 માસના તમામ એરિયર્સ પણ આપવામાં આવશે.

મોદી કેબિનેટ પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ 3 મહિના લંબાવવાનો નિર્ણય લીધો છે. પીએમ ગરીબ કલ્યાણ યોજનાની મુદત 30 સપ્ટેમ્બરે પુરી થતી હતી પરંતુ તેના બે દિવસ પહેલા કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં તેને વધુ 3 મહિના લંબાવી દીધી છે. વધુ 3 મહિના યોજના લંબાવવાને કારણે સરકારી તિજોરી પર 44,700 કરોડનો બોજો પડશે.

### દશેરા પહેલા..

આ બોનસ નાણાકીય વર્ષ 2021-22 માટે આપવામાં આવશે. આ પહેલા પણ સરકારે 2021માં 78 દિવસના બોનસની જાહેરાત કરી હતી. તે સમયે પણ 11 લાખથી વધુ રેલવે કર્મચારીઓને તેનો લાભ મળ્યો હતો. સરકાર સામાન્ય રીતે દશેરા પહેલા બોનસની જાહેરાત કરે છે. 2021માં આપવામાં આવેલા બોનસને કારણે તિજોરી પર 1985 કરોડ રૂપિયાનો વધારાનો બોજ હતો.

રેલ્વે કર્મચારીઓને મહિને 7,000 રૂપિયાનું મહત્તમ પ્રોડક્ટિવીટી લિંક્ડ બોનસ આપવામાં આવી શકે છે. તેના આધારે જો 78 દિવસના બોનસની ગણતરી કરવામાં આવે તો સરકાર દરેક પાત્ર રેલવે કર્મચારીને 17951 રૂપિયાનું બોનસ આપશે.

### વિવાદાસ્પદ સંગઠન..

વિરુદ્ધ દરોડા પાડવામાં આવ્યા હતા, આ દરોડા દરમિયાન આતંકવાદી સંબંધોના આરોપો સહિત અનેક મહત્વપૂર્ણ પુરાવા એજન્સીઓને હાથ લાગ્યા હતા.પીએફઆઈ સામેની કાર્યવાહી બાદથી ગૃહ મંત્રાલય આ મામલાની સતત દેખરેખ રાખી રહ્યું હતું. ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આ દરોડા અંગે એક બેઠક પણ બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં NIA, DG અને NSA અજીત ડોભાલ સહિત તમામ મોટા અધિકારીઓ હાજર હતા. કહેવામાં આવી રહ્યું છે કે ત્યારથી પીએફઆઈ પર પ્રતિબંધ લગાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. પીએફઆઈની કેડર, ફંડિંગ અને નેટવર્ક સંબંધિત અહેવાલો જોયા બાદ ગૃહ મંત્રાલયે આખરે પીએફઆઈને પ્રતિબંધિત સંગઠન જાહેર કર્યું.

### સતત છઠ્ઠા..

આ તરફ બુધવાર 28 સપ્ટેમ્બરના રોજ રૂપિયો ડોલર સામે 81.90 ના રેકોર્ડ નીચલા સ્તરે ખૂલ્યો હતો. રૂપિયો ડૉલરના મુકાબલે 81.93 ના સ્તર પર કારોબાર કરી રહ્યો હતો. ડૉલરની સતત મજબૂતી, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય મૂડીબજારમાંથી ભંડોળ પાછું ખેંચવા અને ઈક્વિટી માર્કેટમાં વધતા જોખમને કારણે રૂપિયામાં નબળાઈ જોવા મળી રહી છે. છેલ્લા ટ્રેડિંગ સેશનમાં ડોલર સામે રૂપિયો 81.57 ના સ્તરને પાર કરી ગયો હતો.

અનુસંધાન પેજ 10પરથી...

### મોહનથી મહાત્મા...

અને એ આખી મુહિમે અનોખો જુવાળ પેદા કર્યો. ગાંધીજી 1930માં જે આશય સાથે ગાંધી આશ્રમથી નીકળ્યા હતા તેની અસર ઈ.સ 1942માં જોવા મળી અને અંતે 1947માં દેશને આઝાદી મળી.

ગાંધી આશ્રમમાં રોજના 3 હજારથી વધુ અને વર્ષે અંદાજિત 7 લાખ જેટલા લોકો ગાંધી આશ્રમની મુલાકાત લે છે જેમાં વિદેશના અનેક દેશોના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રીઓ સહિતના લોકો આવી રહ્યાં છે જેમાં ભારતના અલગ અલગ રાજ્યોમાંથી લોકો અહીં શાંતિ પ્રાપ્ત કરવા અને ગાંધીજીના સાત્વત વિચારોથી માહિતગાર થવા આવે છે.

# CM કેજરીવાલને અડચણ ઊભી થાય એ માટે આપના કાર્યકર્તાની CBIએ ધરપકડ કરી: ઈસુદાન ગઢવી

**ઈસુદાને કહ્યું, વિજય નાયરને શરાબ કાયદા સાથે કોઈ લેવાદેવા નથી, તેમની પાસે કોઈ સરકારી પદ પણ નથી**

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે, આજે આખા ગુજરાતમાં અરવિંદ કેજરીવાલનું વર્ચસ્વ વધી રહ્યું છે. સમગ્ર ગુજરાતના લોકોનો વિશ્વાસ અરવિંદ કેજરીવાલ પર વધી રહ્યો છે કારણ કે અરવિંદ કેજરીવાલએ દર મહિને 300 યુનિટ મફત વીજળીની, બેરોજગારી ભથ્થાની, મહિલાઓને દર મહિને 1000 રૂપિયા આપવાની, સમયસર પેપર લેવાની અને પેપર લીક અટકાવવાની જેવી અનેક ગેરેન્ટીઓ આપી છે. અને એના કારણે ગુજરાતના દરેક લોકો અરવિંદ કેજરીવાલજી સાથે જોડાઈ રહ્યા છે. આ બધી બાબતોથી ભાજપ ડરી ગયું છે અને ગુજરાતમાં અરવિંદ કેજરીવાલ પરેશાન થાય, ગુજરાતના બાળકોને સારું શિક્ષણ ન મળે, પેપર લીક વગર પરીક્ષા ના લેવાય, બેરોજગારો બેરોજગાર જ રહે, ખેડૂતોને પૂરતા ભાવના મળે,




ખેડૂતો પાયમાલ રહે અને ગુજરાતમાં અરવિંદ કેજરીવાલની સરકાર ન બને એટલા માટે ભાજપ અરવિંદ કેજરીવાલજીને અને આમ આદમી પાર્ટીને રોકવા માટે અડચણ ઊભી કરી રહ્યું છે.

અરવિંદ કેજરીવાલજી માટે અડચણ ઊભી થાય એ માટે આપના એક સામાન્ય કાર્યકર્તા વિજય નાયરની CBIએ ધરપકડ કરી છે. સ્ટ્રેટેજી અને પ્લાનિંગનું કામ કરીને વિજય નાયરે પંજાબમાં આમ આદમી પાર્ટીને વિજય બનાવી અને ગુજરાતમાં પણ તેઓ સ્ટ્રેટેજી પ્લાનર છે અને તેમને શરાબ કાયદા સાથે કોઈ લેવાદેવા નથી, તેમની પાસે કોઈ સરકારી પદ પણ નથી. તેમના ઘરે CBI બે વખત જઈ આવી અને અત્યાર સુધી તેમના ઘરેથી કશું મળ્યું નથી. ભ્રષ્ટ ભાજપના કહેવાથી CBIના અધિકારીઓએ વિજય નાયરને એવી પણ ધમકી આપી કે “તમે મનીષ સિસોદિયાનું નામ આપી દો.” પરંતુ વિજય નાયરે આવા કોઈ દબાણમાં આવીને મનીષ સિસોદિયાનું નામ આપ્યું નહીં. અને અરવિંદ કેજરીવાલજી ગુજરાતમાં આવી ન શકે, ગુજરાતના લોકોનું ભલું ન થાય, ગુજરાત ભ્રષ્ટાચાર મુક્ત ન થાય, એટલા માટે વિજય નાયરની ધરપકડ કરવામાં આવી છે. અમને પૂરો વિશ્વાસ છે કે ભ્રષ્ટ ભાજપ ગમે તેટલો CBI અને EDનો દુરુપયોગ કરે પણ આ વખત ગુજરાતની જનતાએ આમ આદમી પાર્ટીનો સાથ આપવાનું નક્કી કરી દીધું છે. હૉલ ન આપવો, દિવાલ ઉપર લાગેલા પોસ્ટરોને ચેકી મારવા, કોઈ જગ્યાએ આમ આદમી પાર્ટીના કાર્યકર્મો ન થાય, આવા ઘણા અત્યાચારો તેવો આમ આદમી પાર્ટીને રોકવા માટે કરી રહ્યા છે.

## ગુજરાતના રાજકારણમાં પરિવર્તનના સંકેત

# ખોડલધામમાં નરેશ પટેલ અને કોંગ્રેસના મોટા નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ



ગુજરાત | વંદન

રાજકોટ જિલ્લાના કાગવડ ખાતે આવેલા ખોડલધામના પ્રમુખ અને દિગ્ગજ પાટીદાર નેતા નરેશ પટેલની કોંગ્રેસ આગેવાનો સાથે બેઠક થવાથી ફરીથી એ ચર્ચાએ જોર પકડ્યું છે કે શું નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાશે અથવા શું ગુજરાતના રાજકારણમાં કોઈ મોટું પરિવર્તન આવશે? ખોડલધામમાં નરેશ પટેલ સાથે આજે કોંગ્રેસના નેતાઓએ બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોર, રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ, ધારાસભ્ય પ્રતાપ દુધાતે હાજરી આપી હતી. આ ઉપરાંત ધારાસભ્ય લલિત વસોયા, સૌરાષ્ટ્ર પ્રભારી રામકિશન ઓઝા, કોંગ્રેસના આગેવાન અને પાટીદાર નેતા મિતુલ દોંગા પણ હાજર રહ્યાં હતા.

રાજકીય વર્તુળોમાં ચર્ચા થઇ રહી છે કે નરેશ પટેલ કોઈ મોટી જાહેરાત કરી શકે છે અથવા કોંગ્રેસ વિધાનસભા ચૂંટણીમાં પાટીદારોના નેતૃત્વ અંગે કોઈ મોટી જાહેરાત કરી શકે છે. આગાઉ પણ કોંગ્રેસના આગેવાનો અને નરેશ પટેલ વચ્ચે ઘણી વાર બેઠકો યોજાઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે આ બેઠક પહેલા કોંગ્રેસના આગેવાનોએ રાજકોટ ડેરીના ચેરમેન ગોરધન ધમેલીયા સાથે ખાનગી બેઠક કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિરપુર હાઈવે પરની હોટલમાં રાજકોટ ડેરીના ચેરમેન અને કોંગ્રેસના નેતાઓ વચ્ચેની આ બેઠક વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ખૂબ જ સૂચક માનવામાં આવી રહી છે.

વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ મતદારોના શરણે પહોંચી છે. રાજકોટના બહુમાળી ભવનથી કોંગ્રેસ દ્વારા “કોગ્રેસ કે સાથ, મા કે દ્વાર” યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યાત્રા ખોડલધામ થઈને સીદરસમાં આ યાત્રા પુર્ણ થશે. આ યાત્રામાં રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, પરેશ ધાનાણી અને લલિત કગથરા સહિતના નેતાઓ સામેલ થયા છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### 20 વર્ષ કોર્પોરેટ..

સ્ટ્રીટ લાઈટ તેમજ આરોગ્ય અને શિક્ષણ. રાયખડ઼ વોર્ડમાં સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવી છે. તેમજ એક અંગ્રેજી મીડિયમ શાળા પણ બનાવી છે. ખાડિયામાં 2.70 કરોડના ખર્ચે નવી સિવિલ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. સામાન્ય લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ત્રણ એમ્બ્યુલન્સની સેવા પણ ઉપલબ્ધ કરાવી છે, જે હાલ 24 કલાક માટે કાર્યરત છે.

કોરોનાકાળ દરમિયાન ઓક્સિજનની ભારે ખોટ સર્જાઇ હતી, ઓક્સિજનના અભાવે દર્દીઓ તડપી-તડપીને મોતને ભેટ્યા હતા. ત્યારે આ કપરા સમયમાં ખેડાવાલા દ્વારા બહેરામપુરા ખાતે ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવ્યા હતા. અહીં 5 કરોડના ખર્ચે મલ્ટિપલ ચેપીરોગ નિવારણ હોસ્પિટલ પણ બનાવી છે.

ધારાસભ્યએ દાવો કર્યો કે, સરકારની તમામ યોજનાઓનો લોકોને લાભ મળે એટલા માટે તેમના કાર્યાલય તરફથી કેમ્પનું આયોજન કરવામાં આવે છે. દરરોજ 500 લોકો તેમણા કાર્યાલય પર આવે છે અને તેમની જે પણ સમસ્યાઓ હોય તેનું નિરાકરણ કરવામાં આવે છે. તેમના વિસ્તારના કબ્રસ્તાન, ખ્રિસ્તી કબ્રસ્તાન અને સ્મશાનગૃહમાં આરસીસી રોડ બનાવવા માટે 35 લાખ આપવામાં ફાળવવામાં આવ્યા છે.

આ વખતે ગુજરાતમાં મુખ્ય વિપક્ષ તરીકે આમ આદમી પાર્ટી આગળ આવવાના પ્રશ્ન પર ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કહ્યું કે આમ આદમી પાર્ટી ભાજપની “બી” ટીમ છે. ગુજરાતમાં ભાજપની સત્તા જઈ રહી છે તેથી ભાજપને ફાયદો કરાવવા માટે આ “બી” ટીમ મેદાનમાં આવી છે. જો કે આની કોંગ્રેસ પર કોઈ અસર નહીં થાય. કોંગ્રેસ આ વખતે વિધાનસભા ચૂંટણીમાં 125 બેઠકો પર જીત મેળવી રહી છે. ગુજરાતમાં આ વખતે જનતાની સરકાર બનશે. લોકોનો ભાજપમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે અને લોકો કેજરીવાલને પણ ખૂબ સારી રીતે ઓળખી ગયા છે. કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર કોણ હશે તેવા પ્રશ્નના જવાબમાં ઈમરાને કહ્યું કે કોંગ્રેસમાં ઘણા દાવેદારો છે. પરંતુ મુખ્યમંત્રી નક્કી કરવાનું કામ ધારાસભ્યો અને હાઈકમાન્ડનું છે.

ઉલ્લેખનીય છે કે, 2017ની ચૂંટણીમાં જમાલપુર-ખાડિયા વિસ્તારમાં 2.30 લાખ મતદારો હતા અત્યારે તે વધીને 2.40 લાખ થઈ ગયા છે. ખેડાવાલાને 2017માં 75,346 મતો મળ્યા હતા, જ્યારે ભાજપાના ભૂષણ ભટ્ટને 46007 મતો મળ્યા હતા. ઈમરાન 31 હજાર મતોથી વિજયી થયા હતા.

### કોંગ્રેસના ધારાસભ્ય..

ભૂષણ ભટ્ટ કહે કે જમાલપુર-ખાડિયા વિધાનસભા મતવિસ્તારમાં આવેલા વિક્ટોરિયા ગાર્ડનનું નવીનીકરણ કોર્પોરેશનના હોદ્દેદાર, પ્રભારી ધર્મેન્દ્રભાઈ શાહ, સ્થાનિક કાર્યકરોની માંગણીને ધ્યાને રાખીને કરવામાં આવ્યું છે. કેટલાક નેતાઓ માત્ર ફોટા પડાવીને લોકપ્રિયતા મેળવી રહ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય આવી દોગલી અને દંભી રાજનીતિ કરી રહ્યા છે. સરકાર અને કોર્પોરેશનના કામનો શ્રેય પોતે લઇ રહ્યા છે, કોંગ્રેસ માત્ર લઘુમતિ સમાજ આધારિત રાજનીતિ કરે છે.

નવી સિવિલના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવવાના ખેડાવાલાના દાવા પર ભૂષણે કહ્યું કે 1995માં પૂર્વ મંત્રી અશોક ભટ્ટે કપરીવાડમાં આ આરોગ્યકેન્દ્ર બનાવી હતી, જે વર્ષ 2019માં અન્ય સ્થળે ખસેડવામાં આવ્યું હતું. અને કોર્પોરેશન તેમજ રાજ્ય સરકારે આ આરોગ્યકેન્દ્રની જગ્યાએ નવી હોસ્પિટલ બનાવવાની મંજૂરી આપી હતી.

આ માટે બે કરોડ રૂપિયા પણ ફાળવવામાં આવ્યા છે અને તેનું ટેન્ડર પણ મંજૂર કરવામાં આવ્યું છે, નવી બની રહેલી સિવિલની રૂપરેખા પણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવી છે, તે પ્રમાણે હોસ્પિટલનું નિર્માણ થશે.

ભૂષણ ભટ્ટે આરોપ લગાવ્યો કે ધારાસભ્ય ખેડાવાલાના રહેમ નજર હેઠળ ગુનેગારો, બદમાશો બેફામ થઈ ગયા છે, જેના કારણે જમાલપુરમાં ગુનાખોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એટલું જ નહીં કોંગ્રેસના નેતાઓ એમડી ડ્રગ્સ વેચતા ડ્રગ્સ માફિયાઓ માટે સુરક્ષા કવચ બની ગયા છે.

### અમદાવાદ મેટ્રોના..

અન્ડરગ્રાઉન્ડ સેક્શન છે જેમાં 4 અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન છે. 12925 કરોડના ખર્ચે પ્રથમ તબક્કામાં કામગીરી કરવામાં આવી છે. 2014માં પ્રોજેક્ટ મંજૂર થયા બાદ અત્યાર સુધી કુલ 910 લાખ માનવ દિવસ રોજગારીનું સર્જન આ પ્રોજેક્ટમાં થયું છે. આ પ્રોજેક્ટમાં કુલ 96 રેલવે કોચ, 129 લિફ્ટ, 161 એસ્કેલેટર અને 126 પ્રવેશ/નિકાસ પોઈન્ટ સામેલ છે.

### ‘....અને મેં..

પાર્ટીનો અનુશાસિત કાર્યકર્તા રહ્યો છું. મેં હંમેશા તે જ કર્યુ છે કે જે મને પાર્ટીએ કહ્યુ હતું. પાર્ટીએ મને મુખ્યમંત્રી બનવાનો આદેશ આપ્યો તો હું બની ગયો. જ્યારે પાર્ટીએ મને કહ્યુ કે મારું મુખ્યમંત્રી પદ તેઓ પાછું લઈ રહ્યા છે તો મેં રાજીખુશીથી હામી ભરી હતી.

આગળ તેમણે જણાવ્યુ હતુ કે, પાર્ટીના હાઈકમાન્ડનો આદેશ આવ્યાના અમુક કલાક પછી મેં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને વગર કશા વિરોધે કે વગર ગુસ્સે રાજીનામું સોંપ્યું હતું. રૂપાણીએ કહ્યુ હતુ કે, એક સારા કાર્યકર્તા રૂપે હું પાર્ટીના હાઈકમાન્ડ સામે ક્યારેય નથી ગયો. મેં મારું રાજીનામુ ઉદાસ નહીં પરંતુ હસતા મોઢે સોંપ્યુ હતુ.

# ભારતીય ચલણ રૂપિયો ઝડપથી ગગડીને 1 ડોલરની તુલનામાં 81 રૂપિયાની સપાટીએ પહોંચ્યો



ગુજરાત | વંદન

અમેરિકન સેન્ટ્રલ બેન્ક દ્વારા બુધવારે સતત ત્રીજી વખત વ્યાજનો દર વધારવામાં આવતાં અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન શ્રી જેરોમ પોવેલ વ્યાજના દરમાં 0.75 ટકાનો નવો વધારો જાહેર કર્યો છે.જેને પરિણામે વ્યાજનો દર 3 થી 3.25 ટકા વધવા પામ્યા છે. આની અસરરૂપે ભારતીય ચલણ રૂપિયા ઉપર તેનાં ઘેરા માઠા પ્રત્યાઘાતો પડ્યા છે. અમેરિકાએ ફુગાવાને કાબુમાં લેવા આ ત્રિજા તબક્કાના વધારાથી ડોલરનું મુર્ય વધવા પામ્યું છે. જેથી તેની રૂપિયાનું ચલણ રૂ. 81 ની નીજક પહોંચી ગયું છે. આની સ્વાભિવક અસરરુપે ભારતમાંથી વિદેશી ઈન્વેસ્ટરો તેમના રોકાણો પરત લઈ રહ્યા છે. જેની અસર રુપિયા ઉપર વધુ પડશે તેવી ભીતિ છે.

કરન્સી ડેપ્રિશિયન્સી તરીકે ઓળખાતી હતી. આ વખતે અન્ય ચલણો નબળા પડી ગયા છે. જેથી વિદેશી હુડીયામણ પર માઠી અસર થઈ છે. હકીકતમાં વિદેશી હુડીયામણ માં થતાં આ પરિવર્તનની અસરરુપે દેશની વિદેશી હુડીયામણ ની પરિસ્થિતિ વણસવા પામી છે. અને ઘટી જવાથી ભારતને તેના માટે પગલાં લેવા પડે તેવા સંજોગો ઉભા થયા છે. આ પરિસ્થિતિની મોટી અસર ભારત દ્વારા કરાતી જંગી આયાતો ખુબ મોંઘી થશે. સવિશેષ કરીને ક્રુડ ઓઈલની આયાત મોંઘી થતાં તેની અસર ભારતં અર્થતંત્ર ઉપર ઘેરી અસર પડશે. આના પરિણામે જંગી વિદેશી હુડીયામણ ક્રુડ ઓઈલની પાછળ ખર્ચાઈ જતાં હુંડીયામણની અનામતમાં ઘટાડો થશે તેવું મનાય છે. આ ઉપરાંત વિદેશથી આયાત કરાતી સામગ્રીનું પેમેન્ટ ડોલરમાં કરવાની પરિસ્થિતિનો સામનો આયાતકારોને ભોગવવો પડશે. આનો સચોટ ઈલાજ પુરે ભારતે તેની નિકાસની વૃદ્ધિ માટે આનુષાંગિક પગલાં લેવા પડશે. અમેરિકા વિશ્વનો એવો દેશ છે કે જે આર્થિક રીતે મક્કમ બન્યો છે.ડોલરની સામે સતત સરકતા રુપિયાને ગગડતો અટકાવવા માટે આર.બી.આઈએ વિદેશી હુડીયામણમાંથી ડોલર ખરીદવા માંડ્યા છે. અને રુપિયાનું સાપેક્ષ મુલ્ય ઘટતું અટકાવવા માટે તનતોડ મહેનત કરી છે.

# બેંકિંગ ક્ષેત્રે NPAના ઘટાડાનું પ્રમાણ ગણનાપાત્ર નીચી સપાટીએ, લોનની ભરપાઈ થઈ રહી છે

ગુજરાત | વંદન

ભારતીય અર્થતંત્રમાં સુધારો નોંધાવવાનું વલણ દર્શાય છે. આથી બેંકોમાંથી લીધેલી લોનની પરત ચુકવણી કરવાની બાબતમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ રહી હોવાના સંકેતો સાંપડે છે. જાણીતી રેટીંગ એજન્સીઓ ક્રીસીલના અહેવાલ મુજબ 2023 સુધીમાં બેંકોની નોંન પર્ફોર્મીંગ એસેટ્સ (એનપીએ) માં 0.9 ટકાનો ઘટાડો નોંધાવવાની શક્યતા દર્શાઈ છે. તાજેતરમાં જાહેર થયેલ એક અહેવાલ મુજબ અર્થવ્યવસ્થામાં ઝડપી સુધારો એટલે કે લોનની રીકવરીનું પ્રમાણ વધવા પામ્યું છે. જેની સ્વાભાવિક અસર રુપે બેંકોની લોન લેનારા ગ્રાહકો દ્વારા તેની પરત ચુકવણી ત્વરિત કરવાનું વલણ અપનાવી રહ્યા છે. તેનું કારણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટ દ્વારા તાજેતરનાં ભુતકાળમાં વધારો કર્યા પછી વ્યાજના દરોમાં વધારો થયો છે. તાજેતરના બુધવારે અમેરિકાના યુએસ ફેડ દ્વારા વ્યાજના દરમાં 0.75 ટકાનો જાહેર કર્યો છે, તેને પરિણામે વ્યાજનો દર 3.5 ટકી સપાટીએ પહોંચ્યો છે. તેની ગંભીર અસર ભારતચની બેંકીગ સેવાઓ ઉપર પડવાની ભીતિ છે. આથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આગામી અઠવાડીયમાં નજીકના ભવિષ્યામં વ્યાજના દરમાં રેપો રેટમાં વધારો કરે તેવી શક્યતા વધવા પામી છે. જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા બેન્કીંગ દરો વધારી દેશે તેવી શક્યતાઓ ઉદભવી છે. આથી નહીં ચુકવાયેલી લોન ઉપરનું વ્યાજ પણ વધતાં વ્યાજનો બોજો વધુ લોન લેનારા ગાહકો ઉપર પડશે. આ પિસ્તિતિને અનુલક્ષીને લોન લેનાર વ્યાપારી વર્ગ તેમજ અન્ય વર્ગ દ્વારા અનુલક્ષીને ધિરાણ પરત આપવા માટે વધુ તત્પર બન્યા છે. આમ, આ બદલાયેલી ટ્રેડીંગ અસરરુપે બેંકોમાં લોનની રકમ પરત ચુકવણી વધવાની શક્યતા તેવું માનવું છે. સરકાર દ્વારા બેંકોને તેઓને સુવિધા પુરી પડાઈ છે, જે અનુસાર બેંકો તેમની એનપીએને નેશનલ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની (એનઆરએસી) ને એનપીએ વાળી લોનો વેચી શકશે. આથી આ બેંકોને નવી સુવિધા ઉભી કરવા માટેની તકો સાંપડશે. વેપાર ઉદ્યોગના ક્ષેત્રે સુધારાના સંકેતો ઉદભવતા બેંકોનું ધિરાણ મેળવવા માટેનું વેગ વધશે તેવી શક્યતા છે. એનપીએ ના પ્રમાણમાં ગણનાપાત્ર ઘટાડો થવાના મુખ્ય પરિબળ તરીકે તાજેતરનાં છેલ્લાં પાંચ વર્ષોમાં બેંકો દ્વારા 10 લાખ કરોડની લોન રાઈટ ઓફ કરાઈ છે. (ઘાલ ખાત માંડી વાળવાની નીતિ) આ નીતિથી પણ બેંકોની એનપીએમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા ઉભી થઈ છે. 2017 ના બેંકોની લોનની સલામતી એટલે કે પરત ચુકવણીની પરિસ્થિતિ 59 ટકા જેટલી હતી તે તાજેતરનાં વર્ષમાં ગણનાપાત્ર સુધારો થવાથી 77 ટકાની સપાટીએ પહોંચી છે. તેવું અહેવાલ દર્શાવે છે.

કોર્પોરેટ ક્ષેત્રની કંપનીઓને બેંકો દ્વારા અપાયેલ લોન જે એનપીએમાં પરિવર્તનમાં પામી હતી તે ચાલુ નાણાંકીય વર્ષમાં ઘટાડો થવાનો વેગ વધ્યો છે. 2023-24 ના વર્ષમાં એનપીએ 1 ટકાની સપાટીએ આવી જશે તેવું બેંકોના વર્તુળોમાંથી જાણવા મળે છે. હકીકતમાં 2018 ના વર્,માં એનપીએનું પ્રમાણ 16 ટકાની સપાટીએ હતું. આમાં સુધારો થતાં એનપીએમાં ઘટાડો નોંધાવાનો ચાલુ થયો અને તાજેતરમાં તેમાં ઘટાડાનું પ્રમાણ વધવા પામ્યું છે. એનપીએમાં સમાવેશ થયેલ લોન જેને ઘટાડો આવવાથી બેંકોની પાસે નાણાનોં ફ્લો સારા પ્રમાણમાં વધશે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.

# કિયારા અડવાણી વિમલ હેલ્ધી ઓઈલ્સની નવી બ્રાન્ડ એમ્બેસેડર

■ કિયારા અડવાણી અભિનીત નવા કેમ્પેન સાથે વિમલ ઓઈલ્સ હેલ્થ એન્ડ હેપ્પીનેસના 30 વર્ષની ઉજવણી કરી રહ્યું છે

ગુજરાત | વંદન

વિમલ હેલ્ધી ઓઈલ બ્રાન્ડ, કે જે આ વર્ષે તેની 30મી વર્ષગાંઠ પણ ઉજવી રહ્યું છે, ત્યારે બોલીવુડ અભિનેત્રી કિયારા અડવાણીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે લઈને નવા 360 ડિગ્રી એડ અભિયાનનો શુભારંભ કરશે. કિયારા વિમલ હેલ્ધી ઓઈલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રતિનિધિત્વ કરવા માટે અત્યંત ઉત્સાહિત છે. જ્યારે કિયારા અડવાણીને આ લોકપ્રિય બ્રાન્ડ સાથે જોડાવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, કે હું વિમલ ઓઈલ સાથે જોડાઈને ખૂબ જ ખુશ છું. હું અત્યંત ફિટ છું અને હેલ્થ પ્રત્યે સજાગ છું. હું હંમેશા વિચારતી હતી કે માત્ર થોડા જ તેલ એવા છે જેને આરોગ્યપ્રદ તરીકે ગણવામાં આવે છે પરંતુ, વિમલ સાથે જોડાયા પછી, મેં તેની ન્યુટ્રિશન રીટેન્શન ટેકનોલોજી (NRT)ને જાણી અને સમજી છે અને હકીકત એ છે કે આપણે આપણા ખાદ્યતેલ ને સમયસર બદલવાથી આપણને શ્રેષ્ઠ પોષણ અને આરોગ્ય મળે છે. આ બાબત સૌએ સમજવા જેવી છે અને હું ઈચ્છું છું કે દરેક વ્યક્તિ આ બાબત અપનાવે.



ફિટ અને હેલ્ધી રહેવાની ગ્રાહકોની અવિરત વધતી જતી જાગૃતિ અને માંગને કારણે, વિમલ હેલ્ધી ઓઈલ્સ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત ગ્રાહકો માટે યોગ્ય પસંદ છે. કિયારા અડવાણી ના બ્રાન્ડ સાથેના જોડાણથી ખાદ્ય તેલ માર્કેટમાં વિમલ ઓઈલ બ્રાન્ડને આગવી ઓળખ આપશે. વિમલ ઓઈલ બ્રાન્ડની ઓળખને મજબુત કરવા માટે કિયારા યોગ્ય છે કારણ કે તે યુવાન છે, સ્વાસ્થ્ય પ્રત્યે અત્યંત જાગૃત છે, ઘરેલું છે અને દેશના ઘરઘરમાં અત્યંત લોકપ્રિય છે.

1993માં શરૂ થયેલ વિમલ ઓઈલ, ખાદ્ય તેલોની સૌથી વિશાળ શ્રેણી ધરાવે છે. જેમા વિમલ રિફાઈન્ડ કપાસિયા તેલ, વિમલ પ્યોર ગોલ્ડ રીફાઇન્ડ અને ફિલ્ટર્ડ સીંગતેલ, વિમલ તીખા કચ્ચી ધાણી સરસવનું તેલ, વિમલ સોયાહાર્ટ સોયાબીન તેલ, વિમલ સનહાર્ટ સનફ્લાવર તેલ, વિમલ કોર્નલાઈફ કોર્ન તેલ અને વિમલ રાઈસ બ્રાન તેલનો સમાવેશ થાય છે. આ વિવિધતા સભર ખાદ્યતેલોની વિશાળ શ્રેણીથી વિમલ ઓઈલ ખાદ્યતેલ માર્કેટમાં આગવી ઓળખ ધરાવે છે.

વિમલ હેલ્ધી ઓઈલની સંપૂર્ણ શ્રેણી ન્યુટ્રીશન રીટેન્શન ટેકનોલોજીના (NRT) ઉપયોગ સાથે ઉત્કૃષ્ટ રીતે ઉત્પાદિત કરવામાં આવે છે આ ટેક્નોલોજી દ્વારા ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન તેલમાં ન્યુટ્રીશન ની મહત્તમ માત્રા જળવાઈ રહે છે અને પ્રોસેસ દરમ્યાન ચોકસાઈ રાખવામાં આવે છે કે એના તાપમાન, પ્રેશર, વેક્યૂમ અને ટાઈમના પેરામીટર તેલમાં વધુમાં વધું ન્યુટ્રીશન જળવાઈ રહે. વર્ષોનો અનુભવ અને ઉચ્ચતમ ટેકનોલોજી, વિમલ ઓઈલ બ્રાન્ડને વિશ્વસનીય અને સ્વાસ્થ્યપ્રદ ખાદ્યતેલ બ્રાન્ડ બનાવવાના મુખ્ય પરિબળ છે.

વિમલ હેલ્ધી ઓઈલ "બદલતા રહો, સ્વસ્થ રહો", "ચેન્જ ફોર હેલ્થ" અભિયાનના પ્રણેતા રહ્યા છે. જેમાં લોકોને મહિને-બે મહિને ખાદ્યતેલ બદલતાં રહેવા પર મહત્વ આપેલ છે. કારણ કે કોઈપણ એક ખાદ્યતેલમાં શરીરના સ્વસ્થ વિકાસ માટે તમામ આવશ્યક વિટામિન્સ અને ન્યુટ્રીશન નથી હોતા તેથી, આપણે શરીરના હેલ્થી ગ્રોથ માટે ખાદ્યતેલ બદલતા રાખવાનું ચાલુ રાખવું જોઈએ. અને વિમલ પાસે હેલ્થી ઓઈલ્સની પસંદગીના વિકલ્પો માટેની સૌથી વિશાળ શ્રેણી છે.

ખાદ્યતેલોમાં ફેટ ઉપરાંત વિટામિન્સના વિવિધ સ્ત્રોત છે જેમાં એન્ટીઓકિસડન્ટ અને સ્વાસ્થ્ય જાળવણી માટે ખૂબ જ જરૂરી ન્યુટ્રીશન જેમ કે ઓમેગાસ, ઓરાયઝનોલ, ટોકોફેરોલ્સ વગેરે નો સમાવેશ થાય છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂટ્રીશન (NIN) એ પણ ફેટી એસિડ્સ, વિટામિન્સ, એન્ટીઓકિસડન્ટ અને ઓમેગાસનું અનુકૂળ મિશ્રણથી મહત્તમ સ્વાસ્થ્ય લાભો મેળવવા માટે વિવિધ ખાદ્યતેલને અપનાવવાની અને સમયસર બદલતા રહેવાની ભલામણ કરી છે.

ગુજરાત રાજ્ય થી શરૂ થયેલી વિમલ ઓઈલની આ 30 વર્ષની સફર હવે પશ્ચિમ, મધ્ય, ઉત્તર અને ઉત્તરપૂર્વ ભારત સાથે, 21 થી વધુ રાજ્યોમાં વિસ્તરી રહી છે. અને હજી પણ વિસ્તરણની વિકાસયાત્રા નવા રાજ્યો તરફ આગળ વધી રહી છે.

સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત ગ્રાહકોની માંગને સંતોષવા માટે વિમલ લાઈટ ટેબલ સ્પ્રેડ અને હેલ્ધી સ્નેક્સની વિશાળ શ્રેણી પણ ઉપલબ્ધ કરાવી છે. આ ઉપરાંત વિમલ ઓઈલ્સ હવે "કોલ્ડ પ્રેસ્ડ" અને 'વુડ પ્રેસ્ડ' ખાદ્યતેલ ની વિશિષ્ટ સ્વાસ્થ્યપ્રદ શ્રેણી માર્કેટમાં ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવશે.

# સ્ટીલના ઉત્પાદન માટેની પ્રોડક્શન લીંક ઈન્સેન્ટીવ સ્કીમ માટે સરકાર દ્વારા રૂપિયા 6322 કરોડ અપાશે

ગુજરાત | વંદન

ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, આર્સેનલ મિત્તલ નિપોન સ્ટીલ, સહિતના 75 જેટલી સ્ટીલ કંપનીઓએ દેશના 6322 ના કિંમતના સ્કીમ માટે રજુઆત કરી છે. પ્રોડક્શન લીંક ઈન્સેન્ટીવ સ્કીમની માંગણી કરવાનો સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. એક અહેવાલ મુજબ મોટા સ્ટીલ પ્લાન્ટોની યાદીમાં ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, આર્સેનલ મિત્તલ નિપોન સ્ટીલ જાહેર ક્ષેત્રની સૈઈલ (સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા) આ કંપનીઓએ દરખાસ્તની તરફેણમાં માટે સારો પ્રતિસાદ દર્શાવ્યો છે. તેમ સ્ટીલ મીનીસ્ટ્રીના વર્તુળોમાંથી જાણવા મળે છે. ખાસ કરીને સ્પે( વેલ્યુ એડેડ તરીકે ઓળખાય છે. જેમાં તેના ઉપર કોટીંગ, પ્લેટીંગ, હીટ ટ્રીટમેન્ટ વગેરેની પ્રક્રિયા કરવામાં આવે છે. જેનાથી હાઈ વેલ્યુએડેડ તરીકે સ્ટીલ પ્રોડક્ટસ સારી કમાણી કરી આપે છે. આ પ્રકારની પ્રોડક્ટનો ઉપયોગ ડિફેન્સ સ્પેસ પાવર અને ઓટોમોબાઈલ સેક્ટરમં થાય છે. જો કે આ પ્રકારનાં સ્પેશિયાલીટી સ્ટીલ ની માંગને પહોંચી વળવા તેની આયાત પાછળ રૂ. 30 હજાર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આયત ઉપર આયાતનો બોજો ઘટાડવા માટે સરકાર સક્રિયપણે વિચારણા ચલાવી રહી છે. દેશમાં આ પ્રકારનું સ્પેશિયાલીટી સ્ટીલ ઉત્પનન થતા ટેક્નોલોજી મેળવવા માટે પણ સ્ટીલ પ્લાન્ટો સઘન પ્રયાસો કરી રહ્યા છે.

22 જુલાઈ 2022 ના રોજ સરકારની રેમીટન્સ યોજના દ્વારા સ્પેશિયાલીટી સ્ટીલના ઉત્પાદનને વૃદ્ધિ મળે તે માટેની દરખાસ્ત મંજુર કરાઈ છે. સ્પેશિયાલીટી સ્ટીલની આ શ્રેણીનાં સ્ટીલની ક્વોટેડ પ્રોજેક્ટ હાઈ ટેન્સાઈલ સ્ટીલ, સ્પે. રેલ્સ અને એલોય સ્ટીલ વગેરેના ઉત્પાદન કરવામાં આવશે.

# ખાંડનો નિકાસ ક્વોટા જાહેર કરવા માટે એસો. દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરાઈ

ગુજરાત | વંદન



દેશની વિદેશી હુડીયામણની પરિસ્થિતિને સુધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા દેશમાંથી નિકાસ યોગ્ય આઈટમોની નિકાસને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી પડી છે. મળતી માહિતી મુજબ ખાંડના ઉત્પાદનની નવી મોસમ શરુ થાય તે પૂર્વે એટલે કે ઓક્ટોબર 2022 થી અમલી બને તે રીતે નવો નિકાસ કોટા જાહેર કરવા માટે સક્રિય વિચારણા કરવાનો નિર્ણય કર્યો છે. એકમ માહિતી મુજબ દેશમાંથી 100 લાખ ટનની નિકાસની છૂટ આપ્યા પછી તાજેતરમાં 12 લાખ ટન વધુ નિકાસ કરવાની પરવાનગી આપવી પડી છે. હકીકતમાં વર્ષ 2021 ના માર્કેટીંગ વર્ષમાં કુલ્લે 112 લાખ ટન ખાંડ નીકાસ પરીપર્ણ કરાયો છે. જ્યારે દેશમાંથી 70 લાખ ટન ખાંડ નીકાસ થઈ હતી. જ્યારે 2019-20 વર્ષમાં 59 લાખ ટન અને 2018-19 ના વર્,માં 38 લાખ ટન નીકાસ થઈહતી. આમ ઉત્તરોત્તર ખાંડની નિકાસની વૃદ્ધિ માટે સરકારે નિર્ણય કરવો પડ્યો છે.

ઈન્ડિયન સ્યુગર મીલ્સ એસોસિએશન (આઈએસએમએ) 2022-23 ના માર્કેટીંગ વર્,માં 80 લાખ ટનની ખાંડની છુટ આપવા માટે રજુઆત કરી રહ્યું છે. આ સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રી આદિત્ય જુનજુનવાલાએ ફુડ એન્ડ કન્ઝુયમર્સ અફેર્સ મિનિસ્ટર શ્રી પિયુષ ગોયેલ સમક્ષ લેખિત રજુઆત કરી છે.

ખાંડના ઉત્પાદન પ્રારંભિક અંદાજ મુજબ શેરડીના રસનો હિસ્સો જે ઈતેનોલના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાય છે તેની ગણતરી કરતાં 2022-23 વર્ષમાં 140 લાખ ટન ઉત્પાદન થશે તેઓ આશાવાદ છે. કુલ ઉત્પાદનમાંથી 25 લાખ ટનનો ઉપયોગ ઈથેનોલના ઉત્પાદન તરફ વાળવામાં આવશે. 2022-23 ના વર્ષમાં માર્કેટીંગની મોસમમાં 394 લાખ ટન ખાંડ ઉપલબ્ધ થશે.

## બજારોનાં અંતરંગ

### ઝુકરબર્ગ સૌથી મોટા ધનિકોની યાદીમાં 22મા ક્રમે પહોંચ્યા

જગવિખ્યાત અબજોપતિ મિસ્ટર ઝુકરબર્ગ કે જે ફેસબુક સાથે સંકળાયેલા હતાં તેઓ ચાલુ વર્ષના અડધા ઉપરાંતનો તિવ્ર ઘટાડો નોંધાવા પામ્યો છે તેવા અહેવાલ સાંપડ્યા છે. જ્યારથી તેમણે ફેસબુકનું નામ બદલીને મેટા પાડ્યું ત્યારથી તેમની પીછેહઠની શરુઆત થઈ છે. આ કંપનીની કઠનાઈ એ છે કે હકીકતમાં 2021 જુલાઈ માસમાં માર્ક ઝુકરબર્ગ અને તેની ફેસબુક ચમકતા સીતારાની જેમ જાહોજલાલી હતી, પરંતુ ખોટો નિર્ણય કરવામાં આવતાં ભુલના પરિણામે પ્રગતિ અટકી અને પીછેહઠનો તબક્કો શરુ થયો. આની અસર રુપે આ અબજપતિનું નામ ત્રીજા ક્રમથી ઉતરીને 22 માં ક્રમે પહોંચી જવા પામ્યું છે. મળતી માહિતી મુજબ તેમના ફેસબુકનાં શેરની કિંમત જુલાઈ મહિનામાં 350 ડોલર એટલે કે રૂ. 28000 ની હતી અને તેમનું માર્કેટ કેપીટલાઈઝેશન 950 બિલિયન ડોલરનું એટલે કે 76 લાખ કરોડનું હતું તે વખતે તેમનો ક્રમ ત્રીજો હતો.

### પ્રાયોરીટી સેક્ટરને સસ્ટેનેબલ ફાઈનાન્સ પુરુ પાડવા અનુરોધ

દેશની બેંકો દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સમક્ષ પ્રાયોરીટી સેક્ટર લેન્ડીંગ સસ્ટેનેબલ ફાઈનાન્સની સુવિધા પુરી પાડવા માટે રજુઆત કરાઈ છે. મળતી માહિતી મુજબ આ માટેનું મુખ્ય કારણ ક્રેડિટરો પ્લોની પરિસ્થિતી સુધારવા માટેનો છે. દેશમાં વિકાસને વધુ વેગવાન બનાવવા માટે તેની સવિશેષ જરુરીયાત છે તેવી રજુઆત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ને કરાઈ છે. સવિસેષ કરીને વિદેશી બંકો પૈકીની સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક દ્વારા સસ્ટેનેબલ ફાઈનાન્સ કોમ્પ્રિહેન્સીવ એનાલીલીસ રીપોર્ટ હાથ ધરાયો છે. ઈન્ડિયન બેંક એસોસિએશનના આ અંગેની રજુઆત કરતાં આ બાબતે એનાલિસીસી કરવાનો ઈરાદો ધરાવે છે. મળતી માહિતી મુજબ સસ્ટેનેબલ ફાઈનાન્સની આવશ્યકતા ખાસ કરીને ગ્રીન પાવર, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રીકલ વ્હિકલ, વગેરે માટે ખાસ અનિવાર્યછે. તેવું એનાલિસ્ટના રિપોર્ટ પરથી દર્શાવાયુ છે. ઈન્ડિયન બેંક એસોસિએશને આ વાતની રજુઆત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને કરી છે.

# શેરબજારમાં રૂપિયાના ચલણની નરમાઈએ મંદીનો માહોલ સર્જાયો

ગુજરાત | વંદન

શેર બજારમાં છેલ્લા કેટલાંક દિવસથી અનિશ્ચિત ચાલની પરિસ્થિતિ જોવા મળે છે. બુધવારે અમેરિકન ફેડરેલ દ્વારા ત્યાનાં વ્યાજના દરમાં 0.75 ટકાનો વધારો કરતાં ભારતીય ચલણ રૂપિયા ઉપર માઠી અસર પડી છે. આની અસરરુપે ભારતમાંથી મોટા પ્રમાણમાં રોકાણો પાછા લેવા માટે વિદેશી ઈન્વેસ્ટરો તત્પર બન્યા છે. આ પરિસ્થિતિ સેકન્ડરી માર્કેટની છે. પરંતુ સેબી પાસે આઈ.પી.ઓ.ની પરવાનગી મેળવેલી 75 જેટલી કંપનીઓ મુડી બજારમાં પ્રવેશવા માટે ખુબ તત્પર છે અને જો પરિસ્થિતિ સુધરે તો પ્રાયમરી માર્કેટમાં ફરીથી ચહલ પહલ શરુ થઈ શકે. તેવી શક્યતા નિષ્ણાતો દર્શાવી રહ્યા છે માર્કેટ નિયામક સેબી દ્વારા બાર મહિનામાં ઓછામાં ઓચા 70 જેટલા આઈ.પી.ઓ.ના ભરણા મારફતે 1 લાખ કરોડ રુપિયા એકત્રિત કરવા માટે પરવાનગી આપી છે. પરંતુ આ પ્રાયમરી માર્કેનો આધાર શેર બજારની ટ્રેન્ડમાં સુધારો નોંધાય તો પ્રાયમરી માર્કેટ ધમધમાટ ચાલશે તેવું વિશ્લેષણ છે. એક માહિતી મુજબ તાજેતરનાં ભુતકાળમાં હર્ષા એન્જીનીયરીંગ કંપનીના IPOના ઈસ્યુને ભારે પ્રતિસાદ સાંપડ્યો હતો અને આ કંપનીએ 40 હજાર કરોડનું ભંડોળ એકત્રિત કરી નવો વિક્રમ સ્થાપ્યો હતો.

# સાનુકૂળ સંજોગો અને ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોની આવક વૃદ્ધિથી ટુ-વ્હિલર્સની માંગમાં નોંધપાત્ર વધારો

ગુજરાત | વંદન

કોરોના અને લોકડાઉનથી જીવન વ્યવહાર અને ધંધાકીય પ્રવૃત્તિ ઉપર ગયા વર્ષે ભારે અવરોધો ઉત્પન્ન થયા હતાં અને તેની અસર વેપાર ધંધા ઉપર સવિશેષ પડી હતી. પરંતુ ચાલુ વર્ષના મધ્ય ભાગ સુધીમાં વેપાર ધંધાની પરિસ્થિતિમાં એકંદરે સુધારાનું વલણ રહેવાથી અને ગ્રામ્ય વિસ્તારના લોકોની ખેત પેદાશમાંથી આવકની વૃદ્ધિ સારી થવાથી ટુ-વ્હિલર્સની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે.

ઉપલબ્ધ થતી માહિતી મુજબ વ્યાપાર ધંધાના કામકાજ માટે, શિક્ષણની પ્રવૃત્તિ માટે સ્કુલ કોલેજો જતાં વિદ્યાર્થીઓ માટે તેમજ તેનાં સ્ટાફની જરુરીયાતની અનુલક્ષીને ટુ-વ્હિલર્સની માંગ વધવા પામી છે. આની અસર રુપે ટુ-વ્હિલર્સ અને પેસેન્જર કારની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. કેર-એઈજ અને ક્રિસીલ નામની જાણીતી રેટીંગ એજન્સીના સર્વે મુજબ આગલા વર્ષની તુલનામાં ચાલુ વર્ષના સપ્ટેમ્બર મહિના સુધીમાં માંગમાં નોંધપાત્ર સુધારો થયો છે. પરંતુ પેટ્રોલનાં ઉંચા ભાવો પ્રવર્તતા હોવાથી નવા ગ્રાહકો ઈલેક્ટ્રીક ટુ-વ્હિલર્સ ખરીદી તરફ વળ્યા છે. આ ઉપરાંત 21 મી નવેમ્બર પછી લગ્નસરાની મોસમ હોવાથી ટુ-વ્હિલર્સ ગ્રામીણ વિસ્તારમાં માંગ વધી છે અને એક અંદાજ મુજબ ગયા વર્ષની તુલનામાં લગભગ બમણી થવાની શક્યતા છે. એફડીએ નામની સંસ્થના પ્રેસિડેન્ટ શ્રીરાજ સિંઘાણીયાએ દર્શાવ્યું છે માંગ વધવાના પરિબળ તરીકે ચાલુ વર્ષમાં ખરીદ પાકની મોસમ દરમિયાન કૃષિ ક્ષેત્રમાં સાનુકૂળ વરસાદને કારણે સારી પરિસ્થિતિ ઉદભવી છે અને નવી મોસમમાં સારો પાક ઉતરવાની ગણતરીએ કૃષિકારોની આવકમાં નોંધપાત્ર સુધારો થવાથી ગ્રામ્ય વિસ્તારમાં ટુ-વ્હિલર્સ નું વેચાણ વધવાની શક્યતા છે. સરકાર દ્વારા ખેતપેદાશોના ટેકારુપ ભાવમાં વધારો કરવાની આવકમાં વધારો થયો છે.

### પીરામલ ગ્રુપ ઝ્યુરીચ ઈન્સ્યોરન્સ સાથે મળીને

# અનિલ અંબાણીની રિલાયન્સ જનરલ ઈન્સ્યો.ને હસ્તગત કરશે

ગુજરાત | વંદન

રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ - અનિલ અંબાણીની કંપની કે જે ઈન્સોલવન્સીના તબક્કામાં છે તે કંપનીને પીરામલ ગ્રુપ દ્વારા હસ્તગત કરવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. આ માટેના બીડ રજુ થયા છે. અને તેનો નિર્ણય થવાનો બાકી છે. તે દરમિયાન પીરામલ ગ્રુપ દ્વારા ઝ્યુરીચ ઈન્સ્યોરન્સ કંપની સાથે સંયુક્ત સાહસ કરવાનો નિર્ણય કરાયો છે. આ સંયુક્ત સાહસ હેઠળ રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ જે દેવામાં ડુબેલી છે તે કંપનીને સારી રાહત પ્રાપ્ત થશે. અનિલ અંબાણીની અન્ય કંપની રિલાયન્સ કેપિટલ પાસે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ નો શેર હોલ્ડીંગ છે. આ શેર હોલ્ડીંગમાં પીરામલ ગ્રુપ અને ઝ્યુરીચની કંપની સંયુક્તપણે મુડી રોકાણ કરશે તેવી શક્યતાઓ ઉદભવી છે. ઓગસ્ટ મહિનમમાં રિલાયન્સ કેપીટલે જે 50 ટકાનું શેર હોલ્ડીંગ ધરાવતું હતું તેને સ્પેશિયલ પર્પસ વેહિકલનો સાથ મળી રહ્યો છે. ઝ્યુરીચની આ કંપનીએ આ માટે અલગ ઓફર રજુ કરી છે. જે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ ને ટેક ઓવર કરવા માટે ઈન્સોલવન્સી અને બેંક કરપ્સી (આઈબીસી) ની ટર્મસની બાબત તપાસી રહી છે. ઝ્યુરીચની આ કંપની પીરામલ ગ્રુપ સાથે આ કંપની એટલે કે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સને હસ્તગત કરવા માટે વાટાઘાટો હાથ ધરાઈ રહી છે. તાજેતરની માહિતી મુજબ આ જોઈન્ટ વેન્ચર સફળ થસે તો રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ ઝ્યુરીચની ઈન્ડીયા ખાતેની કંપની બનશે અને તેના સહયોગી તરીકે પીરામલ ગ્રુપ મદદરુપ બનશે. આ બિઝનેસ પાછળ રૂ. 3600 કરોડની રકમ ઝ્યુરીચની આ કંપની લાવશે. હકીકતમાં રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સનું વેલ્યુએશન રૂપિયા 9450 કરોડનું કરાયું હતું પરંતુ ઝ્યુરીચની આ કંપની દ્વારા રોકાણ કરાતાં આ સોદો શક્ય બનશે. આ દરમિયાનમાં રિલાયન્સ કેપીટલના એડમીનીસ્ટ્રેટર અને કમીટી ક્રેડીટર્સ દ્વારા બીડ રજુ કરવા માટેની તારીખ લંબાવાઈ છે. જે 30 ઓક્ટોબર નક્કી કરાઈ છે. રિલાયન્સ કેપીટેલ કે જે મુખ્ય શેર હોલ્ડર છે તેની પાસે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ ના 14 જેટલા બીડ રજુ થયા છે.

### સોનું સૌને વ્હાલુ | ડોલર ઈન્ડેક્સ 112 ની સપાટીએ પહોંચતાં સોના ભાવોની મંદી આગળ ધપી રહી છે

# દશેરા-દિવાળી પૂર્વે સોનામાં આગળ ધપતી નરમાઈ: ડોલર ઈન્ડેક્સ વધતાં પ્રત્યાઘાતી અસર સોનાના ભાવ ઉપર પડી

ગુજરાત | વંદન



ભારતીય સંસ્કૃતિમાં ચમકતી ઝળહળતી કિંમતી ધાતુ પ્રત્યેનું તમામ વર્ગની નારીઓનું ગજબનું આકર્ણષ છે. સામાજિક સ્તરે વ્યવહારમાં સોનાની ઉપયોગીતા વધવા પામી છે. આ સંજોગોમાં સોનામાં રોકાણ કરનાર વર્ગ વધ્યો છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે સોનું સલામતી દૃષ્ટિએ ખુબ પ્રબળ છે. તેથી ઈન્વેસ્ટરો સોનામાં રોકાણ કરવા વધુ તત્પર બન્યા છે. આ પરિસ્થિતિ હોવા છતાં પણ આગામી દશેરાના દિવાલીનાં તહેવારો પુર્વે વૈશ્વિક પરિસ્થિતને કારણે સોનાના ભાવો સતત ઘટી રહ્યા છે. સોનાનો અમેરીકન ચલણ ડોલર સાથે સંયોગિક સંબંધ છે. તાજેતરમાં ડોલર ઈન્ડેક્સ 112 ની સપાટીએ પહોંચતાં તેની અસરરુપે સોના ભાવોની મંદી આગળ ધપી રહી છે. હકીકતમાં વૈશ્વિક બુલિયન માર્કેટમાં ફંડામેટલો ઘટાડા તરફી વલણ દર્શાવી રહ્યા છે.

દિવાળીના તહેવારો પછી નવ વર્ષમાં લગ્નસરાની મોસમ શરુ થશે તે પુર્વે સોનાની ખરીદી નીકળે તેવી શક્યતા છે. આવા તબક્કે સોનાના ભાવમાં થઈ રહેલો ઘટાડો વધુ ગ્રાહકોને ખરીદી માટે આકર્ષે તવી શક્યતા નકારી શકાતી નથી.

હાલનાતબક્કે આંતરર્ષાટ્રીય બજારમાં સોનોનો ભાવ 1600 ડોલરની નીચી સપાટીએ સરકી જવાની પિસ્થિત ઉભી થઈ છે. સોનાના વૈશ્વિકા ભાવ ઘટાડાનું વલણ દર્શાવેશે તો ભારતની સોનાની આયાત વધી શકે તેમ છે. નિષ્ણાતો મુજબ દસ ગ્રામ દીઠ 50000 થી નીચે ભાવ જશે તેવું માનવું છે.

વૈશ્વિક બજારોમાં ચીનની વલસેલી પરિસ્થિતિ, ચીન દ્વારા ખરીદીમાં ઘટાડો થવાથી, ચીનમાં વધુ લોકડાઉનની પરિસ્થિતિને કારણે સોનાના વૈશ્વિક ભાવ ઉપર તેની માઠી અસર પડી છે. તેવું એનાલીસ્ટોનું માનવું છે. તાજેતરમાં મુંબઈમાં સોનાચાંદીના માર્કેટમાં ગયા મહિનાના અંતમાં સોનાનો ભાવ 619 નો ઘટાડો દર્શાવીને 49381ની નીચી સપાટીએ ઉતરી ગયો છે. આમ, રૂ. 50000ની સપાટીને તોડીને સોનાના દાગીના બનાવનારા સોનીઓ તેમજ જ્વેલ્સો ભારે દ્વિધા અનુભવી રહ્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# હેલ્ધી રહેવા માટે દાડમનો જ્યૂસ પીતા લોકો ચેતી જજો, દાડમથી થઈ શકે છે આ મોટી તકલીફો



સફરજન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. એવું કહેવાય છે કે એક સફરજન તમને દિવસભર ઉર્જાથી ભરપૂર અને બીમારીઓથી દૂર રાખે છે. જો કે, સફરજન સિવાય પણ ઘણા એવા ફળ છે જે સ્વાસ્થ્યપ્રદ માનવામાં આવે છે. વિટામિન્સ અને મિનરલ્સ ઉપરાંત અલગ-અલગ ફળોમાં વિવિધ પોષક તત્વો હોય છે. પૌષ્ટિક ફળોની યાદીમાં દાડમનો સમાવેશ થાય છે. દાડમ એક સ્વાદિષ્ટ, મધુર અને રસદાર ફળ છે. તે ઘણા રોગોમાં પણ ફાયદાકારક છે. તબીબો અશક્તિ દૂર કરવા માટે દાડમ ખાવાની સલાહ આપે છે. દાડમ વિટામિન સી અને બીનો સારો સ્ત્રોત છે. તેમાં મેગ્નેશિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ, સેલેનિયમ અને ઝિંક ભરપૂર માત્રામાં હોય છે. દાડમના સેવનથી સ્વાસ્થ્ય લાભો તો છે પરંતુ શું તમે દાડમથી થતા નુકસાન વિશે જાણો છો. આ અહેલાવમાં અમે તમને દાડમના ફાયદા અને નુકસાન વિશે જણાવશું.

## દાડમનું સેવન કરવાના ફાયદા

1 કોષીકાઓને મજબૂત કરે છે | દાડમમાં શક્તિશાળી એન્ટીઓક્સીડેન્ટ ગુણ હોય છે. દાડમના રસમાં અન્ય ફળોના રસ કરતાં વધુ એન્ટીઑકિસડન્ટ હોય છે. તેના સેવનથી કોષીકાઓને નુકસાનથી બચાવી શકાય છે અને સોજાને ઘટાડી શકાય છે.

2 કેન્સર નિવારણ | કેન્સરથી પીડિત લોકો માટે દાડમનો રસ ફાયદાકારક છે. પ્રોસ્ટેટ કેન્સરની કોષીકાઓને રોકવા માટે દાડમના રસનું સેવન કરવું જોઈએ. તે કેન્સરનું જોખમ પણ ઘટાડી શકે છે.

3 અલ્ઝાઈમરથી બચાવે છે | દાડમના દાણા અલ્ઝાઈમર રોગને વધતા અટકાવે છે અને વ્યક્તિની યાદશક્તિ જાળવી રાખવામાં મદદ કરે છે.

4 પાચનક્રિયા | દાડમનો રસ આંતરડાના સોજાને ઓછો કરીને પાચનમાં સુધારો કરી શકે છે. જો કે, ઝાડાના દર્દીઓને દાડમના રસનું સેવન ન કરવાની સલાહ આપવામાં આવે છે.

5 હ્રદય રોગ | દાડમનો રસ હ્રદય રોગ માટે ફાયદાકારક છે. હ્રદય અને ધમનીઓને વિવિધ રોગોથી બચાવવા માટે દાડમના રસનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે.

6 બ્લડ પ્રેશર | દાડમનો રસ બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ફાયદાકારક માનવામાં આવે છે.

7 ડાયાબિટીસ | ડાયાબિટીસ કે ડાયાબિટીસની સારવારમાં દાડમનો રસ પીવો જોઈએ. ઈન્સ્યુલિન ઘટાડવા, બ્લડ સુગર ઘટાડવામાં ઉપયોગી છે.

## દાડમનું સેવન કરવાથી થતું નુકસાન

1 દાડમની છાલ, મૂળ અથવા દાંડીનો વધુ પડતો ઉપયોગ અસુરક્ષિત છે, કારણ કે તેમાં ઝેર હોઈ શકે છે.

2 લો બ્લડ પ્રેશર ધરાવતા દર્દીઓએ દાડમના રસનું ઓછી માત્રામાં સેવન કરવું જોઈએ.

3 ઝાડા દરમિયાન દાડમના રસનું સેવન ન કરવું જોઈએ.

4 જો તમે તમારી ત્વચા પર દાડમનો રસ લગાવો છો, તો ઘણા લોકોને ખંજવાળ, સોજો અથવા શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે.



# સરગવાની શીંગમાં ગટરના પાણીને શુદ્ધ કરવાની છે તાકાત, ગુજરાતમાં થયું મોટું સંશોધન

સરગવાની શીંગ પોષક તત્વોનો ખજાનો ગણાય છે. સરગવાની શિંગ નિયમિત ખાવી જોઈએ તેવુ તબીબો સલાહ આપે છે. ત્યારે સગરવાની શીંગનો વધુ એક ગુણ સામે આવ્યો છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના લાઈફ સાયન્સ વિભાગે શોધી કાઢ્યું કે, સરગવાની શીંગમાં અશુદ્ધ પાણીને શુદ્ધ કરવાની તાકાત છે. યુનિવર્સિટી દ્વારા કરાયેલુ આ સંશોધન અનોખું છે.

**સરગવાની સીંગથી પાણીમા બેક્ટેરીયા અને વાયરસ મરી ગયા** | જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના લાઈફ સાયન્સ વિભાગના વડા ડો. સુહાસ વ્યાસ, ડો. દુષ્યંત દુધાગરા અને વૈશાલી વરસાણી દ્વારા એક રિસર્ચ હાથ ધરાયુ હતું. આ સંશોધન ગંદા પાણીને શુદ્ધ કરવા માટે કરવા પર હતું. જેમાં વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતા. વિવિધ પ્રયોગ કર્યા બાદ સામે આવ્યું કે, સરગવાની શીંગમાં અશુદ્ધ પાણીને શુદ્ધ કરવાની તાકાત છે. સરગવાની શીંગની મદદથી ગંદા પાણીની ટર્બિનિટી ઓછી થઈ ગઈ. સાથે જ પાણીમાં રહેલા બેક્ટેરીયા અને વાયરસ પણ મરી ગયાં.

**30 મિનિટમાં ગંદુ પાણી શુદ્ધ થઈ ગયું** | સંશોધન કરનારી ટીમ ખાસ રીતથી સંશોધન કર્યું. સરગવાની શિંગમાંથી બીજને અલગ કર્યા બાદ એના ગર્ભને સૂકવી નાખી એનો પાઉડર બનાવ્યો. ત્યાર બાદ એમાં એસિડિક દ્રાવણ મેળવી ફરીથી સૂકવી આ પાઉડરને અશુદ્ધ પાણીમાં મિક્સ કર્યો. જેના બાદ લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરાયુ હતું. એક લિટર અશુદ્ધ પાણીમાં માત્ર 1 ગ્રામ પાઉડર ઉમેરવામા આવ્યો હતો. આ બાદ સાબિત થયું કે, માત્ર 30 મિનિટમાં પાણીમાંથી અશુદ્ધિઓ ગાયબ થઈ ગઈ હતી.

**RO પ્લાન્ટમાં ઉપયોગી થઈ શકશે સરગવો** | આ સંશોધનની ખાસ વાત એ છે કે, સંશઓધન જંગલી સરગવા પર કરવામાં આવ્યુ હતું. જેના બાદ આ પરિણામ મળ્યું. સંશોધનથી સાબિત થયું કે, જંગલી સરગવાની સિંગમાં ગટરના પાણીને પણ શુદ્ધ કરવાની તાકાત છે. આ રીતે પાણી શુદ્ધ કરીને તેનો ઉપયોગ ખેતીમાં કરી શકાય છે કે અન્ય કેટલીક જગ્યાઓ પર કરી શકાય છે. સાથે જ આર.ઓ. પ્લાન્ટની કેન્ડલમાં સરગવાની શિંગનો ઉપયોગ કરાય તો પણ પાણી શુદ્ધ થઈ શકે છે.



# નવરાત્રિમાં પોમ પોમ જ્વેલરી પહેરવાથી કમ્ફર્ટની સાથે આકર્ષક લુક આપશે

જ્વેલરીની ફેશન ઝડપથી બદલાઈ રહી છે. થોડા થોડા સમયે અલગ પ્રકારની જ્વેલરી ટ્રેન્ડમાં આવી રહી છે. જેને લીધે યુવતીઓ ફક્ત પોતાના ડ્રેસ સાથે જ નહીં પણ જ્વેલરી સાથે પણ એક્સપરિમેન્ટ કરી રહી છે. આઉટફિટ જ નહીં પરંતુ જ્વેલરી પણ સ્ટાઈલિશ દેખાડવામાં મદદ કરે છે. આજની જ્વેલરી ફેશનની વાત કરીએ ઓક્સોડાઈઝ જ્વેલરી ફેશનમાં છે. સોબર લુક આપતી ઓક્સોડાઈઝ જ્વેલરી રૂટિનમાં અને નાનામોટા ફંક્શનમાં પહેરવાનું ચલણ વધ્યું છે. એમાંય નવરાત્રિમાં જેમ ચણિયાચોળીનું ચલણ છે એની સાથે જ્વેલરી ઈન ટ્રેન્ડ છે. એમાં હવે ઓક્સોડાઈઝ, થ્રેડ, બોહો, અફઘાન અને પોમ પોમ જ્વેલરી પહેરવાનું ચલણ વધી રહ્યું છે. તો આજે આપણે નવરાત્રિ દરમિયાન પહેરી શકાય એવી જ્વેલરીની વાત કરીશું. જે કમ્ફર્ટની સાથે આકર્ષક લુક આપશે.


ટ્રેડિશનલ જ્વેલરી સાથે મેચ થતી ઓક્સોડાઈઝ જ્વેલરી સ્ટનિંગ સિલ્વરથી બનાવવામાં આવે છે. સિલ્વરની સાથે એવી મેટલ મિક્સ કરવામાં આવે છે, જે જ્વેલરીની ચમકને હંમેશાં જાળવી રાખે છે. ઓક્સોડાઈઝ જ્વેલરીમાં ઝૂમખાં, નોઝ રિંગ, નેકલેસ, જ્વેલરી સેટ, પેન્ડન્ટ સેટ વધારે ફેશનમાં છે. નવરાત્રિમાં તો હાથનાં બલોયાં, કડાં, પાયલ, બંધેજ, કંદોરા વગેરેની ડિમાન્ડ વધી જાય છે.

વજનમાં હળવી : ઓક્સોડાઈઝ જ્વેલરીમાં હેવી અને લાઈટ વેઈટ બંને પ્રકારની જ્વેલરી ઉપલબ્ધ છે. નવરાત્રિ દરમિયાન ગરબે રમવામાં સરળતા રહે એટલે લાઈટ વેઈટ જ્વેલરીને પસંદ કરવી જોઈએ. હેવી જ્વેલરીથી કાનમાં દુખાવો થાય છે. એ જ રીતે ગળામાં હેવી સેટ અથવા પેન્ડન્ટને પસંદ કરવાથી ગરબે ઘૂમવામાં તકલીફ પડે છે તેથી શક્ય હોય તો લાઈટવેઈટ જ્વેલરી જ પહેરવાનો આગ્રહ રાખવો જોઈએ.

થ્રેડ જ્વેલરી : કંઈક યુનિક પહેરવાના ક્રેઝીઓમાં થ્રેડ જ્વેલરીનો ટ્રેન્ડ વધી રહ્યો છે. થ્રેડમાંથી જાતજાતની જ્વેલરી બનાવવામાં આવે છે. જે વજનમાં લાઈટ હોય છે અને દેખાવમાં આકર્ષક લાગે છે. ચણિયાચોળી સાથે મેળ ખાતી દરેક રંગની થ્રેડ જ્વેલરી ઉપલબ્ધ છે. આ જ્વેલરી લાઈટ વેઈટ હોવાથી વધારે કમ્ફર્ટેબલ છે.

પોમપોમ જ્વેલરી : પોમપોમમાંથી એરિંગ્સથી માંડી પેન્ડન્ટ બુટ્ટીનો સેટ, બેંગલ્સ વગેરે બનાવવામાં આવે છે. હાથ અને પગના પંજા પણ પોમપોમમાંથી બને છે. જે નવરાત્રિમાં આકર્ષક લાગે છે અને સૌથી સારી વાત એ છે કે પહેરવામાં સાવ હલકા હોય છે.

# મુલતાની માટી સાથે આ વસ્તુ મિક્ષ કરીને ચહેરા પર લગાવવો



મુલતાની માટીનો ઉપયોગ ભારતમાં સદીઓથી થતો આવ્યો છે. ક્યારેય ઔષધિના રૂપમાં તો ક્યારેક સૌંદર્ય પ્રસાધન તરીકે. મુલતાની માટી ત્વચાથી લઈને વાળને સુંદર બનાવવાનું અને એમાં નવો જીવ રેડવાનું કામ કરે છે. વાગ્યું હોય એના ઉપર મુલતાની માટીથી લેપ કરવામાં આવે છે. સમયની સાથે એમાં અનેક પરિવર્તન આવ્યાં છે. તેમ છતાં તેનું મહત્ત્વ ઓછું થયું નથી. તમને કદાચ ખબર નહીં હોય પણ મડ થેરાપીમાં પણ મુલતાની માટીનો ઉપયોગ કરવામાં આવે છે. મુલતાની માટીની તાસીર ઠંડી છે તેથી તે ઠંડક પહોંચાડવાનું કામ કરે છે. તેમાં રહેલા મિનરલ્સ ત્વચાને અનેક રીતે ફાયદો કરે છે. તે સ્કિનમાં ઓઈલને ઘટાડવાનું, ડાઘ- ધબ્બાનું દૂર કરવાનું અને ડેડ સ્કિન સેલ્સને સાફ કરવાનું, સ્કિનને ટાઈટ અને ટોન કરવાનું કામ કરે છે. આમ, એક મુલતાની માટી અનેક રીતે ઉપયોગી છે. મુલતાની માટીનો ફેસપેક તરીકે ઉપયોગ કરવાથી અનેક ફાયદા થાય છે.

ગુલાબજળ અને મુલતાની માટી : જેમની ત્વચા ડ્રાય હોય, ચહેરા પર ખીલ થયા હોય તેમના માટે આ પેક ઉત્તમ છે. પેક બનાવવા એક ચમચી મુલતાની માટી લો અને એકથી દોઢ ચમચી ગુલાબજળ. બંને વસ્તુને ભેગી કરી પેસ્ટ તૈયાર કરો. પેસ્ટ બની ગયા બાદ તેને ચહેરા પર લગાવો. 10 મિનિટ બાદ ચહેરો સાદા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં ત્રણ વખત આ પેક લગાવવાથી ફાયદો થશે.

દૂધ અને મુલતાની માટી : ત્વચાને કોમળ બનાવવા માટે આ પેક ઉત્તમ છે. દૂધ કુદરતી રીતે ત્વચાને નરિશિંગ કરવાનું કામ કરે છે. આ પેકને બનાવવા માટે બેથી ત્રણ ટેબલસ્પૂન મુલતાની માટી, બે ટેબલસ્પૂન દૂધ. બંનેને મિક્સ કરી પેસ્ટ બનાવો. આ પેસ્ટને ચહેરા પર સમાન રીતે લગાવો. 10થી 15 મિનિટ બાદ તેને ધોઈ નાંખો. આ પેક અઠવાડિયામાં બે વખત લગાવી શકો. જેમની ત્વચા વધુ પડતી ઓઈલી હોય તેમણે આ પેક ન લગાવવો જોઈએ.

મધ અને મુલતાની માટી : સ્કિનને નરિશ અને ટાઈટ કરવાનું, ડાઘ અને ધબ્બાને ઘટાડવા માટે આ ફેસમાસ્ક અસરકારક છે. આ ફેસપેક બનાવવા માટે એક ટેબલસ્પૂન મુલતાની માટી, એક ટીસ્પૂન મધ, એક ટીસ્પૂન ગુલાબજળ લો. બધી સામગ્રીને ભેગી કરી પેસ્ટ બનાવો. તેને ચહેરા પર સમાન રીતે લગાવો અને સુકાવા દો. સુકાઈ જાય પછી ચહેરો ઠંડા પાણીથી ધોઈ લો.

# કર્લી વાળની આ રીતે રાખો કાળજી....



આજકાલ અનેક લોકો કર્લી વાળ કરાવતા હોય છે. કર્લી વાળ અનેક લોકોને ગમતા હોય છે. જો કે કર્લી વાળની ફેશન પાછી આવી છે. કર્લી વાળ દરેકને ગમતા તો હોય છે પરંતુ એની કેર કરવી એટલી જ અઘરી છે. જો તમે કર્લી વાળને કેર બરાબર કરતા નથી તો એ બહુ ગુંચવાઈ જાય છે અને હેર સરખા કરતી વખતે અનેક રીતે તકલીફ પડે છે. આ માટે કર્લી વાળમાં તેલ પણ સમયે નાંખવું જોઈએ. કર્લી વાળ ડ્રાય જલદી થઈ જાય છે. કર્લી વાળની તમે યોગ્ય રીતે સંભાળ કરતા નથી તો એ ખરાબ બહુ જલદી થઈ જાય છે. આમ, જો તમે કર્લી વાળ કરાવવાનું વિચારી રહ્યા છો અથવા તો તમારા વાળ કર્લી છે તો આ રીતે કરો કેર. જો તમે આ રીતે કેર કરશો તો તમારા વાળને કશું જ થશે નહીં.

તમારા વાળ કર્લી છે તો તમે ઓઈલ રોજ કરો. રોજ વાળમાં તેલ નાંખવાથી તમારા વાળમાં ગુંચ નહીં પડે અને વાળ ફ્ઝી પણ નહીં રહે. આ માટે જ્યારે પણ તમે હેર વોશ કરો એ પહેલાં થોડુ તેલ હુફાળું કરો અને પછી વાળમાં મસાજ કરો. ત્યારબાદ તમે હેર વોશ કરશો તો તમારા વાળ ફ્રિઝી રહેશે નહીં.

જ્યારે પણ તમે હેર વોશ કરો એ પછી હંમેશા કન્ડિશનર કરવાનું રાખો. કન્ડિશનર કરવાથી તમારા વાળ ફુલેલા રહેશે નહીં. જો તમે એકલું શેમ્પુ કરો છો તો તમારા વાળ ફુલેલા રહેશે. આ માટે હંમેશા શેમ્પુ કર્યા પછી કન્ડિશનર કરવાનું રાખો. કન્ડિશનર કરવાથી તમારા વાળ સિલ્કી થાય છે. આ માટે જ્યારે પણ તમે હેર વોશ કરો ત્યાર પછી કન્ડિશનર કરવાનું ભૂલશો નહીં.

તમારા હેર કર્લી છે તો તમે વુડન કોમ્બનો ઉપયોગ કરો. આજકાલ માર્કેટમાં અનેક પ્રકારના વુડન કોમ્બ મળે છે. મોટા દાંતવાળો વુડન કોમ્બ તમે લો છો તો એનાથી જલદી તમારા વાળની ગૂંચ નીકળી જાય છે. આ સાથે જ તમારા વાળ તમને ખેંચાતા પણ નથી. વુડન કોમ્બનો ઉપયોગ દરેક લોકો કરી શકે છે.

# પ્રેગ્નન્સીમાં સમસ્યાને દૂર કરવા તકમરિયાંનું સેવન ફાયદાકારક



એક ખાસ પ્રજાતિના તુલસીના બીજને તકમરિયાં કહેવામાં આવે છે. આ બીજનો કોઈ સ્વાદ નથી હોતો પરંતુ પાણીને શોષવાની અદભૂત ક્ષમતા છે. તકમરિયાંને પાણીમાં પલાળીને નરમ બનાવીને ખાવામાં આવે છે. તકમરિયાંમાં કોઈ પ્રકારનો સ્વાદ નથી હોતો, પરંતુ નરમ અને મુલાયમ હોવાને કારણે તકમરિયાં ખાવામાં મજા આવે છે. તકમરિયાંમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, ઓમેગા-3 ફેટી એસિડ, ફોસ્ફરસ અને એન્ટીઓક્સિડન્ટ હોય છે, જેથી પ્રજનન શક્તિ વધારવા, વજન ઘટાડવા તેમજ પાચન અને હાડકાં સંબંધિત સમસ્યાઓને દૂર કરવામાં વધુ ફાયદાકારક છે. તકમરિયાંના સેવનથી કોલેસ્ટેરોલ લેવલ પણ કંટ્રોલમાં રહે છે.

ત્વચા અને વાળ માટે ફાયદાકારક : પ્રોટીન અને મેગ્નેશિયમથી ભરપૂર તકમરિયાં ત્વચાને ચમકદાર બનાવે છે. જે મહિલાની સ્કિનમાં કરચલીઓ અને ફાઈન લાઈન્સ હોય તો તકમરિયાંનું સેવન કરવું જોઈએ. તો તકમરિયાં વાળ માટે પણ ફાયદાકારક છે.

સારી ઊંઘ માટે જરૂરી : જે લોકોને અનિદ્રા અને ચિંતાથી પરેશાન હોય તેમને તકમરિયાં અચૂક ખાવા જોઈએ. તકમરિયાંમાં ઓમેગા-3 ફેટી એસિડથી ભરપૂર હોય છે.,તેથી ચિંતા, તણાવ અને અનિદ્રાની સમસ્યાને દૂર થાય છે ને હાઈ બ્લડપ્રેશરનું જોખમ પણ ઘટે છે.

પીરિયડ્સની સમસ્યા દૂર થશે : જે મહિલાઓને પીરિયડ્સ સંબંધિત સમસ્યા રહેતી હોય અથવા તો વધુ પડતા માસિકને કારણે શરીરનો રંગ ફિક્કો થઈ જાય છે. જો તમને આ કારણે નબળાઈ લાગે છે, તો બે ચમચી તકમરિયાંનાં બીજને 2 કપ સાદા પાણીમાં આખી રાત પલાળી રાખો. સવારે એક ચમચી સાકર મિક્ષ કરીને ખાલી પેટ પીવો. આ પ્રયોગ 3 થી 6 મહિના સુધી કરો.

# દરરોજ સવારે હુંફાળુ ગરમ પાણી પીવાના છે અનેક ફાયદાઓ

હકીકતમાં, પાણી દરેક રીતે આરોગ્યપ્રદ છે. પરંતુ ગરમ પાણી પીવાના અલગ-અલગ ફાયદા છે. અલગ-અલગ વસ્તુઓ સાથે ગરમ પાણી પીવાથી શરીરની સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યાઓથી રાહત મળે છે. જો તમે રોજ સવારે ગરમ પાણી પીવો છો તો ઘણી બીમારીઓથી છુટકારો મેળવી શકો છો.



**પાચનતંત્ર મજબૂત થશે :** પાચન સંબંધી સમસ્યાઓમાં ગરમ પાણી ખૂબ જ ફાયદાકારક છે. તે મેટાબોલિઝમ સુધારે છે. તે શરીરમાં જાય છે અને હાનિકારક બેક્ટેરિયાને મારી નાખે છે. ગરમ પાણી પાચનની પ્રક્રિયાને મજબૂત બનાવે છે. જેના કારણે પેટની સફાઈ યોગ્ય રીતે થવા લાગે છે. તેનાથી કબજિયાતમાં રાહત મળે છે. યોગ્ય પાચન સાથે, ઘણી સમસ્યાઓ જાતે જ દૂર થઈ જાય છે.

**હૃદયની તકલીફ દૂર થશે :** ઘણા લોકો કહે છે કે દરરોજ હુંફાળુ ગરમ પાણી પીવાથી કોલેસ્ટ્રોલ ઓછું થઈ શકે છે. કોલેસ્ટ્રોલના કારણે હૃદય સંબંધિત રોગો થાય છે, તેથી આ રીતે હૃદય સંબંધિત સમસ્યાઓ દૂર કરી શકાય છે. પરંતુ ડૉક્ટરની સલાહ જરૂરી છે.

**શરદી- ખાંસી અને ગળામાં દુખાવો :** ગળામાં ખરાશની સ્થિતિમાં ગરમ પાણીમાં મીઠું ભેળવીને કોગળા કરવા જોઈએ. તેનાથી ગળામાં દુખાવો ઓછો થાય છે અને દુખાવામાં રાહત મળે છે. હૂંફાળું પાણી પીવાથી ગળાની ખરાશ પણ મટે છે. ગરમ પાણી પીવાથી શરદી-ખાંસીમાં પણ તરત રાહત મળે છે.

**વજન ઘટશે :** મધ સાથે ગરમ પાણી દરરોજ ખાલી પેટ પીવું જોઈએ. આ વધારાની ચરબી ઘટાડે છે અને સ્થૂળતા દૂર કરે છે. લીંબુ ઉમેરીને રોજ ગરમ પાણી પીવાથી પણ સ્થૂળતા દૂર થાય છે.

**ગ્લોઈંગ સ્કીન :** તમે ઘણીવાર જોયું હશે કે પાર્લરમાં ફેસ ટ્રીટમેન્ટ કર્યા પછી સ્ટીમ આપવામાં આવે છે, તેનાથી ચહેરા પર ચમક આવે છે. ગરમ પાણી પીવાથી આપણા શરીરમાંથી ઝેરી તત્વો બહાર નીકળી જાય છે. ટોક્સિન બહાર નીકળવાને કારણે ત્વચામાં ચમક આવે છે. ચહેરાને ચમકદાર બનાવવા માટે સારી માત્રામાં સાદા પાણી પીવાની પણ સલાહ આપવામાં આવે છે.

# વૈભવી ઠાઠમાઠ લાઈફસ્ટાઈલ જીવે છે સ્વિત્ઝર્લેન્ડના લેજેન્ડ રોજર ફેડરર



■ 128 કરોડનું પ્રાઈવેટ જેટ, 127 કરોડ રૂપિયાનું દુબઈમાં પેન્ટહાઉસ

ગુજરાત | વંદન

સ્વિત્ઝર્લેન્ડ લેજેન્ડ ટેનિસ ખેલાડી રોજર ફેડરરે તાજેતરમાં જ ટેનિસને અલવિદા કહી દીધું છે. પોતાના કરિયરમાં 20 ગ્રાંડ સ્લેમ વિજેતા ફેડરર ATP વર્લ્ડ રેન્કિંગમાં સતત 237 અઠવાડિયા સુધી નંબર-1 ઉપર રહ્યો હતો. અમેરીકાના પૂર્વ ટેનિસ સ્ટાર જિમી કૉનોર્સ પછી ફેડરર 100થી વધુ સિંગલ્સ ટાઈટલ્સ જીતનારો બીજો ખેલાડી બન્યો હતો. સાથે જ તેણે ઓપન એરામાં 1200થી વધુ જીત મેળવી છે.

વર્ષ 2014માં ફેડરર ATP વર્લ્ડ રેન્કિંગમાં ત્રીજા નંબરે હતો. તે જ વર્ષે તેણે 127 કરોડ રૂપિયાનું દુબઈમાં પેન્ટહાઉસ ખરીદ્યુ હતું. ફેડરર આ પેન્ટહાઉસમાં પરિવારની સાથે હોલી-ડે મનાવવા આવે છે. ફેડરરનું આ શાનદાર પેન્ટહાઉસ દુબઈના સૌથી જોરદાર અને મોંઘા ટાવર 'લે રેવ'માં છે. 'લે રેવ'નો ફ્રેન્ચમાં મતલબ 'ધ ડ્રિમ' થાય છે. પેન્ટહાઉસની ખાસ વાત એ છે કે આખું ઘર સ્માર્ટ હોમ સિસ્ટમથી ચાલે છે. પેન્ટહાઉસમાં 870 સ્કેવેયર ફિટની બાલ્કની ઘણી જ લૈવિશ છે. જ્યાંથી દુબઈ મરિના આખું દેખાય છે.

રોજર ફેડરરની પાસે બોમ્બાર્ડિયર બીડી-700 ગ્લોબલ એક્સપ્રેસ પ્રાઈવેટ જેટ છે. જેને નેટજેટ્સે બનાવ્યું છે. હાલના સમયમાં આની કિંમત 16 મિલિયન ડૉલર છે, એટલે કે 128 કરોડ રૂપિયા છે. આ પ્રાઈવેટ જેટની વિશેષતા રેન્જ અને ટૉપ સ્પીડ છે. આની રેન્જ 11,390 કિમી છે, અને ટૉપ સ્પીડ 950 કિલોમિટર પ્રતિ કલાક છે. સાથે જ પ્રાઈવેટ જેટમાં રોલ્સ રોયસની બીઆર 700 એન્જીન આની પરફોર્મંસ અને લક્ઝરી વધારે છે. આમાં કુલ 19 લોકો બેસી શકે છે.

રોજર ફેડરરનો જન્મ 8 ઑગસ્ટ, 1981ના રોજ સ્વિટ્ઝરલેન્ડના બાસેલમાં થયો હતો. તેના પિતા રોબર્ટ સ્વિસ-જર્મન હતા અને માતા સાઉથ આફ્રિકાના હતા. આ જ કારણ છે કે ફેડરર પાસે સ્વિટ્ઝરલેન્ડ અને સાઉથ આફ્રિકાની નાગરિકતા છે. ફેડરર ફ્રાંસ અને જર્મનીની બોર્ડર બર્ફેલ્ડનમાં મોટા થયા છે. ફેડરર 1992 અને 1993માં બાસેલ ટેનિસ ટુર્નામેન્ટમાં બોલ બોય પણ રહી ચૂક્યા છે.

ભારતીય ટીમના કેપ્ટને બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

# ટી-20માં રોહિત ગુપ્ટિલને પછાડી સૌથી વધુ છગ્ગા ફટકારનાર ક્રિકેટર બન્યો



ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ભારત-ઓસ્ટ્રેલિયા સિરીઝની બીજી મેચમાં વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. રોહિત શર્મા ટી-20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારો પ્લેયર બન્યો હતો.

35 વર્ષના ભારતીય કેપ્ટને ન્યૂઝીલેન્ડના બેટર માર્ટિન ગુપ્ટિલને પાછળ છોડી દીધો હતો. શુક્રવારે પહેલી સિક્સ ફટકારતા જ તે ગુપ્ટિલથી આગળ નીકળી ગયો હતો. માર્ટિન ગુપ્ટિલે 172 સિક્સ ફટકારી છે. તો રોહિતે ભારતીય ઈનિંગની પહેલી જ ઓવરમાં જોશ હેઝલવુડની બોલિંગમાં 2 છગ્ગા ફટકાર્યા હતા. તેણે પોતાની 46 રનની ઈનિંગમાં 4 ફટકાર્યા હતા.

મેદાનમાં આવતા પહેલા ભારતીય કેપ્ટન રોહિત શર્મા ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં 172 છગ્ગા સાથે સૌથી વધુ છગ્ગા મારનાર કિવિ બેટ્સમેન માર્ટિનની બરાબરી પર હતો. પરંતુ હવે આ યાદીમાં રોહિત શર્મા 176 છગ્ગા સાથે સૌથી આગળ છે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન ઈયોન મોર્ગન (120), ઓસ્ટ્રેલિયન કેપ્ટન ઈયોન મોર્ગન (120) અને ક્રિસ ગેલ (124) અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમા ક્રમે છે.

# સૂર્યકુમાર આ વર્ષે ટી-20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર એકમાત્ર ખેલાડી બન્યો

## ICCની ટી-20 રેન્કિંગમાં ટોપ-3માં પહોંચ્યો

ગુજરાત | વંદન

ભારતીય બેટ્સમેન સૂર્યકુમાર યાદવ આ વર્ષે ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની ટી-20 શ્રેણીની છેલ્લી અને નિર્ણાયક મેચમાં તેની 69 રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. અહીં ખાસ વાત એ છે કે સૂર્યકુમારે આખા વર્ષમાં 180+ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે. એટલું જ નહીં આઈસીસીએ ટી-20 રેન્કિંગ બહાર પાડી છે જેમાં ઓસ્ટ્રેલિયા સામે શાનદાર બેટિંગ કરનાર સૂર્યકુમાર યાદવેને મોટો ફાયદો થયો છે. પાકિસ્તાનના કેપ્ટનને પછાડીને ટૉપ-3માં પ્રવેશ કર્યો છે. યાદવ 780 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે પહોંચી ગયો છે જ્યારે પાકિસ્તાનનો ખેલડી મોહમ્મદ રિઝવાન 825 પોઈન્ટ સાથે ટોપ પર છે જે બાદ સાઉથ આફ્રિકોનો ખેલાડી એડમ માર્કમ 792 પોઈન્ટ સાથે બીજા ક્રમે છે.

સૂર્યકુમાર યાદવે આ વર્ષે ટી-20 ઈન્ટરનેશનલની 20 ઈનિંગ્સમાં 37.88ની બેટિંગ એવરેજ અને 182.84ના સ્ટ્રાઈક રેટથી 682 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે એક સદી અને ચાર અડધી સદી ફટકારી છે. આ યાદીમાં પાકિસ્તાનનો મોહમ્મદ રિઝવાન (556) ચોથા નંબરે અને વેસ્ટ ઈન્ડિઝનો નિકોલસ પૂરન (553) પાંચમા નંબરે છે.



આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલે કરી ઘોષણા

# ક્રિકેટના 'મક્કા' ઈંગ્લેન્ડમાં યોજાશે વધુ બે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ

ગુજરાત | વંદન

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021-23ની ફાઈનલ જુન 2023માં ધ ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાશે. તો તેના પછીની આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023-25ની ફાઈનલ પણ ઈંગ્લેન્ડના ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાશે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ તેની ઘોષણા કરી છે. આ અગાઉ પણ વર્ષ 2021ની ફાઈનલ ઈંગ્લેન્ડના સાઉથૈમ્પટનના એજિસ બાઉલમાં રમાઈ ગઈ હતી.

વર્ષ 2021માં સાઉથૈમ્પટનના એજિસ બાઉલમાં આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ હતો. આ મેચમાં ન્યૂઝીલેન્ડે ભારતને હરાવીને ટ્રોફીને પોતાના નામે કરી હતી. આ ફાઈનલ મેચ પહેલા લોર્ડ્સમાં રમાવવાની હતી, પરંતુ કોવિડની સ્થિતિને જોતા એજિસ બાઉલમાં રમાડવામાં આવી હતી.

આ ઘોષણા કરતા આઈસીસીના ચીફ એક્ઝીક્યૂટીવ જ્યોફ એલારડિસે કહ્યું હતું કે 'અમને જણાવતા આનંદ થાય છે કે આવતા વર્ષે આઈસીસી વર્લ્ડ ક્રિકેટ ચેમ્પિયનશિપ ફાઈનલની મેજબાની ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડ કરશે. ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડની સમૃદ્ધ વિરાસત અને અદ્ભુત વાતાવરણના કારણે આ સ્થળ મહત્ત્વપૂર્ણ બની રહેશે. આ પછી વર્ષ 2025માં લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલની મેજબાની કરશે.'

મિથાલી રાજ બાદ ઝુલન ગોસ્વામીએ પણ ક્રિકેટને કહ્યું-અલવિદા....

# મહિલા ક્રિકેટમાં એક યુગનો અંત: મેદાનમાં નહીં દોડે ચકદા એક્સપ્રેસ

ગુજરાત | વંદન

મિથાલી રાજ બાદ આ ખેલાડી લિજેન્ડરી ક્રિકેટર્સમાંથી એક છે જેણે ભારતીય મહિલા ક્રિકેટને આપેલું યોગદાન ક્યારેય ભૂલી શકાય એમ નથી. ઝૂલન મહિલા ક્રિકેટની એકમાત્ર ભારતીય મહિલા છે જેણે ટેસ્ટ ક્રિકેટમાં એક જ મેચમાં 10 વિકેટો ઝડપી છે. 20 વર્ષ લાંબા સુવર્ણ કાળમા ઝૂલને એટલી સિદ્ધિઓ હાંસલ કરી છે પુરુષ ક્રિકેટમાં પણ એક પણ ખેલાડી તેની આસપાસ ફરકી શકે એમ નથી.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સિનિયર ખેલાડી ઝુલન ગોસ્વામીએ નિવૃત્તિની જાહેરાત કર્યા બાદ મહિલા ક્રિકેટમાં એક આખા યુગનો અંત આવી રહ્યો છે. અગાઉ મહિલા ક્રિકેટ પર રાજ કરનાર પૂર્વ કેપ્ટન મિથાલી રાજે નિવૃત્તિ લઈ લીધી છે તો હવે બીજી સિનિયર મોસ્ટ ખેલાડી ઝુલન ગોસ્વામી પણ નિવૃત્તિ લઈ રહી છે. આ બે ખેલાડીઓનાં જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે. જે સાતત્યથી એમણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પરફોર્મ કર્યું છે એ ભાગ્યે જ કોઈ ખેલાડી કરી શકે છે, પછી ચાહે એ પુરુષ ક્રિકેટર હોય કે મહિલા!




ચકદા એક્સપ્રેસના નામથી જાણીતી ઝુલન ગોસ્વામી દુનિયાની સૌથી ઝડપી બોલર અને સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. 6 જાન્યુઆરી, 2002ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનારી ઝુલને 19 વર્ષની કારકિર્દીમાં 284 મેચોમાં 355 વિકેટ ઝડપી છે. મહિલા વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ ઝડપવાનો રેકોર્ડ તેના નામે છે. તેણે વર્લ્ડ કપની 34 મેચમાં 43 વિકેટ ઝડપી છે. તે વર્લ્ડ કપમાં બે વાર 4 વિકેટ ઝડપી ચૂકી છે. ઝુલને તેની આંતરરાષ્ટ્રીય કરિયરમાં 1924 રન બનાવ્યા છે. તેમાં 3 અર્ધસદીનો પણ સમાવેશ થાય છે.

ઝુલન ગોસ્વામીની છેલ્લી મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા 45.4 ઓવરમાં 169 રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ 43.4 ઓવરમાં 153 રન બનાવી શકી હતી. આ મેચમાં ઝુલન ગોસ્વામીએ 10 ઓવરમાં 30 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. ઝુલનનો 10 ઓવરનો ક્વોટા પુરો થયા બાદ ભારતીય ખેલાડીઓએ ઝુલનને અભિનંદન પાઠવ્યા હતા અને તેને ગળે લગાવ્યા હતા.

## 2023માં IPLમાં ફરી હોમ-અવે ફોર્મેટ અમલમાં મુકાશે : ગાંગુલી

■ તમામ ૧૦ ટીમને તેમના ઘરઆંગણાના મેદાન પર રમવા મળશે



ગુજરાત | વંદન

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને બીસીસીઆઇ પ્રમુખ સૌરવ ગાંગુલીએ જાહેરાત કરી છે કે, આવતા વર્ષથી આઈપીએલમાં ફરી હોમ-અવે ફોર્મેટને અમલમાં મુકવામાં આવશે. છેલ્લા ત્રણેક વર્ષથી કોરોનાના કારણે પસંદગીના મેદાન પર જ આઈપીએલની મેચીસ રમાતી હતી. જોકે હવે બધુ રાબેતા મુજબ શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે આઈપીએલ પણ ફરી હોમ-અવે ફોર્મેટમાં રમાશે. જેના કારણે આઈપીએલની તમામ ૧૦ ટીમને ઘરઆંગણે મેચ રમવા મળશે.

કોરોના ફાટી નિકળતા વર્ષ ૨૦૨૦માં આઈપીએલ યુએઈમાં ત્રણ સ્થળોએ બંધ બારણે રમાડવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧માં દિલ્હી, અમદાવાદ, મુંબઈ અને ચેન્નાઈમાં રમાડવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. જોકે આઈપીએલની ટીમમાં કોરોનાના કેસ વધતા તેને સ્થગિત કરવામાં આવી હતી અને ત્યાર બાદ તેને યુએઈમાં ખસેડવામાં આવી હતી. ચાલુ વર્ષે આઈપીએલમાં ૧૦ ટીમ રમી હતી અને બંને ટીમને પાંચ-પાંચના બે ગ્રૂપમાં વહેંચવામાં આવી હતી અને તેમને કુલ ૧૪ મેચ રમવા મળી હતી. જ્યારે આવતા વર્ષથી આઈપીએલની એક ટીમને ૯ ઘરઆંગણાની અને ૯ હરિફ ટીમના મેદાન પરની એમ કુલ ૧૮ મેચ રમવા મળશે.

# ઓસ્ટ્રેલિયામાં યોજાનાર ટી-20 વર્લ્ડકપ નવા નિયમોથી રમાશે

■ માંકડિંગ હવે રનઆઉટ તરીકે ગણાશે




ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ ક્રિકેટમાં હવે માંકડિંગ આઉટ નહિ ગણાય, પરંતુ આઈસીસીએ તેને રનઆઉટ તરીકે માન્ય રાખ્યુ છે. આઈસીસીના ચીફ એક્ઝિક્યૂટીવ કમિટીએ નિયમોમાં બદલાવે મંજૂરી આપી દીધી છે. આઈસીસીએ બોલ ચમકાવવા માટે લાળ ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. આટલું જ નહિ, બેટરનો ટાઈમ પિરિયડ પણ ઓછો કરી દીધો છે.

ચીફ એક્ઝિક્યૂટીવ કમિટીએ સૌરવ ગાંગુલીની આગેવાનીમાં બનેલી કમિટીના આ પ્રસ્તાવોને મંજૂરી આપી દીધી છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આ બદલાયેલા નિયમો 1 ઓક્ટોબરથી લાગુ થશે. એટલે કે 16 ઓક્ટોબરથી ઓસ્ટ્રેલિયામાં યોજાનારા ટી-20 વર્લ્ડ કપ આ બદલાયેલા નિયમોની હેઠળ રમાશે.

કોઈપણ બેટરના આઉટ થયા પછી નવા બેટરના ક્રિઝમાં આવવાનો સમય ઓછો કરી દેવામાં આવ્યો છે. હવે ટેસ્ટ અને વન-ડેમાં 2 મિનિટની અંદર સ્ટ્રાઈક ઉપર આવવાનું રહેશે. જ્યારે ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 90 સેકેન્ડ્સની ટાઈમ લિમિટ રાખવામાં આવી છે. જો નવો બેટર ટાઈમ ઉપર ના આવી શક્યો, તો ફિલ્ડિંગ ટીમના કેપ્ટન ટાઈમ આઉટની અપીલ કરી શકે છે.

બોલિંગની દરમિયાન જો કોઈ બોલર ખરાબ વ્યવહાર કરે છે અથવા તો જાણી જોઈને ખોટા પ્રકારની મુવમેન્ટ કરે છે, તો અંપાયર એક્શન લઈ શકે છે. તેઓ બેટિંગ ટીમના ખાતામાં 5 રન આપી શકે છે. તેને ડેડ બોલ પણ આપી શકે છે. તેમજ માંકડિંગને અમાન્ય કરી દેવામાં આવ્યુ છે. હવે તેને રનઆઉટની કેટેગરીમાં મૂકી દેવામાં આવ્યુ છે.

ક્રિકેટના નિયમો મેરિલબોન ક્રિકેટ ક્લબ નામની સંસ્થા બનાવે છે. આ સંસ્થા સમયે જતા નિયમોમાં ફેરફાર કરતી રહેતી હોય છે. આ સંસ્થા 1787માં બની હતી. 1814માં લોર્ડ્સમાં આની હેડ ઑફિસ બની હતી.

# ભારતીય મહિલા ટીમના વિકેટકીપર તાનિયા ભાટીયાના રૂમમાંથી ચોરી



■ રૂપિયા, કાર્ડ, ઘડિયાળ અને જ્વેલેરીથી ભરેલી બેગની ચોરી

ગુજરાત | વંદન

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વિકેટકીપર તાનિયા ભાટિયાના હોટલ રૂમમાંથી ચોરી થઈ ગઈ છે. ચોર તાનિયાના રૂમમાંથી રૂપિયા, કાર્ડ, ઘડિયાળ અને જ્વેલેરીથી ભરેલી બેગ લઈ ગયો હતો. આશ્ચર્યજનક બાબત એ છે કે આ ઘટના એક મલ્ટી નેશનલ હોટલના રૂમમાં બની હતી.

24 વર્ષની આ વિકેટકીપરે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને આ અંગે જાણકારી આપી હતી. તેણે એ પોસ્ટ કરીને લખ્યું હતું કે 'મૈરિયટ હોટલ મેનેજમેન્ટથી હેરાન અને નિરાશ છું. મારા રૂમમાં ચોરી થઈ ગઈ. રૂપિયા, કાર્ડ, ઘડિયાળ અને જ્વેલેરીથી ભરેલી બેગની ચોરી થઈ ગઈ છે. મૈરિયટ હોટલમાં કોઈ જ વ્યવસ્થા નથી. આ મામલે જલ્દી તપાસ થાય તેવી આશા છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડની મનપસંદ હોટલમાં આ પ્રકારની ઘટના ઘટવી ખૂબ જ અચરજ પમાડે તેવી વાત છે. આશા છે કે તેઓ આ અંગે પગલાં લેશે.'

તમને જણાવી દઈએ કે ટીમ ઈન્ડિયા હાલમાં જ ઈંગ્લેન્ડ ટૂર પર હતી. જેમાં તાનિયા ભાટિયાને T20 અથવા તો વન-ડેમાં એક પણ મેચ રમવા મળી નથી. ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ માં પહેલીવાર ક્લીન સ્વીપ કરી હતી. ટીમને 3 મેચની વન-ડે સિરીઝમાં 3-0થી જીત મળી હતી.

જંગ | ભારત-પાકિસ્તાન વચ્ચે 7 ઓક્ટોબરે મહા મુકાબલો ખેલાશે

# વુમેન્સ એશિયા કપ માટે ઈન્ડિયાની કમાન હરમનપ્રીત કૌર સંભાળશે

ગુજરાત | વંદન

બાંગ્લાદેશમાં 1 ઓક્ટોબરથી યોજાનારા વુમેન્સ એશિયા કપ માટે બુધવારે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દેવામાં આવી છે. બીસીસીઆઈએ હરમનપ્રીત કૌરને કેપ્ટન બનાવી છે. તો સ્મૃતિ મંધાનાને વાઈસ કેપ્ટન બનાવવામાં આવી છે.

એશિયા કપની ફાઈનલ મેચ 15 ઓક્ટોબરે રમાશે. જેમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, યુએઈ, થાઈલેન્ડ અને મલેશિયા સામેલ છે. અફઘાનિસ્તાનની ટીમ મેદાને નહિ ઉતરે, કારણ કે ત્યાં સત્તામાં તાલિબાન આવ્યા પછી મહિલાઓને રમવાનો અધિકાર છીનવી લેવામાં આવ્યો છે.

વુમન્સ ટીમ પોતાના અભિયાનની શરૂઆત 1 ઓક્ટોબરે શ્રીલંકા સામે રમીને કરશે. આ પછી ટીમ મલેશિયા 3 ઓક્ટોબરે અને UAE સામે 4 ઓક્ટોબરે, એટલે કે સતત બે દિવસમાં બે મેચ રમશે. ત્યારપછી ટીમ ઈન્ડિયા 7 ઓક્ટોબરે પાકિસ્તાન અને 8 ઓક્ટોબરે બાંગ્લાદેશ સામે રમશે. અને ત્યારપછી 10 ઓક્ટોબરે થાઈલેન્ડ સામે મેચ રમશે. ભારતીય ટીમ 10 દિવસની અંદર જ 6 લીગ મેચ રમશે.

**મહિલા ટીમ ઈન્ડિયા :** હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ કેપ્ટન), દીપ્તિ શર્મા, જેમિમા રોડ્રિગ્સ, એસ. મેઘના, રિચા ઘોષ, સ્નેહ રાણા, દયાલન હેમલતા, મેઘના સિંહ, રેણુકા ઠાકુર, પૂજા વસ્ત્રાકર, રાજેશ્વરી ગાયકવાડ, રાધા યાદવ અને કેપી નવગિરે.

સ્ટેન્ડ બાય પ્લેયર્સ: તાનિયા ભાટિયા, સિમરન દિલ બહાદુર.



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## સંયુક્ત રાષ્ટ્રના આયોગના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

# યુક્રેનમાં રશિયન સૈનિકો બન્યા હેવાન: નાગરિકો પર અત્યાચાર, યૌન હિંસા

ગુજરાત | વંદન

છેલ્લા સાત મહિનાથી વધુ સમયથી યુક્રેન પર રશિયાના હુમલા દરમિયાન રશિયન સૈનિકોએ યુક્રેનમાં નાગરિકો પર યૌન હિંસા સહિતની યાતનાઓ ગુજારી હોવાનો ચોંકાવનારો ખુલાસો સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં થયો છે. યુક્રેનમાં રશિયા દ્વારા કરવામાં આવેલ કથિત અપરાધોની તપાસને લઈને રચાયેલા પંચનું કહેવું છે કે યુક્રેનમાં રશિયન સૈનિકોએ ભીષણ અત્યાચાર કર્યા છે, આયોગની ટીમ એ જગ્યાએ ગઈ હતી અને પુછપરછ કરી હતી. તપાસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૈનિકોએ નાગરિકોની વસ્તીવાળા વિસ્તારમાં બોમ્બમારો કર્યો હતો. લોકોને ફાંસી આપી હતી, યાતના આપી હતી અને યૌન હિંસા પણ આચરી હતી.






રશિયન સૈનિકોએ 4 વર્ષની બાળકીથી માંડીને 82 વર્ષની વૃદ્ધા સાથે યૌન હિંસા આચરી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સંબંધીઓની સામે જ રશિયન સૈનિકોએ આ યૌન અત્યાચાર કર્યા હતા.

યાતનાઃ પુછપરછમાં લોકોએ જણાવ્યું હતું કે રશિયન સૈનિકોએ કેદમાં પિટાઈ, વીજળીના ઝટકા, જબરદસ્તીથી નગ્ન કરવા જેવી યાતના આપી હતી. અનેક શબોના ફાંસીએ લટકાવ્યાના ગળામાં નિશાન તો માથા પર ગોળી મારીને કે ગળુ દબાવીને માર્યાના નિશાન મળી આવ્યા હતા.

રશિયાએ કર્યો ઈન્કારઃ રશિયાને યુએન કાઉન્સીલની બેઠકમાં જવાબ આપવા માટે બોલાવાયુ હતું પણ તે નહોતું પહોંચ્યું. જો કે રશિયાએ આ આરોપોનો ઈન્કાર કર્યો છે.

## દેશ આર્થિક ગુલામી તરફ જઈ રહ્યો છે : અર્થશાસ્ત્રી હેમંત શાહનો દાવો

1 રૂપિયો માત્ર ડોલર સામે તૂટે છે એવું નથી, એ ઓછાવત્તા પ્રમાણમાં અન્ય ચલણો સામે પણ તૂટે છે. તેને પરિણામે આયાતનું ખર્ચ વધે છે.

2 રૂપિયો તૂટ્યો છે અને હજુ પણ તૂટ્યા જ કરશે કારણ કે મોદી સરકારની અને RBIની નીતિ જ રૂપિયાને તોડે છે, તૂટવા દે છે.

3 RBI પાસે તા.૧૬-૦૯-૨૦૨૨ના રોજ ૫૪૬ અબજ ડોલર છે. એને વિદેશી હૂંડિયામણની અનામતો કહે છે. RBI જો બજારમાં વેચે તો રૂપિયો થોડા સમય માટે તૂટતો બચે પણ મુસીબત ઊભી થાય. કારણ કે વિદેશી દેવું અને ડોલરના આ ભંડાર વચ્ચેની ખાઈ વધે.

4 આપણી પાસે ૫૪૬ અબજ ડોલર છે અને માર્ચ - ૨૦૨૨ના આંકડા મુજબ દેવું ૬૨૧ અબજ ડોલર છે. બે વચ્ચેની ખાઈ બહુ વધી ગઈ છે. ત્રણ વર્ષમાં આ અનામત સૌથી ઓછી છે.

5 મોદી સરકારની નીતિઓ આત્મનિર્ભર થવાની છે જ નહિ. એ માત્ર એક રૂપાળું સૂત્ર છે. આયાત વધતી જ જતી હોય તો કેવી રીતે રૂપિયો તૂટતો અટકે? અને કેવી રીતે નિકાસ અને આયાત વચ્ચેની ખાધ ઓછી થાય?

6 આયાત અને નિકાસ વચ્ચેની ખાધ અત્યંત ચિંતાજનક રીતે વધી છે. આયાત નિકાસ કરતાં વધારે હોય તો આ ખાધ વધે છે. એને ચાલુ ખાતાની ખાધ કહે છે. ચાલુ વર્ષે પહેલા ત્રણ મહિનામાં આ ખાધ જીડીપીના ૩.૫ ટકા હતી અને હવે તે જુલાઈ-સપ્ટેમ્બર, ૨૦૨૨માં ૫.૦ ટકા થવાનો અંદાજ છે. આ તો ભયંકર કહેવાય.

7 આયાત ઓછી કરવા માટે મોદી સરકાર કશાં પગલાં લઈ રહી નથી અને બીજી બાજુ વિદેશી કંપનીઓને એ આવકારતી જ જાય છે. આ કંપનીઓ ડોલર લાવે છે એના કરતાં ઘણી વાર વધુ ડોલર લઈ જાય છે. એટલે કે ચોખ્ખી ડોલરની આવક છે જ નહિ.

8 આ સ્થિતિમાં દેશની આર્થિક સ્થિતિ ખાસ્સી ગંભીર થતી જાય છે. કારણ કે રૂપિયાના અવમૂલ્યનની અસર ભાવો પર પડે જ છે કારણ કે આયાતી વસ્તુઓના ભાવ વધે છે. સામાન્ય ચીજોમાં ફુગાવો વધવાની સંપૂર્ણ શક્યતાઓ છે.

9 આપણી નિકાસ માત્ર બે જ વર્ષ, ૧૯૭૨-૭૩ અને ૧૯૭૬-૭૭માં જ, આયાત કરતાં વધારે રહી છે. એ સિવાય એકેય વર્ષ નહિ. નિકાસ બહુ વધે છે તોય આયાતના ખર્ચને પહોંચી વળાતું નથી. એટલે આયાત પર જ નિયંત્રણો મૂકવાં પડે.

10 આનો અર્થ એ છે કે ભારત આત્મનિર્ભર નથી થઈ રહ્યું પણ વધુ ને વધુ પરાવલંબી બની રહ્યું છે. દેશ આર્થિક ગુલામી તરફ વંદે ભારત એક્સ્પ્રેસની ગતિએ જઈ રહ્યો છે.

## આસામના સીએમ સહિતના મહાનુભાવો સામે FIR

ગુજરાત | વંદન

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા, સદગુરૂ જગદીશ જગ્ગી વાસુદેવ તથા પ્રવાસન મંત્રી જયંત મલ્લાબરૂવા સામે વન્ય



જીવ સંરક્ષણ કાયદાના ભંગ કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવતા તિવ્ર રાજકીય પ્રત્યાઘાતો પડયા છે. રાજયના ગોલાઘાટા જિલ્લાના લોકોએ રાત્રી દરમ્યાન અંધારમાં રાષ્ટ્રીય ઉદ્યાનમાં જીપ સફારી કરી હોવાનો મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો સામે ફરિયાદ દાખલ કરાવી છે અને તેના આધારે ગુનો નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર મામલો જંગલ વિસ્તારનો છે. એટલે વન વિભાગ પાસેથી રીપોર્ટ માંગવામાં આવ્યો છે. પુરાવાના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## 10 વર્ષમાં અદાણી ગ્રૂપ 100 અબજ ડોલરનું રોકાણ કરશે

■ સિંગાપોર કોન્ફરન્સમાં ગૌતમ અદાણીની જાહેરાત :70 ટકા રોકાણ ગ્રીન એનર્જીમાં થશે



ગુજરાત | વંદન


ભારતના ટોચના ઉદ્યોગપતિ અને સૌથી અમીર ગૌતમ અદાણીથી આવતા 10 વર્ષમાં 100 અબજ ડોલરનું રોકાણ કરવાની યોજના તૈયાર કરી રહ્યું હોવાનું જાહેર થયું છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ સિંગાપુર ખાતે ગ્લોબલ સીઈઓ કોન્ફરન્સમાં જાહેર કર્યું હતું કે, આવતા દશકામાં 100 અબજ ડોલરનું રોકાણ કરવાનો ઈરાદો છે તેમાં 70 ટકા રોકાણ ગ્રીન એનર્જી ક્ષેત્રે કરવામાં આવશે. આ સિવાય ડીજીટલ ક્ષેત્રે પણ મોટુ રોકાણ કરશે. તેઓએ દાવો કર્યો હતો કે ભારતનો વાસ્તવિક વિકાસ હજુ શરુ થયો છે જ્યારે ચાઈના વધુને વધુ એકલુ અટુલુ થવા લાગશે કારણ કે વધુ પડતો રાષ્ટ્રવાદ સપ્લાય ચેઈનનું જોખમ અને ટેકનોલોજી નિયંત્રણોના કારણે અસર થશે. તેઓએ ગત જુલાઈમાં જ કહ્યું હતું કે ક્લીન એનર્જીના નિકાસકાર બનવા માટે અદાણી ગ્રુપ ગ્રીન એનર્જીમાં 70 અબજ ડોલરનું રોકાણ કરશે.

સમગ્ર અદાણી ગ્રુપ નવા દશકામાં 100 અબજ ડોલરનું રોકાણ કરશે. તે પૈકીનું 70 ટકા ગ્રીન એનર્જીમાં જ હશે. વિશ્વ ની સૌથી મોટી ગ્રીન એનર્જી ચેઈન ઉભી કરવા માટે ભારતમાં ત્રણ વિરાટ ફેકટરી સ્થાપવામાં આવશે. જેમાં પોલીસીલી કોન, પોલાર મોડ્યુલ, વિન્ડ ટર્બાઈન અને હાઈડ્રોજન ઈલેક્ટ્રોલાઈસરનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત વર્તમાન ક્ષમતામાં પણ વધારો કરવામાં આવશે. તેઓએ જણાવ્યું હતું કે, ગ્રીન ઈલેક્ટ્રોરન અને ગ્રીન હાઈડ્રોજનના સૌથી સસ્તા ઉત્પાદનનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. ગત વર્ષે તેઓએ જાહેર કર્યું હતું કે પ્રતિ કિલો એક ડોલરમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે.

ગૌતમ અદાણીએ ડીજીટલ યોજનાનો પણ સંકેત આપ્યો હતો અને જણાવ્યું હતું કે, ભારતીય ડેટા સંચાર માર્કેટ વિસ્ફોટક વિકાસના માર્ગે છે. લાખો ગ્રાહકોને કોમન ડીજીટલ પ્લેટફોર્મ પર લાવવા માટે અન્ડર-સી ટેબલ મારફત સુપર એપ્લીકેશન સર્જીને ડેટા સેન્ટરોને કનેક્ટ કરવામાં આવશે. ગ્રુપ દ્વારા તાજેતરમાં વિશ્વનું સૌથી મોટુ ક્લાઉડ નિર્માણ કરવામાં આવ્યું છે.

## અંકિતા કેસઃ મારો પુત્ર સીધો, સાદો, સરળ અને ચરિત્રવાન છેઃ વિનોદ આર્ય

■ ભાજપના નેતાએ નફફટાઈથી પોતાના પુત્રનો કર્યો બચાવ



ગુજરાત | વંદન

ઋષિકેશમાં આવેલા ભાજપના પૂર્વ નેતાના એક રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટ તરીકે ફરજ બજાવતી અંકિતા ભંડારીની હત્યાને લઈ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ યુવતીની હત્યામાં રિસોર્ટના માલિક ભાજપના પૂર્વ નેતા વિનોદ આર્યનો પુત્ર પુલકિત આર્યનું તેમજ અન્ય બે રિસોર્ટ મેનેજર સૌરભ ભાસ્કર અને કર્મચારી અંકિત ગુપ્તાનું નામ ખુલતા આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરાઈ છે. આ હત્યાના બનાવમાં એવો ચોંકાવનારો ખુલાસો થયો છે કે, પુલકિત રિસેપ્શનિસ્ટ યુવતી અંકિતાને હોટેલમાં આવતા મહેમાનો સાથે સુવાનું દબાણ કરતો હતો, જેના અંકિતાએ ઈનકાર કરતા પુલકિતે અંકિતાને પહાડ પરથી ધક્કો મારીને નીચે ગંગા નદીમાં ફેંકી દીધી હતી.

આ મામલે પોલીસ દ્વારા વધુમાં જાળવા મળતી વિગત મુજબ અંકિતા ઓગસ્ટ મહિનામાં રિસોર્ટમાં મહિને 10 હજાર રૂપિયાના પગારે નોકરીએ રહી હતી. જોકે પુલકિત અંકિતાને એક્સ્ટ્રા રૂપિયા કમાવવા માટે રિસોર્ટમાં આવતા લોકો સાથે સૂવું પડશે તેવી વાત કરતો હતો, જેનો અંકિતાએ સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

અંકિતાના પિતાએ દવો કર્યો હતો કે તેમની દીકરી 18 સપ્ટેમ્બરે ગુમ થઈ હતી. તેની જાણ છેક બીજા દિવસે કરવામાં આવી હતી. અંકિતા ગુમ થઈ તે પહેલા અંકિતાએ તેના મિત્રોને વોટ્સ અપ ગ્રુપમાં એક મેસેજ મોકલ્યો હતો જેમાં તેણે એવો ખુલાસો કર્યો હતો કે તેને રિસોર્ટમાં આવતા લોકોને એક્સ્ટ્રા સર્વીસ આપવાનું દબાણ થઈ રહ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, 18મી સપ્ટેમ્બરે પુલકિત અને અંકિતા વચ્ચે જોરદાર ઝઘડો થયો હતો તે વખતે પુલકિતે અંકિતાને પહાડ પરથી ધક્કો મારી દીધો હતો અને અંકિતા નીચે ખાબકી ગંગા નદીમાં ડૂબી ગઈ હતી.

વધુ કામના થાકને કારણે પાયલટોની સ્થિતિ ખરાબ હોવાનો દાવો

## ભારતીય એરલાઈન્સમાં 66 ટકા પાયલટ ઉડાન વખતે કોકપીટમાં ઉંઘી જાય છે : સર્વે

ગુજરાત | વંદન

વિમાન ઉડી રહ્યું હોય તેવી સ્થિતિમાં પણ વિમાનના કેટલાક પાયલટ ઉંઘી જતા હોવાનો દાવો એક અભ્યાસમાં કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય એરલાઈન્સોમાં કામ કરતા ૬૬ ટકા પાયલટ ઉડાન દરમિયાન પણ સુઈ જાય છે. આ અભ્યાસમાં ૫૪૨ પાયલટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૩૫૮ પાયલટે સ્વિકાર કર્યો હતો કે થાક લાગવાથી તેઓ કોકપિટમાં સુઈ જાય છે.


સેફ્ટી મેટર્સ ફાઉંડેશન દ્વારા હાથ ધરવામાં આવેલા આ સરવેમાં ઘરેલુ ઉડાન માટે કામ કરતા પાયલટોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે આ પાયલટ ચાર કલાક માટે ઉડાન ભરતા હોય છે.

પાયલટોએ આપેલા જવાબોમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૪ ટકા પાયલટને દિવસ દરમિયાન સુવાની ટેવ છે. જ્યારે ૪૧ ટકા પાયલટ એવા છે કે જેઓ ક્યારેક સુઈ જતા હોય છે.

## અભિનેત્રી આશા પારેખને દાદા સાહેબ ફાળકે એવોર્ડ

ગુજરાત | વંદન

ભારત સરકારે બોલીવુડના પીઢ અભિનેત્રી અને નિર્માતા આશા પારેખને 2020 નું રાષ્ટ્રીય દાદા સાહેબ ફાળકે પુરસ્કાર




સન્માન એનાયત કરવાનો નિર્ણય કર્યો છે. આશા પારેખ બોલીવુડના સુવર્ણયુગ ગણાતા બ્લેક એન્ડ વાઈટ યુગથી માંડીને રંગીન ફિલ્મો સુધીના આધુનિક યુગના સાક્ષી રહ્યા છે. તેમની જાણીતી ફિલ્મોમાં કટી પતંગ, કારવા, તથા તીસરી મંજિલ સહિતની અનેક સુપરહિટ ફિલ્મોનો સમાવેશ થાય છે. તેમણે તેમના જમાનાના તમામ ટોચના સ્ટાર અને બેનર સાથે કામ કર્યું હતું અને બોલીવુડની એક ટોચની અભિનેત્રી તરીકે સ્થાન મેળવ્યું હતું. એ સમયની સંખ્યાબંધ ગુજરાતી ફિલ્મોમાં પણ તેમણે અભિનય કર્યો હતો.

## દાઉદના નજીક ગણાતાં રિયાઝ ભાટીની ધરપકડ

ગુજરાત | વંદન

મુંબઈ પોલીસે મોસ્ટ વોન્ટેડ આતંકી દાઉદ ઈબ્રાહીમના અત્યંત નજીકના ગણાતાં એવા રિયાઝ ભાટીને ખંડણી



માંગવાના એક ગુનામાં પકડી પાડ્યો છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ભાટીનો આતંકી દાઉદ ઈબ્રાહીમ સાથે સંબંધ છે અને તે વર્સોવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણીના ગુનામાં ફરાર હતો. રિયાઝ અને મોહમ્મદ સલીમ ઈકબાલ કુરેશી ઉર્ફે સલીમ ફ્રૂટે વર્સોવાના એક વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બન્ને જ દાઉદ અને છોટા શકિલના નજીકના સંબંધી છે. ભાટી અને સલીમ ફ્રૂટે વેપારી પાસેથી 30 લાખ રૂપિયાની કિંમતની એક કાર અને 7.5 લાખ રૂપિયાની રોકડ વસૂલી હતી.

‘લવ જેહાદ’ની વેદી પર વધુ એક હિન્દુ મહિલાની બલિ

# બુરખો પહેરવાનો ઈન્કાર કરતા પતિએ ગળું કાપી હત્યા કરી નાંખી

■ મુંબઈની ઘટના, ત્રણ વર્ષ પહેલાં રૂપાલીએ મુસ્લિમ યુવક સાથે લગ્ન કર્યા હતા

ગુજરાત | વંદન



બુરખા અને હિજાબને લઈને ઘણા દેશોમાં વધી રહેલા હોબાળા વચ્ચે મુંબઈથી એક સનસની ઘટના સામે આવી છે. ઈકબાલ મહમૂદ શેખ નામના વ્યક્તિએ તેની પત્ની રૂપાલીની ગળું કાપીને હત્યા કરી છે, કારણ કે રૂપાલી મુસ્લિમ રિવાજોનું પાલન કરતી ન હતી અને બુરખો પહેરતી ન હતી. રૂપાલીએ ઈકબાલ સાથે આંતર-ધાર્મિક લગ્ન કર્યા હતા, પરંતુ તે ઈકબાલની આ હઠથી કંટાળી ગઈ હતી અને છૂટાછેડા માંગતી હતી. છૂટાછેડા પહેલા જ આરોપીએ તેની ઘાતકી હત્યા કરી નાખી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી ઈકબાલ શેખે સોમવારે રાતે પત્ની રૂપાલને જાહેરમાં ગળું કાપીને મારી નાંખી હતી. મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં આ ઘટના બની હતી. મુંબઈ પોલીસે આરોપી ઈકબાલની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી પ્રમાણે, રૂપાલીએ ઈકબાલ શેખ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારબાદ બંને ચેમ્બુર વિસ્તારમાં ઈકબાલના ઘરે રહેતા હતા. રૂપાલી હિંદુ હતી અને લગ્ન પછી પણ તે મુસ્લિમ રીતિ-રિવાજનું પાલન કરતી નહોતી. તેથી ઈકબાલ સહિત તેના પરિવારજનો તેનાથી નારાજ હતા. ઈકબાલના પરિવારજનો રૂપાલી પર બુરખો પહેરવા માટે દબાણ કરતા હતા. પરંતુ તે માનતી નહોતી. તેને લઈને કંકાસ વધી રહ્યો હતો. ત્યારબાદ રૂપાલી અને ઈકબાલ અલગ રહેવા લાગ્યા હતા. આ દંપતીને એક દીકરો પણ હતો.

છ માસથી અલગ રહેવા છતાં બંને વચ્ચે ફોનથી વાતચીત થતી હતી. જો કે, ઈકબાલ આ દરમિયાન મુસ્લિમ પરંપરા માનવા માટે દબાણ કરતો હતો. રૂપાલી ઈકબાલની બીજી પત્ની હતી. પહેલી પત્નીને બાળકો ના થતા હોવાથી ઈકબાલે તેને તલાક આપી દીધા હતા. આરોપી ઈકબાલ શેખે રૂપાલીને સોમવારે સાંજે ચેમ્બુર વિસ્તારમાં પીએલ લોખંડે માર્ગ પર નાગેવાડીમાં મળવા માટે બોલાવી હતી. આ દરમિયાન બંને વચ્ચે બુરખાને લઈને અન્ય વાતો મામલે દલીલો થઈ હતી. ત્યારે રુપાલીએ તલાક આપવાની વાતનું રટણ કર્યુ હતું. ત્યારે ઈકબાલે ખિસ્સામાંથી ચપ્પુ કાઢ્યું અને રૂપાલી પર ઉપરાછાપરી અનેક વાર કરીને ફરાર થઈ ગયો હતો. રૂપાલીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હાજર લોકોએ આ મામલે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. ત્યારબાદ પોલીસે આરોપીની ધરપકજ કરી હતી અને કેસ દાખલ કર્યો હતો. હાલ આ મામલે આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

2 ઓક્ટોબર

જ્યારે ભારતની દારૂણ ગરીબી જોઈને બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાધી રડી પડ્યા, ફકીર બન્યા


# મોહનથી મહાત્મા : આજે પણ ગાંધી મૂલ્યો શાશ્વત છે...!


ગુજરાત | વંદન

સાવ સામાન્ય એવા મોહનદાસ કોણ એવું કોઈ જો પૂછે તો કોઈ તેમને ઓળખી ન શકે પરંતુ જો એમ કઈએ કે મહાત્મા ગાંધી કોણ તો સોમાંથી સો ગુણ મળે એવો જવાબ અપાય. મોહનમાંથી મહાત્મા એટલે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી. એક મુસ્લિમ મૌલવીએ તાજેતરમાં જ એક ધાર્મિક સંસ્થાના વડાને ઉત્સાહમાં આવીને રાષ્ટ્રપિતા અને રાષ્ટ્રરૂષિ ગણાવ્યા પરંતુ ઈતિહાસ ગવાહ છે કે, ભારતમાં રાષ્ટ્રપિતા એક જ અને તે છે આપણા સૌના ગાંધીજી. બીજી ઓક્ટોબર તેમની 153મી જન્મજંયતિ છે મોહનથી મહાત્માની આ સફર પર એક નજર....

આજે પણ ભારતમાં અને વિદેશમાં ગાંધીજીના વિરોધીઓ દ્વારા તેમની પ્રતિમાઓને ખંડિત કરવાના બનાવો બને છે. પરંતુ તેમની પ્રતિમા તોડવાથી ગાંધી વિચાર ધારા ખંડિત નહીં થાયા ગાંધી વિચાર ધારા જ્યાં સુધી ગંગા નદીમાં જળ છે ત્યાં સુધી અમર રહેશે.

ગુજરાતના અમદાવાદ શહેરમાં સાબરમતી નદીના કિનારે આવેલ અને અંગ્રેજો સામેના સત્યાગ્રહની છાવણી તરીકે જાણીતા આ ગાંધી આશ્રમની સ્થાપના મહાત્મા ગાંધીજીએ કરી હતી. ગાંધીજીએ કોચરબ આશ્રમમાં લોકોની સંખ્યા વધી જતા સાબરમતી નદીના કિનારે ગાંધી આશ્રમની સ્થાપના કરી હતી. ગાંધી આશ્રમ એ ગાંધીજીનું આઝાદી પહેલાનું રહેઠાણ હતું. ગાંધીજી સાંજના સમયે સાબરમતીને કિનારે બેસીને પ્રાર્થના કરતાં હતાં. મીઠાના





દેશ-વિદેશમાં ગાંધીજીની પ્રતિમા તોડાવાનો સિલસિલ હજી પણ ચાલી રહ્યો છે છતાં ગાંધી વિચાર હજી અમર

સત્યાગ્રહ માટે ગાંધીજીએ ગાંધી આશ્રમથી દાંડી કૂચની શરૂઆત કરી હતી તો અહીંથી જ ગાંધીજીએ સ્વરાજ મેળવવાની પણ પ્રતિજ્ઞા લિધી હતી એટલે ગાંધીજીની સ્વરાજ મેળવવાની લડાઈમાં ગાંધી આશ્રમનું મહત્વ અનેરુ રહ્યું છે.

સાબરમતી આશ્રમ કે જેને ગાંધી આશ્રમ તરીકે પણ ઓળખાય છે. અમદાવાદના આશ્રમ રોડને અડીને, સાબરમતી નદીના કિનારે ગાંધી આશ્રમ આવેલો છે. આ મહાત્મા ગાંધીના ઘણા આવાસોમાંના એક હતા જેઓ સાબરમતી અને સેવાગ્રામ ખાતે રહેતા હતા જ્યારે તેઓ સમગ્ર ભારતમાં યા જેલમાં ન હતા.તેઓ તેમના પત્ની કસ્તુરબા ગાંધી અને વિનોબા ભાવે સહિતના અનુયાયીઓ સાથે કુલ બાર વર્ષ સુધી સાબરમતી કે વર્ધામાં રહ્યા. અહીંથી જ ગાંધીએ 12 માર્ચ 1930 ના રોજ મીઠાના સત્યાગ્રહ તરીકે ઓળખાતી દાંડી કૂચનું નેતૃત્વ કર્યું હતું. ભારતીય સ્વતંત્રતા ચળવળ પર આ કૂચનો નોંધપાત્ર પ્રભાવ હતો તેની માન્યતામાં, ભારત સરકારે આશ્રમને રાષ્ટ્રીય સ્મારક તરીકે સ્થાપિત કર્યો છે.

સાબરમતી નદીના કિનારે આવેલા ગાંધી આશ્રમના કોમ્યુનિકેટર ગાઈડ તરીકે કામ કરતા લત્તાબેન જણાવે છે કે 17 જૂન 1917ના કોચરબ આશ્રમથી સ્થળાંતરણ કરી ગાંધી આશ્રમ ખાતે આવ્યા ત્યારે ગાંધીજી બિહારમાં મોતીહારી ચંપારણ સત્યાગ્રહમાં હતા. બિહારમાંથી પરત ફર્યા બાદ લોકો ગાંધીજી સાથે મોટી સંખ્યામાં જોડાયા અને ત્યારબાદ આ આશ્રમનો વિસ્તાર થયો. ઈ.સ 1917 બાદ અહીં અનેક શૈક્ષણિક - રાજકીય પ્રયોગો થયા ગૌશાળાઓ પણ ચાલી.

ગાંધી આશ્રમના ગાઈડ લત્તાબેન જણાવી રહ્યાં છે 12 માર્ચ 1930ના રોજ ગાંધીજીની ઉંમર 61 વર્ષની હતી તે સમયે ગાંધી આશ્રમથી જ ગાંધીજીએ દાંડી કૂચ શરૂ કરી હતી. તે દાંડી કૂચે દેશમાં અલગ જુવાળ પેદા કર્યો અને એ સમયે જ ગાંધીજીએ મોટી પ્રતિજ્ઞા લેતા નક્કી કર્યુ કે કાગળા-કુતરા મોતે અને રઝળીને મરીશ પરંતુ સ્વરાજ લિધા વિના પરત નહીં ફરુ તે વાત ગાંધીજીની આશ્રમ પ્રત્યેની માયા દર્શાવે છે પરંતુ આઝાદી મળ્યા બાદ જે પ્રકારે દેશની પરીસ્થિતીઓ બદલાતી રહી તેના કારણે ગાંધીજી ક્યારેય પણ અહીં પરત ફરી જ ન શક્યા.

હિંદ છોડો ચળવળ સમયની વાત કરતા ગાંધી આશ્રમના કોમ્યુનિકેટર લતાબેન જણાવે છે કે 1942માં જ્યારે હિંદ છોડો ચળવળની શરૂઆત થઈ તો એ સમયે ગાંધી આશ્રમમાં પણ લોકોના ઘરોની પણ જપ્તી થઈ. અહીં ગાંધી આશ્રમ આખુ વેરણ છેરણ કરી દિધુ હતુ. વિદ્યાર્થીઓ ચળવળમાં જોડાતા ગુજરાત વિદ્યાપીઠ પણ બંધ થઈ હતી

(અનુસંધાન પેજ નં. 6 પર)



## રિક્ષા ચાલકની દીકરી માન્યા સિંહ ‘મિસ ઈન્ડિયા રનરઅપ’ બન્યા બાદ હવે Big Bossમાં જોવા મળશે


બોલિવૂડ એક્ટર સલમાન ખાન દ્વારા હોસ્ટ કરવામાં આવતા શો ‘બિગ બોસ’ની 16મી સીઝનમાં મિસ ઈન્ડિયા રનર અપ રહી ચૂકેલી માન્યા સિંહ પણ જોવા મળી શકે છે. ટીવીના સૌથી વિવાદાસ્પદ શોમાંથી એક, ‘બિગ બોસ’ની 16મી સીઝન 1 ઓક્ટોબર 2022થી શરૂ થઈ રહી છે. મોડલ માન્યા સિંહ શોમાં પ્રથમ કન્ફર્મ કન્ટેસ્ટન્ટ હોવાનું કહેવાય છે. માન્યા સિંહ દ્વારા હજી સુધી આની પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ લેટેસ્ટ મીડિયા અહેવાલો મુજબ માન્યા પ્રથમ કંફર્મ થયેલી સ્પર્ધક છે. માન્યાએ ‘બિગ બોસ 16’ની ઓફર સ્વીકારી લીધી છે. આ વાત સાચી છે કે નહીં તે તો બાકીના શોના પ્રીમિયર દરમિયાન જ ખબર પડશે. માન્યા સિંહ વર્ષ 2020માં ફેમિના મિસ ઈન્ડિયા રનર-અપ બની ત્યારથી તે હેડલાઈન્સમાં છે.

માન્યા સિંહ મુળ ઉત્તર પ્રદેશની છે, અને તે ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવે છે. માન્યા સિંહના પિતા રિક્ષાચાલક છે. માન્યા સિંહે મિસ ઈન્ડિયા રનર અપ બનવા સુધીની સફર પૂરી કરી છે. રાષ્ટ્રીય સ્પર્ધાની તૈયારીની સાથે તે ગરીબ બાળકોને ભણાવતી પણ હતી. 20 વર્ષીય માન્યા સિંહે ખૂબ જ નાની ઉંમરમાં સખત મહેનત કરીને ઊંચાઈને સ્પર્શી છે. તેના જુસ્સાને કારણે તે એક સફળ મોડલ બની ગઈ છે. માન્યા સિંહ સોશિયલ મીડિયા પર પણ ખૂબ એક્ટિવ રહે છે અને અવારનવાર પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરતી રહે છે. તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 2 લાખ લોકો તેને ફોલો કરે છે.

## અરબાઝની આગામી ફિલ્મ ‘પટણા શુક્લ’માં રવીના ટંડન લીડ રોલમાં

છેલ્લા કેટલીક સમયતી ઓટીટી સિરીઝમાં સક્રિય રવીના ટંડન ફરી એક વખત મોટા પડદે સક્રિય થઈ રહી છે. તે અરબાઝ ખાનની આગામી ફિલ્મ ‘પટણા શુક્લ’માં મુખ્ય ભૂમિકા ભજવશે. ‘દબંગ’ સહિતની ફિલ્મો પ્રોડયૂસ કરી ચુકેલા અરબાઝની આ છઠ્ઠી ફિલ્મ હશે. તેમાં રવીનાને બાદ કરતાં કોઈ મોટા કલાકાર નથી. તેના પરથી આ ફિમેલ સેન્ટ્રિક ફિલ્મ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ફિલ્મ આવતાં વર્ષે રિલીઝ થશે.

અરબાઝે ફિલ્મ વિશે એટલી જ માહિતી આપી હતી કે આ એક સોશિયલ ડ્રામા હશે. તેની વાર્તાની ડિમાન્ડ જોતાં રવીના જેવી અનુભવી અભિનેત્રીની તેમાં જરુર હતી. રવીના ‘આરણ્યક’ સહિતની વેબ સિરીઝ દ્વારા ફરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી રહી છે. તેના પગલે ૯૦ના દાયકાની બીજી કેટલીક હિરોઈનો પણ ઓટીટી તરફ વળી છે. હવે રવીનાએ ફરી મોટા પડદે કિસ્મત અજમાવવાનું નક્કી કર્યું છે.



## લાલસિંહ ચઢ્ઢા આમિર ખાનની દીકરીએ સગાઈ કરી

આમિરખાનની પુત્રી ઈરા ખાન અને નૂપુર શિખરેની તાજેતરમાં સગાઈ થઈ ગઈ છે. આ કપલે ઈન્સ્ટાગ્રામ ઉપર એક વીડિયો શેર કરીને પોતાની સગાઈની જાહેરાત કરી છે. બન્નેએ એકબીજાને 2 વર્ષથી પણ વધુ સમય સુધી ડેટ કર્યા બાદ સગાઈ કરી લીધી છે. ઈરા ખાને નૂપુરના સાઈકલિંગ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ દરમિયાન નૂપુર શિખરે ઈરાને પ્રપોઝ કર્યું હતું. બન્ને અવારનવાર પોતાની તસવીરો સોશિયલ મીડિયા ઉપર શેર કરતા હોય છે. આ બન્નેના સંબંધ વિશે ઈરાના પિતા આમિર ખાન પણ જાણે છે. જો કે તેમના તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

ઈરા અને નુપુર બે વર્ષથી વધારે સમયથઈ એકબીજાને ડેટ કરી રહ્યા છે. બન્નેએ આ વર્ષે જૂનમાં પોતાની બીજી એનિવર્સરી ઉજવી હતી. તેઓ સોશિયલ મીડિયા એકબીજાની સાથે પોતાના જીવનની ઝલક શેક કરતા હોય છે. તાજેતરમાં ઈરાએ નુપુર સાથેના ફોટાઓ પોસ્ટ કર્યા હતા.





## એક્તાની ફિલ્મ માટે અનન્યા પાંડે અને નુસરત ભરુચા હોડમાં

એક્તા કપૂરે તેના ત્રણ વર્ષ જૂના પ્રોજેક્ટ ‘કેટીના’ પરથી ધૂળ ખંખેરી છે. આ ફિલ્મ માટે નવેસરથી કાસ્ટિંગ થઈ રહ્યું છે અને તેમાં મૂળ અભિનેત્રી દિશા પટાણીની બાદબાકી થઈ ગઈ છે. એકતા કપૂરની આ ફિલ્મ માટે અનન્યા પાંડે અને નુસરત ભરૂચાનો સંપર્ક કરવામાં આવ્યો છે. આ ફિલ્મની સ્ટારકકાસ્ટ ફાઈનલ થયા પછી ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવશે.

અનન્યા પાંડે એકતા કપૂરની ડ્રીમ ગર્લ ટુમાં કામ કરી રહી છે. જ્યારે નુસરતે ડ્રીમ ગર્લમાં મુખ્ય રોલ કર્યો હતો. ઉપરાંત અભિનેત્રી જનહિત મેં જારીમાં પણ જોવા મળી હતી. બન્ને ફિલ્મોનું નિર્માણ એકતા કપૂરે કર્યું હતું. એકતાએ ત્રણ વર્ષ અગાઉ એક વીડિયો દ્વારા આ ફિલ્મ અનાઉન્સ કરી હતી. ત્યારે તેમાં દિશા પટાણીને દર્શાવાઈ હતી. એ પછી એકતાએ આ ફિલ્મ બનાવવાનું જ માંડી વાળ્યું હોવાનું કહેવાયું હતું. હવે એક્તાએ ફરી આ પ્રોજેક્ટ હાથ ધરવાનું નક્કી કર્યું છે તો કાસ્ટ બદલવામાં આવી રહી છે.





## રેડ થાઇ હાઇ સ્લિટ ગાઉન પહેરીને કૃતિએ બતાવ્યો કિલર લૂક


બોલીવુડ એક્ટ્રેસ કૃતિ ખરબંદાનું નામ ઈન્ડસ્ટ્રીમાં જાણીતી એક્ટ્રેસના લિસ્ટમાં સામેલ છે. એક્ટ્રેસ પોતાની સ્ટાઈલિશ અદાઓ અને ફેશન સેન્સના કારણે ખુબ ચર્ચામા રહે છે. તે હંમેશા લાઈમ લાઈટમાં રહેવા માટે પ્રયાસ કરે છે. કૃતિ ખરબંદાએ તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ પર પોતાની કેટલીક લેટસ્ટ તસવીરો શેર કરી છે, જેમાં તેનો ફરી એકવાર સ્ટનિંગ અવતાર જોવા મળી રહ્યો છે.

રેડ કલરનો ફ્રન્ટ ઓપન થાઈ હાઈ સ્લિટ ડ્રેસમાં પહેરીને કૃતિ ખરબંદાએ નવો હૉટ અવતાર બતાવ્યો છે. કૃતિ ખરબંદા ભલે ફિલ્મો અત્યારે નથી દેખાતી, પરંતુ પોતાની સુંદરતા અને ગ્લેમરસ અદાઓથી હંમેશા ચર્ચામાં રહે છે. ફિલ્મો ઉપરાંત કૃતિ ખરબંદા પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં છવાયેલી રહે છે. રિપોર્ટ્સ અનુસાર, કૃતિ ખરબંદા અને પુલકિત સમ્રાટ પોતાના અફેરની ખબરોને લઈને પણ ચર્ચામાં છે. કૃતિ ખરબંદા ‘હાઉસફૂલ 4’, ‘શાદી મે જરૂર આના’ ‘પાગલપંતિ’ જેવી ફિલ્મોમાં દેખાઇ ચૂકી છે.

બોલીવુડ એક્ટ્રેસ કૃતિ ખરબંદાએ ખૂબ જ ઓછા સમયમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. તમને જાણીને નવાઈ લાગશે કે માત્ર બોલીવુડ જ નહીં, આ પહેલા પણ કૃતિ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સારું નામ કમાઈ ચૂકી છે.

આટલું જ નહીં, કૃતિ પોતાની પર્સનલ લાઈફને કારણે પણ હેડલાઈન્સમાં રહે છે. તે દરરોજ ક્યૂટ ફોટો અને વીડિયો શેર કરતી જોવા મળે છે.

## બોલિવૂડના બાદશાહ બાદ રણબીરને ‘ડોન’નું ખિતાબ મળવાની અટકળો



અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘ડોન’ બાદ શાહરૂખ ખાન ‘ડોન’ અને ‘ડોન-2’માં કામ કરી ચૂક્યા છે. ઘણા સમયથી ‘ડોન-3’ બનવાની વાત પણ ચાલી રહી હતી. એવું કહેવામાં આવતું હતું કે, ફરહાન અખ્તર આ ફિલ્મનો ત્રીજો ભાગ એટલે કે ‘ડોન-3’ બનાવશે. શાહરૂખ ખાનના ચાહકો આ ફિલ્મ માટે ખૂબ જ એક્સાઈટેડ છે. તેઓ એક વખત ફરીથી કિંગ ખાનને ડોન તરીકે જોવા માટે ઉત્સુક છે. હવે આ ફિલ્મ માટે નવી અપડેટ સામે આવી છે. પહેલા એવું કહેવામાં આવતું હતું કે, રણવીર સિંહ પણ ફિલ્મમાં જોવા મળશે. હવે ફિલ્મના પ્લોટ માટે નવી ડિટેઈલ સામે આવી છે.

મળતી માહિતી મુજબ ફરહાન ફિલ્મમાં કંઈક જુદૂ કરવાના છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને રણવીર સિંહ કેમિયો કરશે. રણવીર ફિલ્મમાં ડોનનું કેરેક્ટર પ્લે કરશે. એવું કહેવાઈ રહ્યું છે કે, આ ફિલ્મમાં શાહરૂખ પોતાના ડોનના કેરેક્ટરને રણવીરને આગળ ફોરવર્ડ કરી દેશે જેથી ફિલ્મના આગળના ભાગમાં રણવીર ડોનના કેરેક્ટરને પ્લે કરશે.

‘ડોન-3’ મોસ્ટ એવેટેડ ફિલ્મોમાંથી એક છે. જો આ ભાગમાં શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને રણવીર સિંહ સાથે આવશે તો ફિલ્મને જોરદાર રિસ્પોન્સ મળશે. જો કે ફરહાન પ્લોટ આવો કંઈક ફ્લોટમાં રાખશે કે કેમ તેની હજું પુષ્ટિ થઈ નથી. જો કે આ પ્રકારના સમાચારો વહેતા થયા બાદ ચાહકો ‘ડોન-3’ની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે.

## સલમાનના બિગ બોસમાં ભાગ લેવા રાજ કુન્દ્રાએ 30 કરોડની માગણી કરી





સલમાન ખાનના રિયાલિટી શો બિગ બોસમાં ભાગ લેવા માટે રાજ કુન્દ્રાએ ૩૦ કરોડની અધધ ફી માગી હોવાના અહેવાલો છે. જોકે, સર્જકોએ રાજને તેની ફી ઘટાડવા જણાવ્યું છે. રાજના દાવા અનુસાર પોતે આ મહેનતાણાંનો ઉપયોગ અંગત હેતુ માટે નહીં કરે પરંતુ એક એનજીઓને દાનમાં આપી દેશે. તેણે બિગ બોસના સર્જકો સાથે શરત મુકી છે કે પોતાને એક-બે એપિસોડ નહીં પણ લાંબા સમય માટે રહેવા દેવામાં આવે. રાજ વાસ્તવમાં આ શો થકી પોતાની ઈમેજ સુધારવા મથે છે. તાજેતરમાં જ રાજે પોર્ન કેસમાં તેની જામીન પર મુક્તિને એક વર્ષ પૂર્ણ કર્યાં તે નિમિત્તે જે લોકો પૂરું સત્ય જાણતા નથી તે ચુપ રહે એવો મેસેજ સોશિયલ મીડિયા પર મુક્યો હતો.

ઉલ્લેખનીય છે કે રાજની પત્ની શિલ્પા શેટ્ટી બિગ બોસ જેના પરથી પ્રેરિત છે એ બ્રિટનનો સેલિબ્રિટી બિગ બ્રધર શો જીતી ચુકી છે. ગયાં વર્ષે મુંબઈના મઢ આઈલેન્ડમાં પોર્ન રેકેટ ઝડપાયું હતું.

એપ દ્વારા પોર્ન વીડિયો પ્રસારિત કરવાના આ રેકેટમાં રાજ કુન્દ્રાની ધરપકડ થઈ હતી. તેની માલિકીના એપ દ્વારા પોર્ન વીડિયો પ્રસારિત કરાતા હતા અને રાજ પોર્ન વીડિયોના નિર્માણમાં પણ સંડોવાયેલો હતો તેવા આક્ષેપો તે સમયે થયા હતા.

## ખાડિયા-જમાલપુરના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ પંજાની સોગંદ ખાઇને કર્યો હુંકાર

# 20 વર્ષ કોર્પોરેટર-5 વર્ષ ધારાસભ્ય-પ્રજાના કામો, કોંગ્રેસ હારે જ નહીં..!

■ ભાજપને ફાયદો કરાવવા 'બી' ટીમ તરીકે આપ પાર્ટી મેદાનમાં આવી : ઈમરાનનો ઈશારો



ગુજરાત | વંદન / અજય શર્મા

ગુજરાત વિધાનસભાની 182 બેઠકોમાંથી અમદાવાદ શહેરના કોટ વિસ્તારની ખાડિયા બેઠક ભાજપના નામે લખાયેલી હતી. સૌથી વધારે પ્રતિનિધિત્વ અશોક ભટ્ટે કર્યું. નવા સિમાંકનમાં ખાડિયાની બેઠક સાથે જમાલપુરની બેઠક વિલિન કરીને ખાડિયા-જમાલપુર નામની એક બેઠકની રચના થતાં ભાજપે 2017માં આ બેઠક ગુમાવી અને હાલ કોંગ્રેસના મુસ્લિમ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તેનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે.

ગુજરાતમાં ચૂંટણીઓ ક્યારે યોજવી તેની સમીક્ષા દિલ્હીથી આવેલી કેન્દ્રિય ટીમ દ્વારા થઇ ગઇ છે. અને હજુ સમીક્ષાઓ કરીને દિવાળી બાદ ચૂંટણીઓ જાહેર થઇ શકે. ચૂંટણીઓ બાદ ભાજપ ખાડિયા-જમાલપુર બેઠક કબ્જે કરે તેવા સમીકરણો રચાઇ રહ્યાં છે. ગુજરાત વંદન દ્વારા ચૂંટણીઓ-2022ની સિરિઝમાં આ વખતે ખાડિયા-જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ખેડાવાલાની ખાસ મુલાકાત લેવામાં આવી છે.અને તેમના મતવિસ્તારમાં છેલ્લા પાંચમાં કરેલા વિકાસ કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાત વંદન અખબારના સંવાદદાતા સાથે વાત કરતાં ખેડાવાલા કહે છે- તેઓ 20 વર્ષ આ વિસ્તારમાં કોર્પોરેટર તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે, અને હવે તેઓ છેલ્લા પાંચ વર્ષથી ધારાસભ્ય તરીકે પ્રજાની સેવા કરી રહ્યા છે. અહીંના દરેક વર્ગના લોકો તેમને વ્યક્તિગત નામથી ઓળખે છે. તેઓ તેમના વિસ્તારના લોકોને પડતી સમસ્યાઓથી સંપૂર્ણપણે વાકેફ છે અને છેલ્લા પાંચ વર્ષમાં તેમણે આ જ સમસ્યાઓનો નિરાકરણ લાવવાના ભરપૂર પ્રયાસો કર્યો છે.

ધારાસભ્યએ કહ્યું કે, તેમના વિસ્તારમાં કોઈ અંગ્રેજી મીડિયમ સ્કૂલ ન હતી, ન તો કોઈ બગીચો હતો કે ન કોઈ આરોગ્ય કેન્દ્ર, તેથી તેમણે સૌપ્રથમ તો અંગ્રેજી માધ્યમની શાળા બનાવી, રાયખડમાં 4 કરોડના ખર્ચે આરોગ્ય કેન્દ્ર ખોલવામાં આવ્યું છે. એટલું જ નહીં, મ્યુનિ. કમિશનર, કોર્પોરેટર સાથે બેઠક કરી વિક્ટોરિયા ગાર્ડન્સનું નવીનીકરણ કરાવાયું. વિક્ટોરિયા ગાર્ડન માટે વીજ કંપની સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને તેના વિકાસ માટે કુલ રૂ. 10 કરોડની ફાળવણી કરવામાં આવી હતી.

ખેડાવાલાએ જણાવ્યું કે તેમના મતવિસ્તારમાં બહેરામપુરા, જમાલપુર અને ખાડિયા નામના ત્રણ વોર્ડ છે. આ ત્રણેય વોર્ડમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી છે, જેવી કે, રોડ-રસ્તાઓ,

...અનુસંધાન પેજ નં. 6 પર

### ભાજપાવાલોં ને મેરા ઇમાન ખરીદને કી કોશિશ કી લેકિન મૈં નહીં બિકા: ઇમરાન



ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ ભાજપ પર આરોપ લગાવતા કહ્યું કે, તેમને રાજ્યસભાની ચૂંટણી વખતે ભાજપના ઉમેદવારને વોટ આપવા માટે ભાજપ દ્વારા તેમને કરોડોની ઓફર આપવામાં આવી હતી. ભાજપ તેમને પોતાની પાર્ટીમાં સામેલ કરવા માંગતી હતી. પરંતુ તેઓ તેમનો ઈમાન અને વિશ્વાસ વેચી શકતા નથી. કોંગ્રેસમાંથી જીતીને ભાજપમાં જોડાયેલા તમામ ધારાસભ્યોએ જનતા સાથે દગો કર્યો છે. લોકોએ પણ આ દેશદ્રોહીઓને હાંકી કાઢવાનું મન બનાવી લીધું છે. ભાજપ પાસે પોતાનો કોઈ નેતા નથી.

### કોરોનામાં ગરીબોને રાશનની કીટ વહેંચી, હોસ્પિટલોની સુવિધા માટે કરોડો રૂપિયા આપ્યા

ઈમરાન ખેડાવાલાએ કહ્યું કે આખું વિશ્વ કોરોના સામે ઝઝૂમી રહ્યું હતું અને જ્યારે ભારતમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું ત્યારે સૌથી મોટી સમસ્યા દૈનિક વેતન મેળવનારાઓની હતી. તેમણે તેમના વિસ્તારમાં દરેક શેરી-મોહલ્લામાં ગરીબોને રાશન કીટનું વિતરણ કર્યું, યુપી-બિહારના કારીગરોને જમાલપુર, જુહાપુરામાં તેમના ગામો સુધી પહોંચાડવા માટે મફત બસોની વ્યવસ્થા કરી. આ દરમિયાન ખેડાવાલા પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. પરંતુ હોસ્પિટલમાં દાખલ થયા પછી પણ, તેઓ તેમની ટીમ સાથે સતત ટેલિફોનિક દ્વારા માર્ગદર્શન હેઠળ જનતાના પડખે અડીખમ હતા કોરોનામાં લોકોની સારવાર માટે છીપા હોસ્પિટલ, રાજ હોસ્પિટલ અને છીપા જમાતને લાખો રૂપિયા ફાળવ્યા હતા. રાજ હોસ્પિટલના ICU માટે સાત લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા.

## કોંગ્રેસના ધારાસભ્ય દોગલી, દંભી રાજનીતિ કરી રહ્યા છે: ભૂષણ ભટ્ટનો વળતો દાવો



જમાલપુર-ખાડિયા બેઠક ભાજપની પરંપરાગત બેઠક હતી, પરંતુ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન ખેડાવાલાએ આ બેઠક પર ભાજપના ભૂષણ ભટ્ટને હરાવીને સૌને ચોંકાવી દીધા હતા. પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે આક્ષેપ કર્યો હતો કે માત્ર વાતો કરવાથી વિકાસ થતો નથી, છેલ્લા પાંચ વર્ષના ધારાસભ્ય ખેડાવાલાના કાર્યકાળમાં વિસ્તારનો વિકાસ અટકી ગયો છે. જમાલપુર-ખાડિયામાં રાજ્ય સરકાર અને કોર્પોરેશનના વિકાસના કામો થયા છે. કોંગ્રેસના ધારાસભ્ય વિકાસના કામ પ્રત્યે સહેજ પણ કર્તવ્યનિષ્ઠ રહ્યા નથી. ભાજપે વિસ્તારના તમામ સમાજના લોકો માટે કામ કર્યું છે. ભાજપ મતની રાજનીતિ નથી કરતું, તે મનની રાજનીતિ કરે છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### જમાલપુરમાં કોંગ્રેસના ચાર અને બહેરામપુરમાં ત્રણ ઉમેદવારો હાર્યા..

ભૂષણ ભટ્ટે આક્ષેપ કર્યો હતો કે કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસને જમાલપુરની તેની પરંપરાગત બેઠક પર હારનો સામનો કરવો પડ્યો હતો. અહીં ઓવૈસીની પાર્ટીની આખી પેનલનો વિજય થયો છે. બહેરામપુરામાં પણ ઓવૈસીની પાર્ટીના ત્રણ કોર્પોરેટર જીત્યા છે. જ્યારે કોંગ્રેસના કોર્પોરેટર માત્ર 500 મતથી જીત્યા છે. આ દર્શાવે છે કે અહીંના લોકોમાં કોંગ્રેસ સામે કેટલો ગુસ્સો છે. આ વખતે અહીં કોંગ્રેસની હાર નિશ્ચિત છે.

ભૂષણ ભટ્ટે કોટ વિસ્તારમાં વધતી ટ્રાફિક સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, અહીં બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર રીતે કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવવામાં આવ્યા હોવાને કારણે ટ્રાફિકની ઘણી સમસ્યા વધી ગઇ છે. પાર્કિંગની અસુવિધાને કારણે લોકો આડેધડ વાહન પાર્ક કરે છે, જેનાથી ટ્રાફિકજામ જેવી વિકટ પરિસ્થિતિ સર્જાય છે. આ સમસ્યાને નિવારવા સરકારને નવી નીતિ બનાવી જોઇએ. આ સિવાય કોટ વિસ્તારમાં હેરિટેજ સિવાય અનેક ઘરો જર્જરિત હાલતમાં છે, છતાં તેના રિનોવેશન માટેની કોઇ મંજુરી આપવામાં આવતી નથી.

### એક સમુદાયને જ આધાર માને છે, ખેડાવાલાની હાર નક્કી જ છે - સ્થાનિક

જમાલપુરમાં રહેતા બાબુભાઇ અજમેરી (સાયકલવાળા) જણાવ્યું હતું કે, જમાલપુર-ખાડિયા વિસ્તારમાં કોઇપણ પ્રકારનો વિકાસ થયો નથી. રસ્તાઓ બિસ્માર હાલતમાં છે. ચૂંટણી ટાણે બધા આવે છે, આમ કોઇ જોવા પણ આવતા નથી. અન્ય એક નાગરિક સબીરભાઇ હુસૈનભાઇ વોરાએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની કામગીરી સારી છે, પરંતુ સત્તાધીશ પાર્ટી, કોર્પોરેશનમાં ભાજપાનું શાસન હોવાથી કોંગ્રેસનું કામ કોઇ કરતું નથી. લક્ષ્મણ નાથાજી અસસાએ જણાવ્યું હતું કે, ખેડાવાલા જ્યારથી ધારાસભ્ય બન્યા ત્યારથી ખાડિયા વિસ્તારમાં તેઓ ફરક્યા નથી, તેઓ એક સમુદાય માટે કામ કરતા હોય તેમ લાગી રહ્યું છે. અહીંયા પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે.

---

**PM મોદી દ્વારા મેટ્રોનું લોકાર્પણ:** કાર્યક્રમ બાદ બે દિવસમાં નાગરિકો માટે મેટ્રો શરૂ થઈ જશે

# અમદાવાદ મેટ્રોના પ્રથમ તબક્કાના પ્રોજેક્ટનો ખર્ચ 12 હજાર કરોડથી વધુ



■ થલતેજથી વસ્ત્રાલ વચ્ચે 6.6 કિમી અન્ડરગ્રાઉન્ડ સેક્શન અને 4 અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન

ગુજરાત | વંદન

અમદાવાદના નાગરિકો જેની આતૂરતાથી રાહ જોઈ રહ્યા હતા તે મેટ્રો રેલવે હવે વાસ્તવિકતા બનવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે 30 સપ્ટેમ્બરના અમદાવાદ મેટ્રોના પ્રથમ તબક્કાના પ્રોજેક્ટ અંતર્ગત, થલતેજથી વસ્ત્રાલના રૂટ પર મેટ્રો રેલવેનો પ્રારંભ કરાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની દેખરેખ હેઠળ, મેટ્રોની કામગીરીને આખરી ઓપ આપવામાં આવ્યો છે અને હવે તે લોકોની સેવા માટે તૈયાર છે. 40 કિલોમીટર લાંબા પ્રથમ તબક્કામાં પૂર્વ અને પશ્ચિમ તેમજ ઉત્તર અને દક્ષિણ, એમ બે કોરિડોર પર મેટ્રો ટ્રેન દોડશે. 21 કિલોમીટરનો થલતેજ ગામથી એપરલ પાર્ક સુધીનો રૂટ પૂર્વ અને પશ્ચિમ કોરિડોરમાં છે જેમાં 17 સ્ટેશન છે. જ્યારે ઉત્તર અને દક્ષિણ કોરિડોર 19 કિલોમીટરનો રહેશે, જે વાસણા APMCથી લઈને મોટેરા ગામ સુધીનો છે, જેમાં 15 સ્ટેશન આવે છે. પૂર્વ-પશ્ચિમ કોરિડોરમાં 6.6 કિલોમીટરનું


...અનુસંધાન પેજ નં. 6 પર

### રૂ.5થી 25 સુધીની ટિકીટ, દિવ્યાંગો માટે ખાસ સુવિધા

બન્ને કોરિડોરમાં ટિકિનો દર અલગ અલગ સ્ટેશન માટે રૂ. 5થી 25ની વચ્ચે રહેશે. સ્ટેશન પર નાગરિકો માટે વિવિધ સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. જેમાં દિવ્યાંગો માટે ખાસ રેમ્પ અને વ્હિલચેરની સુવિધા પણ રહેશે. તે સિવાય નેશનલ બિલ્ડિંગ કોડની માર્ગદર્શિકા અનુસાર ટેક્ટાઈલ (સ્પર્શેન્દ્રિય) રસ્તો, ઓછી ઉંચાઈ વાળા ટિકિટ કાઉન્ટર, લિફ્ટમાં બ્રેલ કોલ બટન અને હેન્ડરેલ તેમજ રેસ્ટરૂમની સુવિધા આપવામાં આવી છે. મહિલાઓ માટે ખાસ વોશરૂમ, વિશેષ ક્રૂની સુવિધા આપવામાં આવી છે. બધા સ્ટેશન સીસીટીવી કેમેરાની દેખરેખમાં રહેશે તેમજ એસઆરપીએફ અને ખાનગી સુરક્ષા સ્ટાફ તહેનાત રહેશે.

### પૂર્વ અને પશ્ચિમ કોરિડોરના સ્ટેશન

થલતેજ, દૂરદર્શન કેન્દ્ર, ગુરૂકુલ રોડ, ગુજરાત યુનિવર્સિટી, કોમર્સ છ રસ્તા, એસ પીસ્ટેડિયમ, જૂની હાઈકોર્ટ, શાહપુર, ઘીકાંટા, કાલુપુર રેલવે સ્ટેશન, કાંકરિયા પૂર્વ, એપરેલ પાર્ક, અમરાઈવાડી, રબારી કોલોની, વસ્ત્રાલ, નિરાંત ક્રોસ રોડ અને વસ્ત્રાલ ગામ.



### બીજા તબક્કામાં મેટ્રો ગાંધીનગર પહોંચશે

રાજ્યના પાટનગર ગાંધીનગરને મેટ્રોના બીજા તબક્કામાં અમદાવાદ સાથે જોડવામાં આવશે. તે અમદાવાદ મેટ્રોના પ્રથમ તબક્કાનું વિસ્તરણ હશે. આ તબક્કામાં બે કોરિડોર છે જેમાં 22.8 કિલોમીટરનો મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિરનો રૂટ છે જેમાં 20 સ્ટેશન છે. જ્યારે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU)થી ગિફ્ટ સિટીનો 5.4 કિલોમીટરનો રૂટ રહેશે જેમાં 2 સ્ટેશન છે. કુલ 28.26 કિલોમીટરના આ સમગ્ર રૂટ એલિવેટેડ રહેશે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

### કન્યા પધરાવો... સાવધાન...ની જેમ ગુજરાતના મતદારો સાવધાન... 800 મૂરતિયાઓ આવી રહ્યાં છે, બરાબર ચકાસજો..!




સુનો... સુનો.. સુનો.. આવી રહી છે....આવી રહી છે.. ગુજરાતની ચૂંટણીઓ આવી રહી છે.લગ્ન મંડપમાં ગોર મહારાજ પોતાની આગવી શૈલીમાં ટહુકો કરે કે કન્યા પધરાવો ...સાવધાન...એમ ગુજરાતના મતદારો સાવધાન...800 મૂરતિયાઓ આવી રહ્યાં છે...જોઇ તપાસીને પસંદ કરજો કેમ કે એકવાર પસંદ થઇ ગયા પછી પાંચ વર્ષે બદલાશે એટલે તમારી પાસે આવે તો જે કહેવાનું હોય તે બધી જ હૈયાની વરાળ..પેટ્રોલ-ડિઝલનો ધૂમાડો...શાકભાજીના ભાવ..રોજગારી લાવ.. એમ બધુ જ કહીને પછી છેવટે ચલો મતદાન મથકે અને જે ઉમેદવાર ગમે જે પાર્ટી ગમે.. જે તમને નમે...એના ઉપર દબાવો બટન...બી...પ. અને કોઇ ના ગમે તો છેવટે નોટાનું બટન દબાવો, બી...પ...



2017માં ડિસેમ્બર ઉતરાર્ધમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ યોજાઇ પણ આ વખતે રાજકીય પક્ષને ઉતાવળ હોય તેમ 30 નવેમ્બર-2022 સુધીમાં ચૂંટણીઓ પૂરી કરીને પરિણામ જાહેર થઇ જાય અને ડિસેમ્બરના પહેલા સપ્તાહમાં નવી સરકારના નવા સીએમની શપથવિધિ પણ આટોપાઇ જાય એ રીતે કાર્યક્રમ ઘડઇ રહ્યો છે...

ભલે ઘડાતો...ગુજરાતને તો ચૂટણીઓ યોજાવાથી કામ છે અને આ વખતે કોની સરકાર બનશે એ તો 4 કરોડ કરતાં વધુ મતદારો નક્કી કરશે. હાલમાં તો કેજરીવાલ ગુજરાતમાંથી એક પછી એક સમાજના લોકોને તેમની સાથે ભોજન આરોગવા માટે દિલ્હી બોલાવે છે એટલે જોઇએ કેટલાને વિમાનમાં બેસવાનો લ્હાવો મળે છે..!

### એક અનાર સો બિમાર કી તરહ મથુરા એક પ્રત્યાશી તીન....! તેરા ક્યા હોગા બસંતી ?



બોલીવુડની ડ્રીમ ગર્લ હેમામાલિની કાનાની નગરી મથુરાનું પ્રતિનિધિત્વ કરી રહી છે. આ વખતે મથુરા માટે પંગા ગર્લ કંગના રનૌતનું નામ હવા સે બાતે કર રહા હૈ...! કોઇએ દોડતા દોડતા જઇને હેમામે કહ્યું-હેમાજી..હેમાજી... કંગના મથુરા સે...!

બસંતી હેમામાલિનીએ અનોખા અંદાજમાં કહ્યું- યુંકી હમે ઇસસે ક્યા લેના...કંગના આયે યા રાખી સાવંત..યુંકી તય તો પાર્ટી કો કરના હૈ.. મૈ તો કાર્યકર્તા હું..જો પાર્ટી કહેંગે વો મૈં કરૂગી..

કંગના તો બોલી નથી પણ રાખી સાવંતે તો ફટાફટ વિડિયો વાઇરલ કર્યો- યદિ મોદીજી ચાય બેચતે બેચતે પીએમ બન શકતે હે તો મૈં તો બોલીવુડ મેં કામ કર રહી હું તો મેં બોલીવુડ મેં કામ કરતે કરતે સીએમ બન શકતી હું...!

યું કી યે તો વો હી બાત હો ગઇ-એક અનાર સો બિમાર કી તરહ મથુરા એક પ્રત્યાશી તીન....! તેરા ક્યા હોગા બસંતી ? પ્ર.ધ.

## વ્યંગ : ચૂંટણીમાં એક દિવસ સ્વર્ગ બાકીના દિવસ નર્ક...!

■ એક નેતાનું અવસાન થયું. ચિત્રગુપ્તે ચોપડામાં જોઈ એને કહ્યું, તારે એક દિવસ માટે તો નરકમાં જવું જ પડશે, પછી તું જયાં કહીશ ત્યાં મોકલીશું.

■ **નેતા તો બિચારા ગભરાતા ગભરાતા ગયા, પણ આશ્ચર્ય !**

■ નરક તો ફાઈવ સ્ટાર હોટલને ય આંટે એવું હતું , બધી સગવડ, એક યમદૂત બધાની સેવા કરતો હતો. નેતાએ તો આખો દિવસ મોજથી પસાર કર્યો.

■ **બીજે દિવસે ચિત્રગુપ્ત પાસે ફરી હાજર કરાયા. "બોલ, હવે, કયાં જવું છે, નરકમાં કે સ્વર્ગમાં ?"**

■ " નરક તો મસ્ત છે!" " હા, સ્વર્ગમાં તમારે ભક્તિ જ કર્યા કરવાની ને ભગવાન સાથે રહેવાનું"

■ **નેતા ઉવાચ," મને તો નરક જ ફાવશે." ચિત્રગુપ્તે એ પ્રમાણે કાગળિયા કરી ભાઈને ફરી નરકમાં મોકલી આપ્યા.**

■ નેતા એ આંખ ખોલી તો સલફ્યુરિક ઍસિડના વાતાવરણમાં લોકોની ચીસાચીસને ભયંકર વાસ વચ્ચે પોતે હતા.

■ ગઈકાલ વાળો જ યમદૂત એમને મૂકી ચાલતો થતો હતો. નેતા ચિત્કારી ઊઠ્યા, "અરે આ નરક છે? ગઈકાલે તો અહીં કેટલું સરસ હતું બધું, કયાં ગયું?"

■ **"ગઈકાલ તો અમારો પ્રચારનો દિવસ હતો, તે હવે આજે વૉટ આપી દીધો! આજે હવે વૉટ આપ્યા પછીનું કાયમનું વાતાવરણ છે."**

■ રાજકારણ અને નેતાજીને સમર્પિત..!!!!


## મેટ્રો રેલ સેવા સંબંધિત ભાવિ અખબારી મથાળાં...!

ગુજરાત | વંદન

આમ તો અમદાવાદમાં મેટ્રો ટ્રેનનો એક તબક્કો વસ્ત્રાલથી ચાલી રહ્યો છે પરંતુ તેના કોઈ સમાચાર અખબારોમાં સ્થાન મેળવતા નથી 30 સપ્ટેમ્બરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વસ્ત્રાલથી થલતેજ સુધી અને મોટેરા લાઈન પણ ધમધમશે. વસ્ત્રાલમાં મેટ્રોને ટ્રાફિક ઓછો મળે છે પરંતુ થલતેજ સુધીના રૂટ પર દિલ્હીની મેટ્રો જેવો ટ્રાફિક મળવાની શક્યતા વચ્ચે મેટ્રો રેલ સંબંધિત અખબારોમાં સંભવિત મથાળા કંઈક આવા હશે....

- મેટ્રો મોડી પડતા મુસાફરો પરેશાન
- **મેટ્રોમાં ભારે ધસારો, મહિલાઓ પરેશાન**
- મેટ્રોમાં મુસાફરોના મોબાઈલ ચોરાયા
- **મેટ્રોમાં મહિલાઓના બેગની ઉઠાંતરી પાકીટમારોને ઘી-કેળા**
- મેટ્રોમાં પ્રેમી-પંખીડા ઉત્તેજક સ્થિતિમાં ઝડપાયા
- **મેટ્રો રેલ અધ વચ્ચે જ ઉભી રહી ગઈ, ટેકનિકલ ખામી**
- હવે મેટ્રો દ્વારા દારૂની હેરાફેરી
- **પાન મસાલા ગુટખા ખાનારાઓ મેટ્રોથી પરેશાન**
- મેટ્રોના કારણે રેલ્વે સ્ટેશન આસપાસ પાર્કિંગની સમસ્યા
- **મેટ્રોની નકલી ટિકિટ ઝડપાઈ**
- મેટ્રોમાં મુસાફરની તબિયત બગડી
- **મેટ્રોમાં પ્રસુતાએ બાળકને જન્મ આપ્યો**
- મેટ્રોમાં વયોવૃદ્ધને આવ્યો હાર્ટએટેક
- **મેટ્રોમાં દારૂ પીને યુવકોની ધમાલ**
- મેટ્રોના દરવાજા બરાબર બંધ થતા નથી મુસાફરો પરેશાન
- **મેટ્રોના સ્ટેશન બન્યા અસમાજિક તત્વોના અડ્ડા**
- એક જ લાઈન પર બે મેટ્રો ટ્રેન સામસામે આવી ગઈ
- **આંતરરાષ્ટ્રીય મહિલાદિને મહિલાઓ ડ્રાઈવરો ચલાવશે મેટ્રો**
- રાજકીય પક્ષો દ્વારા મેટ્રો રોકો આંદોલન
- **મેટ્રોના કોચની અંદર રાજકીય પક્ષોના બેનરો**

### એક વર્ષ બાદ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો ખુલાસો



## '....અને મેં કોઈપણ કારણ પૂછ્યા વગર આપ્યું હતું રાજીનામું'

ગુજરાત | વંદન

ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડ્યાંના એક વર્ષ પછી વિજય રૂપાણીએ બહુ મોટો ખુલાસો કર્યો છે. રૂપાણીએ કહ્યુ હતુ કે, એક રાત પહેલાં ભાજપના હાઈકમાન્ડ તરફથી રાજીનામું આપવા કહ્યુ હતુ. રૂપાણીએ 11 સપ્ટેમ્બર 2021ના દિવસે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે જણાવ્યુ હતુ કે, બીજેથી હાઈકમાન્ડે રાજીનામું આપવા કહ્યુ અને તરત બીજા દિવસે તેમણે પદ છોડી દીધું હતું. તેમણે આગળ જણાવ્યુ હતુ કે, તેમણે હાઈકમાન્ડને કારણ પૂછ્યું નહોતું અને તેમને પણ સામેથી કોઈ કારણ કહેવામાં આવ્યું નહોતું. તેમણે આગળ કહ્યુ હતુ કે, મને વિશ્વાસ છે કે જો મેં કારણ પૂછ્યું હોત તો મને કારણ જણાવવામાં પણ આવ્યું હોત. પરંતુ હંમેશા હું

...અનુસંધાન પેજ નં. 6 પર